કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકો
માટેનું આજનું માસિક

વર્ષ પંચાવનમું
અંક ત્રીજો

માર્ચ
૧૯૭૮

સળંગ ૬૫૧મો અંક

તંત્રી
બચુભાઈ
રાવત



રાયકા: કનૈયાલાલ યાદવ



હુસેન બેગરા: આ અંકની કલાવાર્તામાં જેની નોંધ આપી છે એ પુસ્તક 'કલાવાર્તા'માં ઈરાની ચિત્રશૈલીના ઉદાહરણ રૂપે પ્રકટ થએલું આ ચિત્ર છે. બહુધા બે જ પરિમાણવાળી ઊંડાણ વિનાની સપાટ ચિત્રરચના, સ્પષ્ટ રેખાંકન, તેજ-છાયાના પલટા વગરના શુદ્ધ તેજસ્વી રંગો, ભાતીગળ પોશાક, શોભનપ્રચુરતા અને કંઈક જડ એવું પાત્રાલેખન, એ ઈરાની ચિત્રશૈલીની લાક્ષણિકતાઓ રહી છે. મુખ્યત્વે શિકાર, યુદ્ધ અને પ્રચલિત પ્રેમકથાઓ, આનંદપ્રમોદ તથા થોડા પ્રમાણમાં રોજદા જીવનનું આલેખન એ એના મુખ્ય ચિત્રવિષયો છે. વિવિધ વિદેશી શાસનકાળમાં બહારની કળાની પણ કેટલીક અસર એની ચિત્રશૈલીમાં ભળી છે ખરી, પણ એ છતાં એનું આગવું પોત જળવાઈ રહ્યું છે. એક હાથમાં પક્ષી (બાજ ?) પકડી ઊભેલા હુસેન બેગરાના આ ચિત્રમાં પશ્ચાદ્ભૂમાં કરેલું દશ્યાલેખન અને તેમાં દર્શાવેલા ખડકોની વળાંકદાર રેખાઓ, પોશાકની બુટ્ટાદાર ભાત તથા પાઘડીના ઢીલા વળ, ઊભા ફૂલછોડ અને એક બાજુએથી ચિત્રપટમાં ઉમેરાએલું વળાંકદાર વૃક્ષથડ એ કદાચ એવા બહારી પ્રભાવની જ અસર છે. પણ એ છતાં યે ઈરાની ચિત્રકારે પોતાની અન્ય આગવી લાક્ષણિકતાઓ તો જાળવી જ છે.

(બ્લૉક : એ. આર. શેઠની કંપની અમદાવાદના સૌજન્યથી

કુમાર

માર્ચ ૧૯૭૮ · અંક ૬૫૧

તંત્રી: બચુભાઈ રાવત ~ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.


કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૦ યા પાઉન્ડ ૩ યા ડૉ. ૬-૦૦; છૂટક નકલ: રૂ. ૨-૫૦

વાચકો લખે છે...

કાકીડો - સરડો

'કુમાર' ૬૪૯, ૩૨. અમર કોશ (सरट : कृकलास : स्यात् पृ. १२) અને એને પગલે ચાલીને હેમકોષ (कृकलासस्तु सरट : ४.-१२९९) કાચડો એ જ સરડો જણાવે છે. વસ્તુતયા આ બે અભિધાનો બે ભિન્ન જાતિનાં પ્રાણીઓનાં ઉદ્બોધક છે. વ્યવહારમાં પણ આપણે ત્યાં, સવિશેષ ઉત્તર ગુજરાતમાં, આ જાતનાં પ્રાણીઓથી પરિચિત પ્રાકૃતજનોને કાચંડાની અને સરડાની વચ્ચે કદી ભ્રમ થતો નથી. એ બંનેને નોખી જાતનાં પ્રાણીઓ જ ગણાવે છે. વૈજ્ઞાનિક વર્ગીકરણ પણ આની સાક્ષી પૂરે છે. એ આ રીતે :

મેરુદણ્ડમણ્ડિત પ્રાણીઓ (Vertebrata)ના સમુદાયના સરીસૃપ વંશ (Reptilia)-ના ચાર વર્ગોમાંનો એક શલ્કાવૃત્ત (Squamata)—વાળના સ્થાને ભીંગડાં (શલ્ક)થી છવાએલી ત્વચાવાળા વર્ગનાં પ્રાણીઓનો છે જે, અંગોની વિશિષ્ટ રચનાના ભેદે, સપાદ(ગોધિકા Sauria) અને નિષ્પાદ (સર્પ Serpentes) એમ બે શાખામાં વિભક્ત છે. આમાંની ગોધિકા શાખાનાં પાંચ કુલો—ગરોળી, કાચંડો,




સરડો, બામણી, પાટલા ઘો— માંના કાચંડા કુલ (Agamidae) નાં ૧૯ ગોત્રોની ૮૨ જાતિઓમાંની એક જાતિ તે કાચંડો (Calotes versicolor) : બાગબગીચાઓનો વાસી (Garden Lizard) અને લાગ મળ્યે ઘરમાં પેસી જનારો તેમ જ વનવગડામાં વાડઝાંખરાંમાં ભમનારો, આ-

કાચંડો

પણ પરિચિત અને વ્યાપક પ્રાણી. સ્વભાવે વૃક્ષેશય, પણ આહારોપાદાન અર્થે ભોંય પર પણ ઊતરે. તેમ ભર ઉનાળે બળબળતી રેતમાં સૂર્યાભિમુખ બેસીને (प्रति-सूर्यशयानकः) આરામથી તડકામાં શરીર શેકતો પણ નજરે ચડે છે. (ग्रीष्मादित्य–कर-प्रतप्त–सिकता–मध्योपविष्टः... मरुस्थल-भुवि... गुञ्जज्जाहक–कण्टकाहतमरुद् धूतोत्पतद् धूलिभिराच्छिन्नाङ्गः : कृकलास-कोऽपि निभृतं मार्तण्डमुद्वीक्षते ।) એની એક વિચિત્ર ટેવ છે : ચીબરી પેઠે, વારંવાર માથું ઊંચુંનીચું કરવાની, (कृकं शिरो ग्रीवां कण्ठ च चालयति એથી कृकलासः કહેવાયો.)(આ ટેવના આધારે એક પ્રબળ લોકવાયકા પણ પ્રવર્તે છે.) એની દેહયષ્ટિ સુકલકડી. પીઠ મસ્તકથી આરંભી પૂછડીના મૂળ પર્યંત થૂવરના કાંટા જેવાં અણીદાર વાળ જેવાં ઊભાં વાંકાં ભીંગડાંથી છવાએલી. શરીરવર્ણ પ્રધાનતયા આછો બદામી કે ભૂખરો, પરંતુ સંવનનકાળે એના નરનો દેહ સુન્દર ચળકતા ઘેરા લાલરંગે અલંકૃત થાય. (એથી એનું નામ Blood–sucker सुदुष्प्रभः) દેહપ્રમાણ : નાકની દાંડીથી પૂછડી પર્યંત ૧૪૦ મિ.મિ. પૂછડી ૩૫૦ મિ.મિ.

એના કુલનું અન્ય એક સંબંધી તે સાંઢો (Uromastix). જરઠ કાંટાવાળી જાડી પૂછડી અને ભારે ચપટા દેહવાળું વગડાનું વસનારું, છતાં, એની ચરબીમાં વાજીકરણનો અદ્ભુત ગુણ હોવાની ભ્રાન્ત માન્યતાના લીધે હણાતું નિરુપદ્રવી પ્રાણી.

સરડાનું મોં
અને જીભ



સરડાના કુલ (Chemeleonidae)ના એકમાત્ર ગોત્રની એક જ જાતિ (Chameleon zeylanicus) તે સરડો सरटः (Chameleon–ભૂમિસિંહ—લાટિન–ગ્રીકના આધારે : ફ્રેન્ચ નહિ.) નિતાન્ત વૃક્ષેશય અને પર્ણાભ્યન્તરચારી. દેહનો વર્ણ લીલો કે શ્યામ, પરન્તુ ક્રોધ, ભય, હર્ષ આદિ લાગણીઓના પ્રભાવે, ત્વચા હેઠળ આવેલી રક્તવાહિની ગ્રન્થિઓના બળે સ્વેચ્છાએ ક્ષણે ક્ષણે શ્વેત, કાળો, રાખોડી–એમ રંગ બદલવાની અપૂર્વ શક્તિવાળો (कामरूपी) સરડો પ્રકૃતિનું અદ્ભુત સર્જન છે. એવી જ ચમત્કારી એની ચતુર્દિક્ દૃષ્ટિક્ષમ આંખો છે. આપણી તેમ જ અન્ય પ્રાણીઓની આંખ ઉપરનીચે તથા ડાબાજમણી ફેરવી શકાય છે. અને તે પણ બંને આંખો એક સાથે એક જ દિશામાં. જ્યારે સરડાની આંખો, જાણે gun–turret ઉપર ચડાવી હોય તેમ, ચોતરફ ફરતી તેમ પરસ્પર વિરુદ્ધ દિશામાં, એક આગળ તો બીજી પાછળ એમ, જોવાની સરળતાવાળી. જેવો એનો વર્ણવિન્યાસ છે એવી જ લોકોત્તર એની દેહલતા છે. કદમાં પ્રલમ્બપુચ્છ ઉંદર જેવો ભારે. દેહપ્રમાણ ૧૭૫ મિ.મિ. પૂછડી ૨૦૦ મિ.મિ. એથી ય લાંબી એની ચમત્કારી જીભ: મૂળમાં પાતળી, અગ્રભાગે ફૂલેલી, તુંબડાઘાટના પહોળા ટેરવાવાળી, અત્યંત મુલાયમ, લીસી; ૩૦૦ મિ.મિ.ની ! કાચંડાની સરખામણીમાં ઓછો વ્યાપક. અમદાવાદમાં મેં એને ચોમાસામાં વેલાથી છવાએલી થૂવરની વાડમાંથી મેળવ્યો છે.

जाहक = શેળો

(અમદાવાદ)—હરિનારાયણ આચાર્ય (વનેચર)

સૉનેટદ્વય, સગપણનાં ફૂલ, પિછવાઈ, હવેલીસંગીત

કાવ્યશાસ્ત્રના મર્મજ્ઞ હોવાનો મારો દાવો નથી. કદાચ રસજ્ઞ છું. દિવાળી અંકમાં સૉનેટદ્વય વાંચી ઝૂમી ઊઠયો. હૃદયે લાગેલા તીરની જેમ માથું ડોલાવી દેનારી બંને સૉનેટની અંતિમ કડીઓ માટે ભાઈ ભગવતીકુમાર શર્માને અંતરનાં અભિનંદન.

એ જ અંકમાં પ્રસિદ્ધ થએલી ભાઈ અશ્વિન દેસાઈની વાર્તા 'સગપણનાં ફૂલ' પણ એટલી જ મજાની હતી. તાજેતરમાં નાથદ્વારા, કાંકરોલી બે ત્રણ દિવસ રહ્યો. ખૂબ રસ પિછવાઈની ચિત્રશૈલી તથા હવેલી સંગીતનો માણ્યો. પિછવાઈ પર અગાઉ 'કુમાર'માં આવી ગયું હશે. હવેલી સંગીત પર કોઈ અધિકૃત જ્ઞાતાનો લેખ ન મેળવી શકાય ?

(બામણા) —ભાનુ અધ્વર્યુ

'મુંબાઈ'

'કુમાર'ના લગભગ બધા જ લેખોમાં મુંબઈ શહેરને માટે 'મુંબાઈ' શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. મુંબઈ શહેર સર્વત્ર 'મુંબઈ'ના નામે પ્રસિદ્ધ થયેલ છે, એને માટે 'મુંબાઈ' જેવા શબ્દનો ઉપયોગ અનુચિત લાગે છે. ભૂતકાળમાં કોઈ વાર 'મુંબાઈ' શબ્દનો ઉપયોગ થતો હશે, પણ વર્તમાન સમયમાં ગુજરાતી ભાષાનાં તમામ લખાણોમાં 'મુંબઈ' શબ્દ જ વપરાય છે, એક માત્ર 'કુમાર' જ આમાં અપવાદ રૂપ છે.

(મુંબાઈ) —જે. એન. છેડા

[* આ શબ્દની ચર્ચા અહીં અગાઉ થઈ ગઈ છે. 'કુમાર'માંના શબ્દોની જોડણી બને ત્યાં સુધી તેના મૂળ રૂપની નજીકમાં નજીકની રખાય છે. 'મુંબઈ' શબ્દ ત્યાંની મૂળ ગ્રામમાતા મુંબા–આઈ (મુંબાદેવી) ઉપરથી સૌ પ્રથમ 'મુંબાઈ' થયો, 'મુંબઈ' તે પછી. —તંત્રી]

બે દોષ

જુલાઈ અંકના ૨૧૦મા પાના ઉપરના લેખ 'માનવ થાઉં તો ઘણું'માં ભાઈ શ્રી બહાદુરશાહ પંડિતે લખ્યું છે કે 'ઉપનિષદમાં લખ્યું છે : 'જન્મનાજાયતે શૂદ્ર સંસ્કારાત્ દ્વિજ ઉચ્યતે.' આ વાક્યમાં બે દોષ છે : (૧) આ કથન 'મનુસ્મૃતિ'નું છે; (૨) એનો ખરો પાઠ આ પ્રમાણે છે : 'જન્મનાજાયતે શૂદ્ર, સંસ્કારાત્ દ્વિજ ઉચ્યતે.'

(અમદાવાદ) —પ્રેરણા દિવેટિયા

બાલપણથી ચાહક

હું 'કુમાર'નો છેક બાલપણથી ચાહક છું. મારું વય 'કુમાર'થી પાંચ માસ ઓછું છે. અને મેં 'કુમાર'ના બધા જ અંકો વાંચ્યા છે. એના લેખકો, કવિઓ, ચિત્રકારોનો મારા અંતરથી પૂજારી છું એમ કહું તો જરા યે અતિશયોક્તિ નથી, કેમ કે તેમણે મારું ઘડતર કર્યું છે. હાઈ-સ્કૂલમાં મારો સૌથી પ્રિય વિષય સંસ્કૃત હતો : આજે પણ છે.'

(અમદાવાદ-૧૩) —ભાનુશંકર પ્ર. દ્વિવેદી

લઘુકથાનો સંગ્રહ

એક નમ્ર સૂચન કરું છું. ૨૪ રૂ. ભરીને 'કુમાર' ન વાંચનાર વર્ગ ઘણો હશે. 'કુમાર'માં આવતી સામગ્રીને ઓછાવત્તા ગુણો આપી ન શકાય, છતાં 'લઘુકથા' તો ચિરંજીવી રહી જાય છે. તો બે વર્ષની (૨૪ અથવા ૧૨) લઘુકથાની નાનકડી કાચા પૂઠાની પુસ્તિકા પ્રસિદ્ધ થાય તો ૧-૧।। રૂ.માં કાયમી સંભારણું બની જાય.

(મુંબાઈ) —ધીરેન ગાલા

રુક્મિણી મંદિર

'કુમાર' જાન્યુઆરી '૭૮માં કમલેશ વિસાણીએ સિદ્ધપુરમાં આવેલા રુદ્રમાળ વિષે અને દ્વારકામાં આવેલા રુક્મિણી મંદિર વિષે જે નિર્દેશ કર્યો તે જિજ્ઞાસાપ્રેરક છે. આ બંને મંદિરોમાં જો કંઈ સામ્ય હોય તો તેની ચર્ચા થવી જોઇએ. આવી ચર્ચા ગુજરાતમાં પ્રવર્તેલી આવી કલાને સમજવાને તથા ઇતિહાસ માટે ઉપકારક બની રહેશે. રુદ્રમાળ વિષે 'ધર્મસંદેશ'નો વિશેષાંક બહાર પડચો તેવી જ રીતે ધ્રાંગધ્રા 'ઝાલાવાડ પત્રિકા'નો રુદ્રમાળ વિશેષાંક પ્રસિદ્ધ થએલો છે. શ્રી અમૃતલાલ યાજ્ઞિક જેવા સુપ્રસિદ્ધ વિદ્વાનથી માંડી શ્રી હરિપ્રસાદ સોમપુરા, શ્રી નરોત્તમ પલાણ, શ્રી પ્રફુલ્લ રાવળ, શ્રી પ્રેમવલ્લભ શર્મા, શ્રી ચુનીલાલ સોમપુરા વગેરેએ જે નોંધપાત્ર ચર્ચા અને વિચારો તેમાં આપ્યાં છે તેને અનુષંગીને દ્વારકાના રુક્મિણી મંદિરની ચર્ચા થવી ઘટે. લલિતકલાઓને અને તેને આધારે રહેલા ઇતિહાસને જીવતા રાખવા માટે આવી ચર્ચાઓ અનિવાર્ય લાગે છે.

(કેશોદ) —વિક્રમસિંહ જાડેજા

એ / સુન્દરમ્

·ઇન્દ્રવંશા·

એ આવશે
અંતરનો અવાજ થૈ,
કે તોપગોળો થઈને ધણેણતો.

એ લાવશે
કો મૃદુ સ્પર્શ રેશમી,
કે કંટકોની ઘનભીંસ કારમી.

એ આપશે
સ્વર્ગતણું સુખાસન,
કે વેદનાના નરકાગ્નિઓ બધા.

એ સર્વ એનાં
વરદાન મંગલ—
કૃતાર્થ થૈ, તૃપ્ત બની વધાવીએ.

હે ગામ—/મનોહર ત્રિવેદી

·ગાન·

હે ગામ, તને હું ચાહું છું
તેથી તરણાંઓ ચાવું છું.
કોઈક રજામાં ભટકી ને
હું ધૂળધોયો થૈ જાઉં છું.
ખુરસીનો ઠપકો ખાઉં છું
એકાદ દૂહો જો ગાઉં છું.
રે વહુજીથી છાનોછપનો,
ચૂંગી પી ને ખુશ થાઉં છું.
કે કોક હટાણું કરનારી
આંખોમાં તને નિહાળું છું.
તો કો' કણબણ્યને ભાળીને
હું મૉલ સમો લહેરાઉં છું.
આ બે ય હથેળી બંધ કરી
(ઘુઘ્ઘૂ) હોલો બોલાવું છું,
(ભા, ગામવટો હું પામ્યો છું
ને નગર-વને અથડાઉં છું.)

સગ/શિલ્પિન થાનકી

·મુક્તક·

ભટ્કયો યુગો સુધી હું ચમનની તલાશમાં,
ઉન્મુક્ત ગગન, તાજા પવનની તલાશમાં.
વસ્ત્રાલયોના પ્હેરેગીર! સાવધાન હો!—
નીકળી છે મારી લાશ કફનની તલાશમાં!

શ્વાસની સુરભીમાં/રાજેન્દ્ર શાહ

·ગાન·

એકબીજાની સુરભીનો શ્વાસ લેતાં,
કાળના વિપુલ ખોળલે આપણ સંગમાં સદાય રે'તાં.

નેણમહીં તેજ વિલસે ગોરું,
આપણને શું દૂર ને ઓરું?
વાદળ વા ફૂલદલનું ફોરું.
આભલિયો સૂનકાર ભરીને કરની તે તાલ દેતાં.

એકની અવર ઝીલતું વાણી,
એકની છાયા અવર જાણી,
બેઉમાં રહ્યાં એકને માણી.
ગાનમાં રેલી ઉર માયામય હરખની પીડ સ્હેતાં.

જીવતા હશું/દેવજી રા. મોઢા

·પૃથ્વી-સૉનેટ·

અમે અહીં નહિ હશું: મિટી ગઈ ધરાથી હશે
અમારી સ્થૂલ હસ્તી, આગતણી ઝાળમાંહીં જલી
થઈ ભસમ સિંધુના તળ વિષે પડયા કાં હશું,
સમીરણ મહીં જ કાં રજ રૂપે હશું ઊડતા
દસે ય દિશમાંહીં; સૂક્ષ્મ અમ હસ્તી સંઘે હશે
બધો સમય ગાજતી, બની ગયા હશું પૂર્વજો
અમે પછીની પેઢીના, અગર ઓળખાતા હશું
પ્રવર્તક થઈ અમે અમુક ગોત્રના, તારકો
અમે અમુક નામના નભ ઊગ્યા હશું; ચાંચમાં
ફળો વનપકાં લઈ ઊડી વિહંગમે વેરિયાં
સ્થળેસ્થળ બિયાં મહીંથી વધુ વૃક્ષ ઊગ્યે જતાં
અને ચરમ વૃક્ષમાં જીવતું વૃક્ષ પ્હેલું જ્યમ
અમે ય ત્યમ જીવતા હશું અનંત અસ્તિત્વની
સમર્પી દઈને અમારી છડી સંતતિને કરે!

એક નમેલી સાંજ/લાલજી કાનપરિયા

·ગાન·

એક નમેલી સાંજ હતી ને એક નમેલી ડાળ,
બે ય નમેલી પાંપણમાંથી ખરતી અશ્રુમાળ.

અમથું અમથું યાદ આવે છે કોઈનું ભીનું નામ,
નામનું એવું સાંભરવું કે બળવા લાગે ગામ;
ગામ-પછીતે હીબકાં લેતી તળાવડીની પાળ,
એક નમેલી સાંજ હતી ને એક નમેલી ડાળ.

આષાઢી વાદળની કોમે ગળતી ન્હોયે કોર,
કોર સૂરજની વાગતાં ઢળે થાયલ થઇને મોર;
તરતું આવે પીછું મોરનું પવનમાં લઈ ફાળ,
એક નમેલી સાંજ હતી ને એક નમેલી ડાળ.

◖ એ: 'એ' એટલે કોણ? આ સર્વનામને આપણા સંસ્કારના પરિવેશમાં પામવું દુષ્કર નથી. આ 'એ' એટલે પરમ તત્ત્વ. 'એ' જીવનમાં વિરોધી રૂપે આવી શકે છે—અંતરનો ધીમો અવાજ થઇને કે તોપનો ધણેણાટ, ફૂલ શો મૃદુ સ્પર્શ કે કંટક શી તીવ્ર ભીંસ, સ્વર્ગીય સુખ હો કે નારકીય યાતના; પણ વાતમાં વાત આટલી જ છે કે એ કોમળ કે કરાલ ગમે તે સ્વરૂપે આવે તોપણ એ મંગલમય જ છે, અને એના આ કોઈ પણ સ્વરૂપને વધાવી લેવામાં જ જીવનની કૃતાર્થતા રહેલી છે. આખું ય કાવ્ય આમ પરમ ઉપરની અસીમ શ્રદ્ધાનું ગુંજન બની રહે છે. ◖ હે ગામ: કાવ્યનાયક ગામડું છોડીને કયાંક નગરમાં વસે છે. એ નગરમાં રહ્યે રહ્યે એને ગામની સ્મૃતિ જાગે છે. આ સ્મૃતિમાં ગામનાં અનેક દૃશ્યો તરવરી રહે છે. નવીનવી કલ્પનાઓથી કવિએ એ જે દૃશ્યો સર્જ્યાં છે તે આનંદનાં હોય તોપણ તેના વાસ્તવિક અભાવને લઇને કવિચિત્તનો વિષાદ જ પ્રકટ કરી રહે છે. 'ગામવટો' જેવો પ્રયુક્ત શબ્દ જ કાવ્યની સમગ્ર વેદનાનો દ્યોતક બની રહે છે. ◖ શ્વાસની સુરભીમાં: કાળનો ખોળો તો વિપુલ છે. એ ખોળામાં બે પાત્રો અરસપરસના શ્વાસની સુરભીમાં એકત્વનો ને સદાની સંગતિનો અનુભવ કરી રહે છે. પછી એક પાત્ર, જેની જ આ કાવ્ય ઉક્તિ બની રહે છે તે, અવરને કહે છે કે જયાં નયનમાં ગોરું તેજ હોય ત્યાં બધું જ સમરસ બની જાય છે. અને આવું અલૌકિક સાયુજ્ય સધાય છે ત્યારે બે હાથની સહિયારી તાળી આખા આભનો સૂનકાર ભરી દે છે. અદ્વૈતાનુભૂતિના આનંદની આ ગીતિ ઈહ અને પર બન્ને સૃષ્ટિને અભિવ્યંજી રહે છે. ◖ જીવતા હશું: આ સૉનેટમાં, મનુષ્યની હસ્તીની નશ્વરતા પ્રકટ કરી, પાંચમી પંક્તિના ઉત્તરાર્ધથી એ હસ્તીની સૂક્ષ્મતાની વાતથી વિચારપલટો સાધી અંતે મનુષ્યના અસ્તિત્વની અમરતા સુધી વિચાર વિકસે છે. ◖ એક નમેલી સાંજ: મધુર માત્રાસાહિક લયમાં વહેતી આ ગીતરચના પ્રિયજનના સ્મરણની એટલી જ સચોટ કૃતિ બની રહે છે. —ધી. પ.

ક્રોધ

બહાદુરશાહ પંડિત

ગામની ભાગોળના મંદિરે એક સાધુ ધૂણી ધખાવીને બેઠા હતા. ત્યાં એક ખેડૂત હાથમાં ચલમ લઈને આવ્યો અને સાધુને પૂછ્યું : 'મહારાજ, આગ હૈ ?'

'નહિ, આગબાગ કુછ નહિ હૈ.' મહારાજે જરા મોટેથી કહ્યું. મહારાજના મિજાજથી ખેડૂતને જરા ગમ્મત સૂઝી. એણે ફરીથી પૂછ્યું : 'મહારાજ, કુછ દેવતા હૈ ?'

'એક દફે બોલ દિયા ને ? દેવતા બેવતા કુછ નહિ હૈ.' સાધુ વધારે તેજ થયો. ખેડૂતે ફરી પૂછ્યું : 'મહારાજ, થોડા અગ્નિ હૈ ?'

'અરે ભાગ યહાં સે, અગ્નિબગ્નિ કુછ નહિ હૈ.' કહેતાં સાધુ હાથમાં ચીપિયો લઈને ઊભો થઈ ગયો. એટલે ખેડૂત જતાં જતાં બોલ્યો : 'આટલો બધો અગ્નિ તો ભર્યો છે અને મહારાજ, તમે ના શું જોઈને પાડો છો ?'

ખેડૂતના સાધુ પરના આ કટાક્ષમાં જીવનનું કેવડું મોટું સત્ય છુપાએલું છે ! આપણા ચિત્તમાં રહેલી ક્રોધવૃત્તિ અગ્નિ છે. એ અન્ય ઉપર તો બહાર આવે ત્યારે અસર કરે છે, પણ એની પહેલી અસર તો આપણા પોતાના ઉપર જ થાય છે. એક અંગ્રેજ લેખક કહે છે કે તમે હસો છો ત્યારે માત્ર તમારા બે સ્નાયુઓ જ ખેંચાય છે, પણ ગુસ્સે થાઓ છો ત્યારે પાંચ સ્નાયુ તંગ થાય છે.

બાલાશંકર કંથારિયાએ એમની વિખ્યાત ગઝલ 'બોધ'માં ક્રોધને દુશ્મન ગણાવી આપણને એક સોનેરી સલાહ આપી છે :

'વસે છે ક્રોધ વેરી ચિત્તમાં તેને ત્યજી દેજે,
ઘડી જાયે ભલાઈની મહાલક્ષ્મી ગણી લેજે.'

હૉરેસે કહ્યું છે કે 'Anger is a brief madness.'—ક્રોધ એ ટૂંકા ગાળાનું ગાંડપણ છે. ગાંડપણ જેમ માણસને ભાન ભુલાવી દે છે, વિવેકહીન અને અમાનુષી બનાવી દે છે, એમ ક્રોધ પણ માણસને થોડા સમય માટે ગાંડપણની સ્થિતિમાં મૂકી દે છે.

ગીતામાં લખ્યું છે કે.

क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृति विभ्रमः।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात् प्रणश्यति॥

એક માત્ર ક્રોધ ઉત્પન્ન થવાથી ક્રમશઃ માણસનો કેવો સર્વથા નાશ થાય છે તે ગીતાકારે સુત્રાત્મક વાણીમાં સચોટરીતે એમાં સમજાવી દીધું છે.

ક્રોધ પર કાબૂ મેળવવા માટે પહેલી શરત છે સહનશીલતા. જેનામાં સહી લેવાની શક્તિ છે, ગમ ખાવાની તાકાત છે એ સહેલાઈથી ક્રોધ પર કાબૂ મેળવી શકે છે. બીજી શરત છે ક્ષમાવૃત્તિ, જે ઉદાર હૈયે ક્ષમા કરી શકે છે કટ્ટર દુશ્મનને પણ માફ કરી શકે છે એ ક્રોધ પર સહેલાઈથી કાબૂ મેળવી શકે છે. ઈસુને વધસ્થંભ પર ચડાવવામાં આવ્યા ત્યારે એમણે કહ્યું હતું : 'એ બીચારા શું કરી રહ્યા છે એનું એમને ભાન નથી, પ્રભુ એમને માફ કરે.'

સદ્ભાવથી કરવામાં આવેલી ઉપેક્ષા પણ ક્રોધ પર કાબૂ મેળવવાનો એક સરસ ઉપાય છે. હોમરૂલ લીગની સ્થાપના કરનાર ઍની બિસેન્ટે 'ન્યૂ ઈન્ડિયા' નામનું એક અંગ્રેજી પત્ર શરૂ કર્યું હતું. એમાં ગાંધીજીના વિરોધમાં રોજ કંઈ ને કંઈ લખાણ આવ્યા કરતું. એક દિવસ એમાં ખૂબ ખરાબ લેખ આવ્યો. કાકાસાહેબ કાલેલકરે ગાંધીજીને પૂછ્યું : 'ગઈ કાલના ન્યૂ ઇન્ડિયાનો લેખ આપે વાંચ્યો ?' ગાંધીજી કહે : 'મેં ન્યૂ ઈન્ડિયા વાંચવાનું ક્યારનું બંધ કરી દીધું છે. જ્યાં સુધી કોઈ ખાસ દલીલવાળા લેખ આવતા ત્યાં સુધી હું વાંચતો હતો. પણ મેં જોયું કે તેમાં ખાલી મારા પર વ્યક્તિગત ટીકા જ થવા લાગી છે ત્યારથી મેં તે વાંચવાનું છોડી દીધું. વ્યક્તિગત ટીકા સાંભળવાથી તેની મન પર કંઈ ને કંઈ અસર થવાનો સંભવ રહે છે, વાંચીએ જ નહિ તો મનનો સદ્ભાવ કાયમ રહે છે. હમણાં મારે ઍની બિસેન્ટને મળવાનું થાય તો મારા મનમાં તેમના પ્રત્યે જે આદરભાવ છે તેમાં કશી ખામી નહિ આવે.'

ગૌતમ બુદ્ધનો શિષ્ય પૂર્ણ જ્યારે દક્ષિણમાં ઉપદેશ આપવા જવા તૈયાર થયો ત્યારે બુદ્ધે એની કસોટી કરવા માટે એને પૂછ્યું : 'ધારો કે તારો ઉપદેશ સાંભળી લોકો તને ગાળો દેશે તો તું શું કરીશ ?'

'તો હું એમ માનીશ કે એ લોકો એટલા સારા છે કે મને પથ્થરો મારતા નથી.'

'અને તને પથ્થરો મારશે તો ?'

'તો હું એમ માનીશ કે એ લોકો મને હથિયારથી મારતા નથી એટલા સારા છે.'

'અને તને હથિયારથી મારશે તો ?'

'તો હું માનીશ કે મને જાનથી મારી નાખતા નથી એટલા એ લોકો સારા છે.'

'ને જાનથી મારી નાખશે તો ?'

'તો ઉપદેશ આપતાં મળેલા નિર્વાણને હું મારું ધન્યભાગ્ય સમજીશ.'

અને બુદ્ધે પૂર્ણને જવાની રજા આપી. આ આદર્શ નજર સામે રાખીને જીવીએ તો ગુસ્સા પર કાબૂ મેળવી શકાય.

ઘણી વાર ગુસ્સે થવું આવશ્યક થઈ પડે છે. પણ એવા ગુસ્સામાં વ્યક્તિગત વેરવૃત્તિ કે દ્વેષ હોવો ના જોઈએ. મહાપુરુષો આવો ગુસ્સો કરે છે ત્યારે આપણે એને યોગ્યરીતે જ પુણ્યપ્રકોપ કહીએ છીએ. પણ મહાપુરુષોના આવા પુણ્યપ્રકોપ પાછળ સહૃદયતા અને કરુણા જ રહેલાં હોય છે.

એક વાર સાબરમતી આશ્રમમાં ગાંધીજીને મળવા માટે મદ્રાસથી એક ભાઈ આવી ચડ્યા. એમનો પ્રશ્ન એટલો નાનો હતો કે ગાંધીજીને એમ લાગ્યું કે આવા નાના કામ માટે એ ભાઈએ મદ્રાસથી ભાડું ખર્ચીને આવવું જોઈતું ન હતું. પણ બળતામાં ઘી તો ત્યારે હોમાયું કે જ્યારે એમણે પાછા ફરવા માટે ગાડીભાડાના પૈસા ગાંધીજી પાસે માગ્યા ! ગાંધીજીએ કહ્યું કે 'આશ્રમના પૈસા એ જાહેર મિલ્કત છે. એનો હું દુરુપયોગ ના કરી શકું. તમારી પાસે ભાડું ના હોય તો તમે ચાલતા મદ્રાસ પાછા જાઓ.' અને એમ કહી મહાદેવભાઈને કહ્યું કે 'તમે આ માણસને મદ્રાસ જવાનો રસ્તો બતાવી આવો !'

મહાદેવભાઈ પાછા આવ્યા એટલે ગાંધીજીએ પૂછ્યું : 'શું કર્યું ?'

'એમને મદ્રાસની ટિકિટ કઢાવી આપી અને થોડા વાટખર્ચીના રોકડા રૂપિયા આપ્યા.' મહાદેવભાઈએ કહ્યું.

'હું જાણતો હતો કે તમે એમ જ કરશો. એટલે તો મેં તમને મૂકવા મોકલ્યા હતા.'

પણ બધા માણસો કંઈ આવો પુણ્યપ્રકોપ કરી શકતા નથી: પ્રખ્યાત ગ્રીક તત્ત્વચિંતક ઍરિસ્ટૉટલે લખ્યું છે કે Anybody can become angry—that is easy; but to be angry with the right person, and to the right degree, and at the right time, and for the right purpose and in the right way —that is not within everybody's power and is not easy. *(Ethics)*

> જે કંઈ સારું છે–સુંદર છે એને માણતાં હું ખચકાઈશ નહિ. દુનિયાને હું કંઈક આપીશ તો કોઈ ને કોઈ રીતે એનું સારું યે મને મળી જ રહેશે એની હું ખાતરી રાખીશ. આજે કેવળ મારા જ માટે હું અર્ધોએક કલાકની શાંતિ ને સ્વસ્થતા મેળવી જ લઈશ, અને એ દરમિયાન હું મારી જાતને વધુ ઊંડાણથી નીરખી જોઈશ. —ડેલ કાર્નેગી

પોતાની કુશાગ્ર બુદ્ધિ, અપ્રતિમ હિંમત અને અથાગ પરિશ્રમથી રણજિતસિંહના વિચ્છિન્ન થઈ રહેલા સામ્રાજ્યમાં સ્થિરતા આણીને તેની સ્વતંત્રતા ટકાવી રાખવા, સાથીઓની ગદ્દારી અને પુત્રનો વિયોગ વેઠીને પણ અંગ્રેજો સામે એકલે પંડે ઝઝૂમનાર

પંજાબની મહારાણી જિન્દા



રાણી ચંદ્રાવતી – જિન્દા

લેખક
અશોક હર્ષ

ઈ. ૧૭૫૭ના પલાશીના યુદ્ધમાં મીર જાફરની ગદ્દારીએ આ દેશમાં અંગ્રેજોની હકૂમતનો પાયો નાખ્યો, અને એનાં સો વર્ષમાં તો તેઓ આખા મુલકના ધણી થઈ બેઠા. તોપબંદૂક કરતાં વધુ તો છળકપટ પર ચણાયે ગએલી એ હકૂમત પર કળશ ચડાવ્યો મીર જાફર જેવા જ બીજા એક ગદ્દાર રાજા ગુલાબસિંહે. મુઘલ અને મરાઠા સત્તાને ખતમ કર્યા પછી અંગ્રેજો સામે ટક્કર ઝીલે એવી કોઈ પ્રબળ સત્તા રહી હોય તો તે શીખોની. પંજાબકેસરીનું બિરુદ પામેલા શીખ સમ્રાટ રણજિતસિંહે પોતાનું સામ્રાજ્ય જોતજોતાંમાં હિમાલયથી હિંદુકુશ સુધી વિસ્તારી દીધું હતું. અંગ્રેજોને એની ધાક ઓછી નહોતી. એ ધાકને પરિણામે જ એમણે રણજિતસિંહને ફોસલાવી તેની સાથે એવા કરાર કરાવી લીધા કે તેણે સતલજ નદીની પૂર્વ બાજુએ ક્યાંય આગળ ન વધવું. બદલામાં અંગ્રેજો, તે પશ્ચિમ બાજુએ ગમે ત્યાં ગમે તેટલો આગળ વધે તે સામે વાંધો નહિ લે. રણજિતસિંહે તો એક વીરને છાજે એવી વચનબદ્ધતાપૂર્વક આ કરારનું પાલન કર્યું, પણ અંગ્રેજોની કૂટનીતિ તો તેને જિંદગીના છેક છેલ્લા આરે સમજાઈ જ્યારે તે પક્ષઘાતવશ હોઈ કશું કરવાને લાચાર હતો. દેશનો નકશો અંગ્રેજી હકૂમતના લાલ રંગે વધુ ને વધુ ગ્રસાતો જતો હતો, અને એથી ઉદ્વિગ્ન પણ નિરુપાય એ પંજાબકેસરી પોતાની મરણપથારીએથી દેશના નકશાને નિઃશ્વાસપૂર્વક ચીંધતો બોલી ઊઠયો હતો: 'એક દિન યે સબ લાલ હો જાયગા.' અને એ લાલ બનાવવામાં અંગ્રેજોને સૌથી વધુ સહાયભૂત નીવડયો હોય તો તે ખુદ તેનો જ એક વિશ્વાસુ સાથી રાજા ગુલાબસિંહ.

અંગ્રેજોને શીખ સત્તાનો ઉદય કોઈ રીતે રુચતો નહોતો. બીજાં રાજ્યોની જેમ પંજાબને હડપી લેવાના પેંતરા તો અંગ્રેજોએ ગવર્નર-જનરલ લૉર્ડ વિલિયમ બેન્ટિકના વખતથી શરૂ કરી દીધા હતા અને તેમના મહાન સેનાપતિ ડયૂક ઑવ વેલિંગ્ટનનો તેમાં ટેકો હતો. છતાં રણજિતસિંહના જીવતાં તેઓ ખુલ્લેખુલ્લી એવી હિંમત બતાવી શકેલા નહિ. પરંતુ ઈ. ૧૮૩૯ના જૂનની ૨૭મીએ લાહોર મુકામે રણજિતસિંહના અવસાન સાથે જ શીખો સાથેની મૈત્રીનું મહોરું હઠી જઈ તેમનું સાચું પોત પ્રકાશી ઊઠયું.

રણજિતસિંહને કુલ પાંચ પુત્રો હતા: ખડ્ગસિંહ, શેરસિંહ, પેશાવરસિંહ, કશ્મીરસિંહ ને દુલીપસિંહ. આમાંના બે ખડ્ગસિંહ ને દુલીપસિંહ એના ઔરસ પુત્રો હતા, બાકીના ત્રણ અનૌરસ. રણજિતસિંહના અવસાન વખતે દુલીપસિંહની માતા ચન્દ્રાવતી જીવતી હતી, જે લલિતકલાઓમાં એટલી જ યુદ્ધકલામાં પ્રવીણ હતી અને લોકોમાં એટલી માનીતી હતી કે તે જિન્દા, જિન્દન કે જિન્દકૌરના નામે પણ ઓળખાતી. એણે જોયું કે અંગ્રેજો પંજાબને હડપી જવા માટે શીખ સરદારોમાં ફાટફૂટ પડાવવામાં સફળ નીવડયા હતા. રણજિતસિંહ પછી ગાદીએ આવેલા ખડ્ગસિંહનું તેના પુત્ર નૌનિહાલસિંહ સાથે ખૂન થઈ જવા પામેલું, તેના પછી ગાદીએ આવેલા શેરસિંહની પણ તેના પુત્ર પ્રતાપસિંહ સાથે એ જ વલે થએલી. આમ ચાર વર્ષમાં બે વાર રાજગાદી સૂની પડતાં અને શીખ સરદારો સત્તા માટે અંદરોઅંદર વરુઓની જેમ લડતા રહેતાં દુલીપસિંહની માતા અને રણજિતસિંહની સૌથી વધુ માનીતી અને સૌથી વધુ વફાદાર મહારાણી જિન્દાથી રહેવાયું નહિ, ન દુલીપસિંહની ઉમર ત્યારે માત્ર પાંચ જ વર્ષની હોવા છતાં તેને મહારાજા જાહેર કરી તેણે પંજાબની રાજ્યધુરા પોતાના હાથમાં લીધી.

કુશાગ્ર બુદ્ધિ, અપ્રતિમ હિંમત અને અથાગ પરિશ્રમમાં મહારાણી જિન્દાના પડછે બીજી સ્ત્રીઓ તો શું પણ પુરુષો સુધ્ધાં બહુ ઓછા નીકળે. નિરંકુશ બની ગએલા શીખ સરદારોને એ જ કાબૂમા રાખી શકે. એણે અંદરોઅંદરની સત્તાસ્પર્ધાનો અંત આણી શીખ સૈન્યને પોતાના પતિના વખતમાં હતું એવું જ પાછું સંગઠિત અને શક્તિશાળી બનાવી દીધું. સરદારોમાં સૌથી બહાદુર અને કાબેલ તેજસિંહને તેણે વડો સેનાપતિ બનાવ્યો. એ જ રીતે વહીવટી તંત્રમાં પણ તેણે એક પછી એક કાબેલ વ્યક્તિઓને મૂકવા માંડી, લાલસિંહને વઝીરપદ આપ્યું.

અંગ્રેજી હકૂમતની સરહદ પંજાબને અડીને જ આવેલી હતી, અને મહારાણી જિન્દાએ શીખ સૈન્યનું પુનર્ગઠન કરી તેનું પ્રાબલ્ય વધારવા સાથે રાજતંત્રમાં પણ સ્થિરતા આણતાં અંગ્રેજોની આંખે લોહી આવ્યું અને તેમણે સતલજને કાંઠે જંગી સૈન્ય-જમાવટ કરવા સાથે સારી યે સરહદ પર સૈનિકો ગોઠવી દીધા. સૌપ્રથમ એમણે જમ્મુના રાજા ગુલાબસિંહને ફોડયો; ત્યાર બાદ લાલસિંહ ને તેજસિંહને. આ ફૂટ પડાવનાર હતો ગવર્નર જનરલ લૉર્ડ ઍલનબરોએ લાહોરમાં બ્રિટિશ એજન્ટ તરીકે મૂકેલો પોતાનો ખાસ માણસ મેજર બ્રૉડફૂટ. અંગ્રેજો સાથેની જે મૈત્રીના દાવે રણજિતસિંહે બબ્બે વાર અફઘાનિસ્તાન સાથે લડાઈ કરી એ મૈત્રીને અંગ્રેજો ઘોળીને પી જ ગયા, એટલું જ નહિ પણ એની સાથેના કરારનો પણ ચચ્ચાર વખત ભંગ કરી ચૂક્યા, જે અંગેની ફરિયાદ સામે એમનો કોઈ જવાબ નહોતો.

લૉર્ડ ઍલનબરો જતાં જતાં પણ પોતાના ઉત્તરાધિકારી લૉર્ડ હાર્ડિજને પંજાબમાં બ્રૉડફૂટની કપટનીતિ ચાલુ રાખવાની ભલામણ કરતો ગએલો અને ૧૮૪૫ના ઑક્ટોબરની ૨૩મીના રોજ લૉર્ડ ઍલનબરો પર ઇંગ્લૅંડ લખેલા પોતાના પત્રમાં હાર્ડિંજે પંજાબ કબજે કરવાનો પોતાનો નિર્ણય અસંદિગ્ધપણે વ્યક્ત કરેલો છે. યુદ્ધ આપ્યા વિના તે શક્ય બને તેમ ન હતું, અને યુદ્ધ જીતવું શીખ સરદારોને ફોડયા વિના શક્ય ન હતું. શીખ સરદારો ઉપરાંત રણજિતસિંહના વખતનો જનરલ વેન્ચુરા પણ તેના અવસાન પછીનાં કાવતરાંમાં સામેલ હોવાથી મહારાણી જિન્દાએ તેને છૂટો કરતાં તે સીધો ફિરોજપુર કૅપ્ટન નિકલસનને જઈ મળ્યો, જ્યાં લાલસિંહ સાથે મળી કાવતરાની વિગતો તૈયાર કરવામાં આવી. છેવટે ગાજી રહેલું યુદ્ધ આવી જ પડયું. અંગ્રેજોએ એ માટે શીખોને કરારભંગ બદલ જવાબદાર લેખાવ્યા છે, શીખોએ અંગ્રેજોને. એ જે હોય તે, પણ પંજાબનું ભાવિ સૈન્યબળથી નહિ પણ કૂટનૈતિક બળથી નક્કી



પંજાબકેસરી રણજિતસિંહ

થઈ ચૂક્યું હતું. વઝીરથી માંડી સેનાપતિ સુધીના ખાનગીપણે અંગ્રેજોના પક્ષે ફૂટી ગએલા હતા. નહિતર સીધા ફિરોજપુર ધસી જવાને બદલે મુડકી મુકામે યુદ્ધ શા માટે આપવામાં આવે? મુડકીના યુદ્ધમાં તો દારૂખાનામાં પણ દગો થયો હતો, છતાં મહારાણી જિન્દાને વફાદાર શીખ સૈન્યે અંતે પરાજિત થવા છતાં અંગ્રેજોને એવું યુદ્ધ આપ્યું જેવું આ ભૂમિ પર તેમની સામે કદી કોઈ લડ્યું નહિ હોય. લૉર્ડ ઍલનબરો ને લૉર્ડ હાર્ડિંજનો માનીતો મેજર બ્રૉડફૂટ બીજા અનેક અંગ્રેજ અફસરો સાથે મુડકીના આ યુદ્ધમાં જ મરાયો.

પરાજિત શીખ લશ્કરે મુડકીથી ફિરોજપુર તરફ પીછેહઠ કરી. અંગ્રેજોએ વરિષ્ઠ દરજ્જેથી પોતાની ફાટફૂટની નીતિ છેક સામાન્ય સૈનિક સુધી વિસ્તારી ને જે કોઈ શીખ સૈનિક મહારાણી જિન્દાનું સૈન્ય છોડી તેમને આવી મળે તેને કિંમતી ભેટસોગાદો ઉપરાંત પેન્શનની લાલચ પણ આપવા માંડી. જિન્દાએ સૈન્યનું સરસેનાપતિપદ પોતાને હસ્તક લીધું. કોઈ વઝીર કે કોઈ સેનાપતિની સહાય વિના તે રાજ્યકારોબાર સાથે સેનાનું પણ સંચાલન કરતી દુશ્મનો સામે પહાડ સમાન ખડી રહી. પરંતુ લાલસિંહ અને તેજસિંહે સતલજ ઓળંગવા માટેની હોડીઓમાં ભાંગતોડ કરાવી નાખી હોઈ અલીવાલના યુદ્ધમાં પણ શીખો ફાવ્યા નહિ.

ત્રીજું યુદ્ધ સોબ્રાંવ મુકામે ખેલાયું. લાલસિંહ અને તેજસિંહ ફૂટી ગએલા હોઈ જમ્મુના ડોગરા રાજા ગુલાબસિંહને સોબ્રાંવના યુદ્ધની સરદારી લેવાનું કહેવામાં આવ્યું. પરંતુ એ પણ ફૂટેલો જ હતો. એણે પોતાના સૈનિકોને લાહોરના રક્ષણ માટે મૂકી તેના રક્ષક શીખ સૈન્યને સોબ્રાંવ મોકલી આપ્યું અને જણાવ્યું કે પોતે સોબ્રાંવ આવી ન પહોંચે ત્યાં સુધી યુદ્ધ ન કરવું. પરંતુ એક પછી એક બહાનું કાઢતો રહી એ છેવટ સુધી સોબ્રાંવ ગયો જ નહિ. દરમિયાન અંગ્રેજોને પોતાનું સૈન્યબળ વધારવાનો પૂરતો સમય મળી ગયો.

પરિસ્થિતિ એ ઊભી થઈ કે મહારાણી જિન્દાને એકલે હાથે પંજાબની સ્વતંત્રતા જાળવવાની રહી. શીખ સૈન્ય એને પૂરું વફાદાર હતું અને સોબ્રાંવના યુદ્ધમાં પણ અંગ્રેજોના દાંત ખાટા કરી નાખે એવું યુદ્ધ આપ્યું. પરંતુ શહીદ થએલા શામસિંહ અટારીવાલા સિવાયના એમાં બધા સરદારો ફૂટી ગએલા હોઈ અંતે શીખ સૈન્યને પરાજય વેઠવો પડયો. છતાં એથી જરા યે હતાશ થયા વિના મહારાણી જિન્દાએ હિંમતભર્યો પડકાર ફેંક્યો કે 'મારું ખાલસા ફરી લડશે.' એક ફૂટેલા સરદારે તેને યુદ્ધ બંધ રાખવાની સુફિયાણી સલાહ આપતાં તે બોલી ઊઠી: 'હું એ જ કરી રહી છું જે મારા પતિ અત્યારે હયાત હોત તો કરત. મારા દેહમાં પ્રાણ છે ત્યાં સુધી ફિરંગીઓને હું પંજાબ પર કબજો જમાવવા નહિ દઉં.'

મહારાણી જિન્દાએ એક પછી એક ચાર મહાન યુદ્ધો અંગ્રેજોને આપ્યાં: મુડકી, ફિરોજપુર, અલીવાલ અને સોબ્રાંવ, પણ શેષ હિંદુસ્તાન તેની આઝાદીના રક્ષણ માટેનાં આ યુદ્ધોને તદ્દન નિઃસ્પૃહભાવે જોતું જ રહ્યું, કારણ બાકીના બધા રાજાઓ–નવાબો અંગ્રેજોથી શેહ ખાઈ જઈ પોતપોતાનાં રાજ્યો ટકાવી રાખવા માટે તેમની પાળેલી ગાયો જેવા બની ગયા હતા. રણજિતસિંહે પોતાના ખાસ સલાહકાર તરીકે નીમેલા ફકીર અઝીઝુદ્દીનનો ભાઈ ને ભત્રીજો નુરુદ્દીન ને શમ્સુદ્દીન પણ અંગ્રેજો સાથે મળી ગયા અને તા. ૨૦મી ફેબ્રુઆરી ૧૮૪૬ના રોજ અંગ્રેજોએ લાહોર કબજે કર્યું.

આ વિજય પછી પંજાબને અંગ્રેજી હકૂમત નીચે લઈ લેવું કે તેને ચારે તરફથી ઘેરાએલું રાખી પોતાનું ખંડિયું રાજ્ય બનાવી દેવું તે એ વખતનો ગવર્નર-જનરલ લૉર્ડ હાર્ડિંજ નક્કી કરી શક્યો નહિ. જો કે સિંધના અમીરો સાથે કપટ ખેલી તેમની પાસેથી સિંધ પડાવી 'સિંધના શયતાન' તરીકે નામીચા થએલા સર ચાર્લ્સ નેપિયરે તો પંજાબને અંગ્રેજી હકૂમત સાથે જોડી દેવાની હાર્ડિંજને સલાહ આપી અને જરૂર પડતાં પોતે બાર હજારનું સૈન્ય લઇને આવી પહોંચવાની ખાતરી આપી, પણ શીખોની વીરતાએ ચચ્ચાર યુદ્ધોમાં અંગ્રેજોના સૈન્યની મિટ્ટી પલીદ કરી નાખેલી તે નજરમાં રાખીને તથા શીખ સામ્રાજ્ય હિમાલયથી હિંદુકુશ સુધી ફેલાએલું હોતાં તેનાં વહીવટ ને રક્ષણ ખૂબ ખરચાળ નીવડે તેમ હોઈ તેણે તત્કાળપૂરતી સંધિ કરી લેવામાં ડહાપણ માન્યું. સંધિની શરતો નીચે મુજબ હતી: ૧) સતલજની દક્ષિણે આવેલો શીખ પ્રદેશ અને જલંધર દોઆબ એટલે કે સતલજ ને બિયાસ નદી વચ્ચેનો પ્રદેશ અંગ્રેજોને અધીન કરવો; ૨) યુદ્ધ ખર્ચ પેટે દોઢ કરોડ રૂપિયા આપવા; ૩) શીખોએ વીસ હજાર પાયદળ અને બાર હજાર અશ્વદળથી મોટું સૈન્ય ન રાખવું; ૪) મહારાજા દુલીપસિંહ સગીર હોઈ તે ઉંમરલાયક થાય ત્યાં સુધી મહારાણી જિન્દા રીજન્ટ તરીકે અને લાલસિંહ વઝીર તરીકે રહી પંજાબનો કારોબાર ચલાવે.

રાજ્યના ખજાનામાં ત્યારે માત્ર અરધો કરોડ રૂપિયા રહ્યા હતા; એટલે અંગ્રેજોએ પોતાના મિત્ર લાલસિંહને જેમ વઝીરપદે મૂકીને ન્યાલ કર્યો તેમ બીજા મિત્ર ડોગરા રાજા ગુલાબસિંગને એક કરોડ રૂપિયામાં કાશ્મીર આપી દઈ ન્યાલ કર્યો ને આમ દોઢ કરોડ રૂપિયા વસૂલ કર્યા! કાશ્મીર આ રીતે હાથથી જતાં શીખો માટે અફઘાનિસ્તાન, તિબેટ ને નેપાળનો માર્ગ બંધ થઈ જવાથી તેઓ ઉશ્કેરાયા અને લાલસિંહે તેનો વિરોધ કરતાં તેને બનારસ મુકામે હદપાર કરી દેવામાં આવ્યો. હવે વારો આવ્યો મહારાણી જિન્દાનો. અંગ્રેજોએ આ પહેલાં જ દુલીપસિંહ મહારાણી જિન્દાનો પુત્ર ન હોવાથી માંડીને લાલસિંહ સાથે એને આડસંબંધ હોવાની અફવાઓ ઉડાડયે રાખેલી, પરંતુ તેમાં તેઓ ફાવ્યા નહિ. છેવટે મુલતાનના સૂબા મૂલરાજના બંડે તેમને જોઈતી તક મેળવી આપી.

રણજિતસિંહે ઈ. ૧૮૧૮માં મુલતાન જીતી લઈ દીવાન સાવનમલને ત્યાંનો સૂબો નીમેલો. આ સાવનમલ પછી સૂબાપદે આવેલા દીવાન મૂલરાજની અંગ્રેજોએ કનડગત શરૂ કરતાં તેણે બંડ પોકાર્યું અને ફિરંગીઓને દેશમાંથી હાંકી કાઢવા પ્રાંતપ્રાંતમાં સંદેશા મોકલ્યા—નાભા, પતિયાલા વગેરેના શીખ રાજવીઓને જ નહિ પરંતુ રાજસ્થાનના રજપૂત રાજવીઓને સુધ્ધાં. પરંતુ ઉપર જણાવ્યું છે તેમ હિંદનાં દેશી રાજ્યો તો

અંગ્રેજોની પાળેલી ગાયો જેવાં બની ગયાં હતાં. અંગ્રેજોએ મૂળરાજ સામે શેરસિંહને લશ્કર સાથે મોકલતાં તે મૂલરાજ સાથે ભળી ગયો. મૂલરાજને સ્થાને નવા સૂબા તરીકે નીમીને મોકલેલો કહાનસિંહ પણ તેની સાથે ભળી ગયો. આ બંડ પાછળ મહારાણી જિન્દાનો હાથ હોવાનું જણાવીને તથા તેના પોતાના જ પુત્ર દુલીપસિંહ સામે કાવતરુ કરવાનો આક્ષેપ મૂકીને અંગ્રેજોએ તેને રીજન્ટપદેથી દૂર કરી રૂપિયા બે લાખનું સાલિયાણું બાંધી આપી શેખુપુરા મોકલાવી આપી. પરંતુ શેખુપુરા રહ્યે રહ્યે યે તે શીખ સૈનિકો પર પોતાનો પ્રભાવ પાડયા વિના નહિ રહે એ દહેશતે તેમણે તેના સહાયક મનાતા અનેકોને ફાંસીએ લટકાવી દીધા અને માત્ર ચાર હજાર રૂપિયાના સાલિયાણા પર તેને સખ્ત ચોકીપહેરા નીચે બનારસ મોકલી આપી, જ્યાં સતારાના પ્રતાપસિંહથી માંડીને અંગ્રેજો સામે માથું ઊંચકનાર અનેક રાજવીઓને રિબાવી રિબાવીને મોતને શરણ કરવામાં આવેલા.

અંગ્રેજોની ફૂટનીતિની સફળતા તો ત્યાં હતી કે મહારાણીની દેશનિકાલીનો હુકમ તેમણે ખુદ તેના પુત્ર અને હવે નામના મહારાજા બનાવવામાં આવેલા બાર વર્ષના દુલીપસિંહની સહી સાથે મોકલાવેલો! પુત્રની સહી સાથેનો આ હુકમ જોઈ વત્સલ માતાએ જણાવ્યું: 'વારુ મહારાજાનો હુકમ મારે માથે ચડાવવો જ જોઈએ. હું કંઈ પંજાબની સામ્રાજ્ઞી નથી, મહારાજાની માતા માત્ર છું એટલે મારે ચાલી નીકળવું જ જોઈએ. તમે તમારે બેફિકર રહેજો, કારણ હું ખુદ મારા પુત્ર સામે નથી વિદ્રોહ જગવવાની કે નથી તેની સામે ઉશ્કેરણી ફેલાવવાની. હું જાણું છું કે બધું જ હાથથી ગએલું છે.' મહારાણી વિરુદ્ધ કશો પુરાવો ન હોવા છતાં અંગ્રેજોએ રીજન્સી કાઉન્સિલના કોઈ સભ્યને પૂછયા પણ વિના કરાવેલી આ હદપારી સામે ઊકળી ઊઠી કાઉન્સિલના જ એક સભ્ય અને હજારાના નાઝિમને થયું કે અંગ્રેજોની દાનત પંજાબ હડપ કરી જવાની છે, એટલે તેણે જાહેરનામું બહાર પાડયું કે 'સ્વર્ગવાસી મહારાજા રણજિતસિંહની વિધવા પર ફિરંગીઓ જે દમન ને ત્રાસ ગુજારી રહ્યા છે તે પંજાબના તમામ રહેવાસીઓ અને હકીકતમાં સારું યે જગત જાણે છે.' અફઘાનિસ્તાનના અમીર દોસ્તમહંમદ સુધ્ધાંએ મહારાણી પ્રત્યેના આ વર્તનનો વિરોધ કર્યો, પણ અંગ્રેજોએ કશી જ દાદ ન આપી.

મુલરાજના બંડ અને શીખ સૈન્યમાં ફરી વળેલા અસંતોષને લઈ અંગ્રેજ રેસિડેન્ટને લાહોરમાં રહેવું ભારે થઈ પડયું. શીખોએ ફરી એક યુદ્ધ આપ્યું અને ચિલિયનવાલાના યુદ્ધમાં અંગ્રેજોને નાલેશીભરી હાર મળતાં શીખ સત્તાનો પુનરુદય તેમને હાથવેંતમાં દેખાવા લાગ્યો, તેમણે હ્યુ ગફને સેનાપતિપદેથી દૂર કરી સર ચાર્લ્સ નેપિયરને તે પદ સોંપવાનું નક્કી કર્યું, પરંતુ તે આવી પહોંચે તે પહેલાં ગુજરાત મુકામે શીખ સેનાનો અંતિમ પરાજય થયો.

અંગ્રેજોને હવે દુલીપસિંહને પણ પંજાબમાં રહેવા દેવામાં જોખમ લાગ્યું અને તેને ઇંગ્લૅન્ડ મોકલી દઈ પંજાબને અંગ્રેજી હકૂમતમાં ભેળવી દીધું. આ રીતે પંજાબકેસરી રણજિતસિંહે ઊભા કરેલા મહારાજ્યનો તા. ૨૯મી માર્ચ ૧૮૪૯ના રોજ મૃત્યુઘંટ વાગી ગયો.

પંજાબને પોતાની હકૂમત નીચે લઈ અંગ્રેજોએ સૌથી પહેલું કામ તેનો ખજાનો હાથ કરવાનું કરેલું, જેમાં મુલ્કમશહૂર કોહીનૂર હીરાનો પણ સમાવેશ થતો હતો. સગીર વયના દુલીપસિંહને પટાવીને તેને જેમ તેમણે ખ્રિસ્તી ધર્મની દીક્ષા અપાવેલી, તેમ તેને ફોસલાવીને કોહીનૂર પણ રાણી વિક્ટોરિયાને તેના તરફથી ભેટરૂપે પડાવી લીધેલો. મા દીકરાનો વિયોગ કરાવી અંગ્રેજોએ પોતાના મનની મુરાદ બર આણી હતી. આ બાજુ બનારસમાં બીમાર મહારાણીની કોઈ સારસંભાળ લેનારું નહોતું. તે હવે ઘણી વાર ભાન ગુમાવી બેસતી અને બેભાન અવસ્થામાં બબડતી રહેતી: 'મારા બહાદુર ખાલસા, જંગમાં આગળ ધપો. તમારા સ્વર્ગસ્થ મહારાજાનો આત્મા તમારી સાથે છે.'

છેવટે પુત્રવિરહી માતાને અંગ્રેજો કલકત્તા લઈ ગયા. પોતાને પરાણે ઇંગ્લૅંડ ધકેલી દેનારા અંગ્રેજો સામે આથી રોષે ભરાઈ દુલીપસિંહ માતાને મળવા કલકત્તા આવી પહોંચ્યો. આ સમાચાર ફેલાતાં જ શીખોનાં જૂથનાં જૂથ કલકત્તા પોતાની મહારાણી અને દુલીપસિંહનાં દર્શનાર્થે ધસી આવવા લાગ્યાં. દુલીપસિંહ પ્રત્યે અંગ્રેજોનું વર્તન હવે પહેલાંના જેવું રહ્યું ન હતું. એની સાથે નક્કી કરેલા સાલિયાણાની રકમ પણ તેમણે ઘટાડી નાખી હતી અને વર્ષોવર્ષ ઘટાડતા જતા હતા. અંગ્રેજ લોકોના કહેવાતા 'ન્યાય'નો એને પૂરો પરચો થઈ ગયો હતો અને એટલે જ ૧૮૫૭ના સ્વાતંત્ર્ય વિપ્લવ દરમિયાન પોતાને ભારત જવા દેવાની વિનંતી તેણે કરેલી. પણ અંગ્રેજોએ એને એના દેશમાં પાછો ફરવા ન દીધો.

જોકે માતાની માંદગીના કારણે તેઓ એનું આગમન તો અટકાવી શકયા નહિ, પરંતુ જિન્દા અને દુલીપસિંહ પ્રત્યે શીખોના હજુ એટલા ને એટલા પ્રેમ અને આદર જોઈ તેઓ ભડકી ઊઠયા, અને ત્યારના ગવર્નર-જનરલ લૉર્ડ કૅનિંગે તાબડતોબ માદીકરાને ઇંગ્લૅન્ડ રવાના કરી દીધાં. એમણે પોતાના દેશમાં જ કયાંક પોતાને વસવા દેવાની કરેલી માગણી ઠુકરાવી દેવામાં આવી, અને મહારાણી જિન્દા પોતાના વતનથી હજારો માઈલ દૂર ઇંગ્લૅન્ડમાં તા. ૧લી ઑગસ્ટ ૧૮૬૩ના રોજ અવસાન પામી. આ દરમિયાન દુલીપસિંહે પોતાના હમવતનીઓને ઉદ્દેશીને લખેલો આ પત્ર તેની લાચારીનું જે કરુણ પ્રતિબિંબ પાડે છે તે કોઈ પણ ભારતવાસીનું હૃદય હલાવી દે તેમ છે:

'પ્યારા પંજાબવાસીઓ,

હું કયા મોંએ પાછો પંજાબ આવીને રહું? થતું હતું કે ફરી મારું મોં તમને ન બતાવું, પણ વાહ ગુરુ સૌના માલિક છે. એ ગુરુ ભગવાનની પ્રેરણા છે કે હું ફરી મારી જનનીજન્મભૂમિ પંજાબમાં એક સામાન્ય માનવીની માફક રહું. હું આવી રહ્યો છું. વાહ ગુરુની ઈચ્છા હશે તેમ થશે. ખાલસા ભાઈઓ! હું નાલાયક છું. પોતાના બાપદાદાનો પવિત્ર ધર્મ તજી હું ઈસાઈ બન્યો. મને માફ કરજો. જે સમયે મને ઈસાઈ બનાવવામાં આવ્યો તે સમયે હું બાળક હતો, ન કશું જાણતો હતો કે ન કંઈ કરી શકતો હતો. હવે મેં ફરી શીખ ધર્મ સ્વીકારી લીધો છે. હવે પછી બાબા નાનકના અનુશાસન અને ગુરુ ગોવિંદસિંહની આજ્ઞાનુસાર ચાલીશ. પ્યારા પંજાબને અને ખાલસા ભાઈઓને જોવા માટે મારું મન બેચેન છે. પણ મને પાપીને સ્વદેશનાં દર્શન કદાચ ન થઈ શકે, કારણ અંગ્રેજો મને ભાગ્યે જ પાછો ફરવા દે. મેં અંગ્રેજી હકૂમત પર પૂરો વિશ્વાસ મૂકી દીધો હતો અને હવે તેનાં ફળ ભોગવી ચૂકયો છું. વાહ ગુરુ કા ખાલસા. વાહ ગુરુ કી ફતેહ.

હું છું, આપના રક્તમાંસથી બનેલો—દુલીપસિંહ

બેવતન હિજરાતો દુલીપસિંહ ઉમરે પહોંચતાં અંગ્રેજોની ફૂટનીતિથી સંપૂર્ણ વાકેફ બની ચૂકયો હતો, અને અંગ્રેજો પણ એ જાણતા હોઈ ફરી પંજાબ કે હિંદનું મોં જોવા એ ન પામે તે માટે પૂરતો બંદોબસ્ત રાખ્યો હતો. માતાનાં અસ્થિ અહીં લાવી તેની ઉત્તરક્રિયા પતાવી દુલીપસિંહ પાછો ફર્યો ત્યાં સુધીમાં એમણે કોઈ પણ શીખને એને મળવા નહોતો દીધો. એ એટલો ધૂંધવાઈ ઊઠેલો કે ઇંગ્લૅંડ પાછા ફરી અંગ્રેજોની આ ફૂટનીતિ વિષે છૂટથી બોલવા-લખવા માંડયું, એટલે સુધી કે તેણે ખુલ્લો પડકાર સુધ્ધાં ફેંકવા માંડયો કે 'હું રશિયા સાથે મળી હિંદુસ્તાનમાંથી અંગ્રેજોનો પગદંડો ઊખેડી નાખીશ.' ઈ. ૧૮૮૪માં એ હિંદ આવવા નીકળ્યો પણ ખરો, પણ અંગ્રેજોએ એને એડનથી આગળ વધવા ન દેતાં તે પાછો ફરી ઇંગ્લૅંડ ગયો ને ત્યાં થોડો વખત રહી પારી(સ) ચાલ્યો ગયો.

અને પારી(સ)માં જ ઈ. ૧૮૯૩ના સપ્ટેમ્બરમાં શીખ મહારાજ્યનો આ તેજોલુપ્ત સિતારો અસ્ત પામ્યો. □


સહરામાં સાહસ

દુર્ગમ રણપ્રદેશમાં સાડા સત્તરસો માઈલના એક ખતરનાક પ્રવાસની રોમાંચક સાહસકથા

(ગયા અંકથી પૂરી)

વિલિયમ બાઈકના 'ડેરિંગ એન્ડરમાઈઝ' ઉપરથી

લેખક
બી. જે. કાપડી



▷ શેફર્ડ પરિવારનો પ્રવાસમાર્ગ

અમને હવે પાણીની જરૂર ખેંચ પડવાની હતી. ફૉક્સવૅગનમાં પાણી ભરેલાં બે ટબ્લર જ બાકી રતાં, અને તે પણ પોણાં ભરેલાં હતાં. ત્રણ નાનકડા ડબ્બામાં ઘાટું દૂધ ભરેલું હતું. એક ડબ્બામાં સંતરાંનો રસ ભરેલો હતો. બસ, આ સિવાય અમારી પાસે જો કોઈ પ્રવાહી પદાર્થ હતો તો તે જીપના રૅડીએટરમાં હતો! ફૉક્સવૅગન એર-કૂલ્ડ હતી એટલે તેમાંથી પાણીનું એક ટીપું પણ નીકળી શકે તેમ નહોતું. અને હા, બૅટરીઓનો ઍસિડ પણ હતો, જેને અમે પ્રવાહી કહી શકતા હતાં! જો સંજોગવશાત્ નાછૂટકે અમારે રૅડીએટરનું પાણી પીવું પડે તો તેનું પરિણામ કેટલું ભયંકર આવે તે અમે સારી રીતે જાણતાં હતાં. પછી તો જીપ ચાલી જ ન શકે. એન્જિન એટલું ગરમ થઈ જાય કે ખેલ ખતમ!

આખરે અમે નક્કી કર્યું કે ટ્રિક્વેટની દિશામાં જેટલું આગળ વધી શકાય, તેટલું આગળ વધવું. જે પ્રવાહી પદાર્થો અમારી પાસે હતા, તેની મદદથી જો કિલ્લા સુધી પહોંચી ગયાં, તો તો કંઈ પ્રશ્ન જ નહોતો, પણ જો તે અધવચ્ચે જ ખૂટી જાય—ને એની જ શક્યતા વધુ હતી તો પેદ્રો જીપમાંથી બધો સામાન કાઢી નાખીને બાળકોને પોતાની સાથે લઇને ટ્રિંકવેટની દિશામાં પ્રયાણ કરે. ને મારે તથા મેરીએ ફૉક્સવૅગન અને વહાણ સાથે રોકાઇને પેદ્રોના પાછા ફરવાની પ્રતીક્ષા કરવી.

જેટલી તન્મયતાથી બીવર કામ કરે છે, એટલી જ તન્મયતાથી અમે આખો દિવસ ટ્રિકવેટની દિશામાં આગળ વધતાં રહ્યાં. જ્યાં સુધી અમે બિલકુલ લાચાર ન બની જતાં, ત્યાંસુધી અમે કોઈ પણ પ્રવાહી પદાર્થનો સ્પર્શ સુધ્ધાં કરતાં નહોતાં. પાણીનો નાનકડો ઘૂંટડો ક્યાંય સુધી મોંમાં ફેરવ્યા પછી જ ગળા નીચે ઉતારતાં.

અમે કાર તથા જીપ અને તેની પાછળ બાંધેલા વહાણને એટલી બધી ઝડપે દોડાવી રહ્યાં હતાં કે તેની સ્પ્રિંગ ગમે ત્યારે તૂટી જઈ શકે તેમ હતી. આ મહાયાત્રા શરૂ કરતી વખતે સાથે લીધેલા પુરવઠામાંથી મોટા ભાગનો હવે ખતમ થઈ ગયો હતો. એટલે અમે પહેલાં કરતાં વધુ ઝડપે આગળ વધી રહ્યાં હતાં. અલબત્ત, ઝડપને ખાતર ચીલો ચાતરીને આડેધડ આગળ વધાય તેમ તો નહોતું જ. અમે જે સ્થિતિમાં હતાં, તેમાં ચીલો ચાતરી જવાથી તો વધુ ભયંકર પરિણામ આવે તેમ હતું. ચીલાની વચ્ચે આવતા અવરોધોથી બચવા માટે પણ અમારે બધા જ પ્રયત્નો કરતા રહેવાના હતા.

આખરે રાત પડી જતાં અમારે અટકી જવું પડયું. પણ બીજે દિવસે વહેલી પરોઢમાં જ અમે આગળ ચાલી નીકળ્યાં. અમારી આંખો કોસ-પથ્થર શોધવામાં ખૂબ જ સાવચેતી રાખી રહી હતી, કારણ કે આજે એક પણ નિશાની ચૂકી જવાનો એક જ અર્થ થતો હતો-મૃત્યુ.

બાળકો વારાફરતી ફૉક્સવૅગનના છાપરે આંખો પર દૂરબીન માંડીને બેસતાં. અમને ડર લાગી રહ્યો હતો કે અત્યારે જો રેતીનું તોફાન આવી લાગ્યું તો અમારે આ રણપ્રદેશમાં જીવતાં જ સમાધિ લેવી પડશે. એવા તોફાનમાં અમને શોધવા માટે ઊંટસવારો પણ રવાના ન થઈ શકે, અને પરિણામે...પણ કહેવાની જરૂર નથી કે અમે આ બધી આપત્તિઓમાંથી બચીને આખરે ટ્રિકવેટ પહોંચી ગયાં. અન્યથા તમે અત્યારે આ વર્ણન વાંચતા ન હોત. અમે વારંવાર હિંમત હારી જવા છતાં આગળ વધવાનું ચાલુ જ રાખ્યું. જ્યારે દૂરદૂર ક્ષિતિજમાં ટ્રિકવેટનો કિલ્લો દેખાવા લાગ્યો, ત્યારે અમારા છએ જણના કરમાએલા ચહેરા કમળના ફૂલની જેમ ખીલી ઉઠયા.

ટ્રિકવેટમાં અમને બે વિશાળ અને 'વેલ-ફર્નિશ્ડ' ઓરડા આપવામાં આવ્યા. બંનેમાં ફુવારા અને બાથરૂમની વ્યવસ્થા હતી. થોડા સમય પહેલાં પાણીના એકએક ટીપા માટે અમારો જીવ નીકળી રહ્યો હતો, જ્યારે અહીં પાણીની છાકમછોળ ઊડતી હતી! ફક્ત ગળું નહિ, અમારું આખું શરીર તરસ્યું હતું. પરિણામે અમે પેટ ભરીને નાહ્યા. અમને ફરી આ ખતરનાક પ્રવાસ અહીંથી પડતો મૂકી દેવાની સલાહ આપવામાં આવી, પણ અમે આગળ જવા માટે મક્કમ હતાં.

'આગળની રેતી આના કરતાં પણ વધુ પોચી છે.' તેમણે અમને ચેતવણી આપતાં કહ્યું : 'દક્ષિણ બાજુ અરબ છાપામારોની ટુકડીઓ ફરી રહી છે, જે તમને ફક્ત લૂંટી જ નહિ લે, મારી પણ નાખશે. હજુ અઠવાડિયા પહેલાં જ તેમણે અમારી ચોકિયાત ટુકડીના ત્રણ જુવાનોને મારી નાખ્યા હતા. અમારી પાસે એટલા સૈનિકો નથી કે તેમને કાબૂમાં લેવા માટે ટુકડીઓને રવાના કરી શકીએ. સ્થિતિ તો એવી છે કે છાપામારો જો આ કિલ્લા પર પણ હુમલો કરે તો અમારે બિસ્તરા-પોટલાં બાંધીને અહીંથી નાસી છૂટવું પડે!'

ટ્રિક્વેટ પહોંચ્યાના બીજા જ દિવસે કેટલાક ફ્રેન્ચ અધિકારીઓએ તેમને આ વહાણની સહેલગાહ કરાવવાનો મને આગ્રહ કર્યો. કિલ્લાની બાજુમાં જ કઠણ રેતીવાળો વિશાળ પ્રદેશ હતો, એટલે મને તેમનો પ્રસ્તાવ સ્વીકારવામાં કશો વાંધો નહોતો. સઢ અને ટાયરયુક્ત પૈડાંવાળા મારા વહાણમાં મેં જ્યારે ફ્રેન્ચ અધિકારીઓને સહેલગાહ કરાવી, ત્યારે તેમના રોમાંચની કોઈ સીમા ન રહી. તેમના ચમકતા ચહેરા જોઇને પણ હું સમજી ગયો કે અમારા અહીંથી રવાના થઈ ગયા પછી આ લોકો કેટલા યે દિવસો સુધી અમારી ચર્ચા કર્યા કરશે.

અમે ટ્રિકવેટમાં ત્રણ દિવસ રોકાયાં. ત્રણ દિવસ દરમિયાન દરરોજ અમારા નવાનવા મિત્રો આવીને અમે આગળનો પ્રવાસ મુલતવી રાખીવા વિનતિ કરતા. તેમના એટલા બધા આગ્રહે મને પણ બે ઘડી વિચાર કરતો કરી મૂક્યો. મેં વિચાર્યું કે આખા કાફલા સાથે આગળ વધવાના બદલે પહેલાં હું એકલો જ આગળ જઇને રસ્તાની તપાસ કરી આવું. ત્રીજે દિવસે વહેલી સવારે હું જીપ લઇને દક્ષિણ તરફ ચાલી નીકળ્યો. સેનિગાલનો એ રસ્તો ખરેખર ખરાબ હતો. અમારાથી એ પસાર થઈ શકશે કે નહિ તે હું નક્કી કરી શક્યો નહિ. વહાણ આ ભાગમાં ચાલી શકે તેમ નહોતું જ. બંને મોટરગાડીઓ પણ રેતીમાં વારંવાર ખૂંપી જવાની શક્યતા હતી.

કિલ્લામાં પાછા ફરીને મેં મેરીને સલાહ આપી કે 'તું ફૉક્સવૅગન અહીં છોડી દઇને બાળકો સાથે વિમાનમાં બેસીને આગળ જતી રહે. હું અને પેદ્રો અનુક્રમે વહાણ અને જીપમાં બેસીને આ વિકટ રસ્તો પસાર કરવાનો પ્રયત્ન કરીશું, પછી તેમાં સફળતા મળે કે ન મળે.'

પણ મેરીએ મારી આ સલાહનો સ્વીકાર કર્યો નહિ, 'અમે હમેશાં તમારી સાથે જ રહીશું.' તેણે કહ્યું : 'તમે અમારી સાથે આવશો તો જ અમે વિમાનની મુસાફરી કરીશું, નહિતર આપણે બધાં સાથે જ મળીને વહાણ, જીપ અને કારથી આ રસ્તો પસાર કરીશું. જે તમારું થશે તે અમારું થશે.' બાળકોએ પણ આવો જ અભિપ્રાય વ્યક્ત કર્યો.

'આપણે ઘણો આરામ કરી લીધો.' મેરીએ કહ્યું : 'હવે આપણી પાસે પેટ્રોલ અને ભોજન-સામગ્રીનો નવો પુરવઠો પણ પૂરતા પ્રમાણમાં છે. આ લોકો આપણને રોકવાનો પ્રયત્ન કરે તે પહેલાં જ આપણે અહીંથી રવાના થઈ જવું જોઇએ.' હું માની ગયો. સવાર હજુ પડ્યુ નહોતું ત્યાં જ અમારી બધાંની ઊંઘ ઊડી ગઈ. વરસાદ વરસવા લાગ્યો હતો! સહરામાં વરસાદ કોઇ કોઈ વાર જ વરસે છે અને તે પણ નામમાત્રનો; પણ આજ એવો ભારે વરસાદ પડી રહ્યો હતો કે ઊંઘ કરવી મુશ્કેલ હતી. મોડેથી કૅમ્પ-વ્યવસ્થાપકે જ્યારે અમારા ઓરડાનું બારણું ખખડાવ્યું, ત્યારે પણ વરસાદ અટક્યો નહોતો.

'આપ જાણો જ છો' તેણે કહ્યું, 'કે અમારી ઈચ્છા શી છે. આપ આગળનો પ્રવાસ ચાલુ રાખો તેવું અમે ઈચ્છતા નથી. આપ વિમાન દ્વારા બાકીની સફર પૂરી કરશો તો અમને ઘણી ખુશી થશે. પણ અમને લાગે છે કે આપ અમારી વાત નહિ જ માનો. ખેર, આપને જેમ યોગ્ય લાગે તેમ કરવા માટે આપ મુક્ત છો. હું એ કહેવા માટે આવ્યો છું કે વરસાદ આપના માટે વરદાનરૂપ સાબિત થશે. દક્ષિણ મરુસ્થળની માઇલો સુધીની રેતી વરસાદથી દબાઇને કઠણ બની ગઈ હશે. પણ રેતીમાં પાણી જલદીથી ઊડી જઇને રેતી ફરી કોરી અને પોચી થઈ જશે. એટલે એ પહેલાં જ આપ ઊપડી જાઓ. જ્યાં સુધી આપનામાં શક્તિ હોય ત્યાં સુધી આગળ વધતા રહો ને શક્તિ ખલાસ થઈ જાય ત્યારે...' બાકીનું વાક્ય તેણે પૂરું કર્યું નહિ.

વીસ મિનિટમાં જ કૂચ શરૂ કરી દીધી. વરસાદ હજી યે વરસવો ચાલુ જ હતો. હજી અંધારું હતું એટલે મોટરની હેડલાઈટ્સના અજવાળે અમે આગળ વધ્યાં. આગળ થોડાક માઈલ સુધી પાકી સડક હતી. કોસ-પથ્થરો પણ સલામત હતા એટલે અમે સૂર્ય ઊગવાની રાહ ન જોઈ.

વહાણને અમે જીપ સાથે બાંધી દીધું હતું, કારણ કે વરસતા વરસાદમાં અને અંધારામાં તેના પર બેસીને મુસાફરી કરવાનું યોગ્ય નહોતું. બધાંથી આગળ ફૉક્સવૅગન, તેની પાછળ જીપ અને જીપની પાછળ વહાણ. બેસી ગએલી ભીની રેતીના ચીલા પર અમે ઝડપથી આગળ વધી રહ્યા હતા. સૂર્ય ઊગ્યા પછી વરસાદ વરસતો બંધ થઈ ગયો. રેતીમાં સારા પ્રમાણમાં પાણી સમાઈ ગયું હતું એટલે તે જલદી સુકાવાની નહોતી. આખો દિવસ અમે બહુ સરળતાથી સફર કરી. તે દિવસે અમે આગલા બધા દિવસો કરતાં વધુ અંતર કાપ્યું.

બીજા દિવસે, જેના વિષે અમને પહેલાંથી જ ચેતવવામાં આવ્યાં હતાં, તે તકલીફ શરૂ થઈ ગઈ. કઠણ રેતી પૂરી થઇને પોચી રેતી શરૂ થઈ. આવી રેતીમાં ઉપર એક કઠણ પડ હોય છે અને તેની નીચેનો ભાગ ખૂબ જ પોચો હોય છે. આ સ્થિતિ લગભગ ધ્રુવપ્રદેશોના જેવી છે, જ્યાં બરફના પડ નીચે ઠંડું પાણી વહેતું હોય છે. આવી પોચી રેતીને પસાર કરવાની એક જ રીત છે—શક્ય એટલી ઝડપ વધારીને જલદીમાં જલદી તેના ઉપરથી પસાર થઈ જવાની. જો વચ્ચે અટક્યા કે ઝડપ ઘટી તો ઉપરનું કઠણ પડ તૂટી પડે અને ચપટી વગાડતાંમાં નીચેની પોચી રેતીમાં ગળકી જવાય! ઘણી વાર લોકો આ રીતે જીવતાં જ રેતીમાં દફન થઈ જાય છે. આવી પોચી રેતીવાળા પ્રદેશને સહરાના લોકો 'સડેલી ધરતી' કહે છે.

'સડેલી ધરતી' પર વહાણ દોડાવવામાં મને કશી જ તકલીફ પડતી નહોતી, કારણ કે મોટરગાડીઓની સરખામણીમાં વહાણનું વજન ઓછું હતું. ઉપરનું પડ સખત હોવાને કારણે વહાણ માટે તે એક આદર્શ રસ્તો હતો. વળી, પવન પણ અમને અનુકૂળ હોઈ આ વિસ્તારમાં હું કલાકના ચાલીસ માઈલની ઝડપે વહાણને દોડાવી શક્યો હતો. પણ મોટરગાડીઓ માટે એ એટલું સરળ નહોતું. પૂરેપૂરી કાળજી રાખવા છતાં તે અવારનવાર રેતીમાં ફસાઈ જતી હતી. મારે વારંવાર વહાણને પાછું ફેરવીને એ ગાડીઓને રેતીની ફસામણમાંથી છોડાવવા જવું પડતું હતું.

ફસાઈ ગયેલી ગાડીને રેતીમાંથી બહાર કાઢવા પ્રથમ તો લાદેલો સામાન કાઢી નાખવો પડતો, 'સૅન્ડ-ટ્રૅક્સ'ની મદદથી અમે ગાડીને બહાર કાઢતાં અને પછી જોશથી આગળ દોડાવી મૂકીને સલામત સ્થાને એને થોભાવતાં. પછી ગાડીમાંથી ઉતારેલો સામાન ઊંચકીને ત્યાં લઈ જઈ ફરી એમાં લાદતાં અને આગળ વધતાં. આ સિવાય બીજો કોઈ ઉપાય પણ નહોતો. આમાં સમય પણ ઘણો વેડફાતો. વળી, ગરમી પણ વધતી જતી હતી. થર્મોમીટરનો પારો ૧૨૦ ડિગ્રી ફેરનહાઈટ ઊંચો ચડી જતો હતો. એ વિસ્તારમાં વચ્ચે વચ્ચે જો અમને નક્કર જમીનવાળા 'દ્વીપ' ન મળ્યા હોત તો અમે અમારો પ્રવાસ કેવી રીતે ચાલુ રાખી શક્યા હોત, તેની તો હું કલ્પના પણ કરી શકતો નથી. આવી નક્કર જમીન પર આવી ગયા પછી તે એટલી ગતિ પકડી લેતી કે વેગમાં ને વેગમાં એ વચ્ચે આવતો પોચી રેતીવાળો વિસ્તાર સડસડાટ પાર કરી જતી. વચ્ચેવચ્ચે અમે માર્ગ પણ ચાતરી જતાં. પણ આખરે અમે એ વિસ્તાર વળોટી ગયાં. હવે પછીનો ભાગ વૃક્ષોવાળો હતો ને એ વૃક્ષોનાં મૂળિયાંના આધારે ત્યાં રેતી પકડાઈ રહેતી હતી. પણ એ વૃક્ષ-ઝાડીમાં અમારું વહાણ ચાલે તેમ નહોતું. પરિણામે અમારી ઝડપ અરધી પણ રહી નહિ. એક માઈલ પૂરો થઇને બીજો માઈલ શરૂ થતો ત્યારે એવું લાગતું કે હજી અમારે આવા સેંકડો માઇલો કાપવા બાકી છે. આખરે રાત પડી એટલે અમે તંબૂ તાણી લીધો. અહીં અમને એક વાતનું આશ્વાસન હતું કે રાતે ઠંડીમાં ઠૂંઠવાવું નહિ પડે, કારણ અહીં સૂકાં લાકડાં ને ઘાસનું પૂરતું બળતણ મળે તેમ હતું. અમે એક મોટું તાપણું સળગાવી લીધું.

બીજે દિવસે થોડે દૂર પહોંચ્યા પછી અમારો કાફલો લગભગ પચાસેક ચોરસ માઈલના નક્કર અને સમથળ પ્રદેશમાં આવી પહોંચ્યો. આ ધરાતળ પર મેં મારા વહાણને વધુમાં વધુ ઝડપે દોડાવવાનો નવો વિક્રમ સ્થાપ્યો. બંને મોટરગાડીઓનાં ગતિમાપક યંત્રો અનુસાર લગભગ પંદર માઈલની એ પટ્ટી પર મારું વહાણ કલાકના સાઠેક માઈલની ઝડપે દોડ્યું! 'રેસિંગ' માટેનાં વહાણોમાં કેટલાંક એવાં સાધનો હોય છે, જે તેની ગતિ વધારે છે. મારા વહાણમાં આ પ્રકારની કશી જ જોગવાઈ નહોતી. જો આવી જોગવાઈ હોત, તો તે આ પટ્ટી પર એંશી કરતાં વધુ માઈલની ઝડપે અવશ્ય દોડ્યું હોત!

બપોરે અમે દૂરદૂર ઊંટોની એક વણઝારને પસાર થતી જોઈ. જેમ જેમ અમે આગળ વધતાં ગયાં, તેમતેમ સ્પષ્ટ થતું ગયું કે એ બધાં ઊંટ અમારી પાછળ જ દોડી રહ્યાં હતાં. અમે ધીમા પડી ગયાં, તો ઊંટોએ પણ પોતાની દિશા બદલી નાખી. હવે અમારા મનમાં કશી જ શંકા ન રહી કે તેઓ અમારી પાછળ જ પડ્યાં હતાં.

દૂરબીનથી જોતાં લાગ્યું કે એમાંના એકે ય ઊંટ પર માલ લાદેલો નહોતો. બધાં પર આગળ સવારો બેઠા હતા. મેં મેરીને કહ્યું: 'જરા ધ્યાનથી જો તો, તેમના પોશાક પર ફ્રેન્ચ લશ્કરના બૅજ છે કે નહિ?'

'બૅજ કોઈની પાસે લાગતા નથી.' મેરીએ દૂરબીન પરથી આંખો ખસેડ્યાં વિના જ કહ્યું: 'બધા અરબો છે ને ખભે રાઈફલો ભેરવેલી છે. તેઓ ખૂબ જ ઝડપથી આવી રહ્યા છે. આ લોકો લુટારા લાગે છે.'

મેં જીપ હંકારી રહેલા પેદ્રોને બૂમ પાડીને બોલાવ્યો. અમે બંનેએ એકીસાથે જ બ્રેક મારીને ગાડીઓ રોકી. બીજી જ ક્ષણે હું ફૉક્સવૅગનમાંથી બહાર કૂદી પડયો. અમે બંને ગાડીઓનાં ઍંજિન ચાલુ રહેવા દીધાં. મેં જલદીજલદી પેદ્રોને રિવૉલ્વર આપતાં કહ્યું: 'ગભરાવાની જરૂર નથી. હું જેમ કહું તેમ કર. આપણે તેમની સાથે અથડામણમાં ઊતરવું નથી. હજુ તે આપણાથી ઘણા દૂર છે. જો આપણે વધુમાં વધુ ઝડપે ભાગવું શરૂ કરીએ, તો કદાચ તેઓ આપણને આંબી નહિ શકે. બાળકો અને મેરીને લઇને હું આગળ આગળ ભાગું છું. વહાણ આપણી વૉક્સવૅગન સાથે બંધાએલું રહેશે. તું પાછળ અમારી સાથે જ રહેવાના પ્રયત્નો કરતો રહેજે. રીવોલ્વર તૈયાર જ રાખજે, પણ બને ત્યાં સુધી ગોળી છોડતો નહિ. કદાચ તેઓ ગોળીબાર કરે તો પણ આપણે તો બને તેટલી ઝડપે નાસી છૂટવાના જ પ્રયત્નો કરવાના છે. ગોળી છોડવી એ તો અંતિમ ઉપાય છે. ચાલો, હવે નાસવા માંડો.'

આ બધી વાત હું લગભગ એક જ શ્વાસમાં બોલી ગયો. પેદ્રોએ જેવું માથું હલાવીને કહ્યું કે તે મારી વાત સમજી ગયો છે, તેવો જ હું દોડીને ફૉક્સવૅગનમાં ધૂસી ગયો અને અમે તીરની જેમ ચીલા પર અમારી ગાડીઓ દોડાવી મૂકી.

થોડી જ વારમાં સ્પષ્ટ થઈ ગયું કે જો અમે ચીલા પર જ દોડતા રહ્યા તો ઊંટ જરૂર અમને આંબી જશે. પરિણામે મેં હાથ વડે પેદ્રોને જમણી બાજુ ફરવાનો સંકેત કર્યો અને જોરથી સ્ટીઅરિંગ ફેરવી નાખ્યું. ચીલો છોડીને વળવામાં મોટો ખતરો એ હતો કે ક્યાંક અમે પોચી રેતીમાં ન ફસાઇ જઈએ. જો આમ બન્યું તો અમે રેતીમાંથી અમારાં વાહનોને બહાર કાઢીએ ત્યાં સુધીમાં તો લુટારા અમને આંબી જાય. પણ ચીલાનો ત્યાગ અમે એ આશાએ કર્યો હતો કે કઠણ ધરાતળ પર ઊંટોના ચાલવાની ઝડપ ભલે અમારા કરતાં વધુ હોય, પણ રેતાળ ખાડા-ટેકરાવાળી જમીન પર ઊંટ કદાચ અમારી પાછળ રહી જાય.

અરબોને અમારી ચાલ સમજાઈ ગઈ. મેરીએ દૂરબીનમાંથી જોતાં કહ્યું કે કેટલાક અરબો હાથ હલાવીહલાવીને અમને આગળ વધતા અટકી જવાના ઈશારા કરી રહ્યા છે. પણ અટકી જવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નહોતો. દૂરબીન મૂકી દઇને મેરીએ દ્રઢતાપૂર્વક રાઈફલ ઉપાડી લીધી. હું ફૉક્સવૅગનને પૂરપાટ દોડાવી રહ્યો હતો. નાનામોટા પથ્થરો અને ઝાંખરાંઓ પર વૉક્સવૅગન દડાની માફક ઊછળી રહી હતી. વહાણ તો પોતાના ઓછા વજનના કારણે તેના કરતાં પણ વધુ ઊછળી રહ્યું હતું. પેદ્રો પણ જીપમાં બરાબર પાછળ આવી રહ્યો હતો. મેરીએ રાઈફલ બરાબર ભરેલી છે કે નહિ તે જોઈ લઈ તેનો સેફ્ટીકૅચ ખોલી નાખ્યો. તે સાથે જ તેણે બીજી રિવોલ્વર ઉપાડીને મારા ખોળામાં ફેંકી. બાળકો આ બધી ચેષ્ટાઓ શાંતિપૂર્વક જોઈ રહ્યાં હતાં. નાના કૉડીએ મને પૂછ્યું કે હું રિવોલ્વરના બદલે શૉટ-ગન લઉં તો કેમ? પાછલી સીટ નીચે એ રાખી હતી. મેં કૉડીને એ કાઢીને સીટ પર મૂકી દેવા અને કારતૂસોનો ડબ્બો ખોલીને તૈયાર રાખવા કહ્યું. હું અને મેરી ખૂબ જ હાફળાં-ફાંફળાં થઈ ગયાં હતાં, પણ બાળકોએ અજબ ધીરજ દાખવી.

એક-બે વાર ફૉક્સવૅગનના પાછલાં પૈડાં જોરજોરથી ફરતાં રહ્યાં, પણ ગાડી આગળ વધી નહિ. પૈડાં નીચે પોચી રેતી આવી ગઈ હતી. પથ્થરો અને ખાડા-ટેકરાવાળી જમીન પર રમકડાની માફક ઊછળનારી ફૉક્સવૅગનના શૉક-ઍબ્સોર્બન્ટ ગમે તે ક્ષણે તૂટી પડે તેમ હતાં. હું મનોમન ઈશ્વરને પ્રાર્થના કરી રહ્યો હતો.

કદાચ એ પ્રાર્થનાનો જ ચમત્કાર હશે: અકસ્માત અમે સમથળ અને કઠોર જમીન પર આવી ગયાં. ગાડીઓની ગતિ આપોઆપ વધી ગઈ. પેલા ખાડાખૈયાવાળા વિસ્તારમાં ઊંટસવારો અમારી પાછળ રહી ગયા હતા, પણ આ સમથળ અને કઠણ સપાટી પર તેઓ હવે ગમે ત્યારે અમારી લગોલગ પહોંચી શકે તેમ હતા. અમારી જેમ તેમની ઝડપ પણ વધવાની હતી. તો પછી અમારી ગાડીઓ ઊંટોનો મુકાબલો કરી ન શકે—તે અમને પકડી પાડયા વિના રહે નહિ. આશાનું ફક્ત એક જ કિરણ હતું: કદાચ તેમણે આ ખાડા-ટેકરાવાળા પ્રદેશમાં પ્રવેશ જ ન કર્યો હોય ને જો કર્યો હોય તો અધવચ્ચેથી જ પાછા ફરી ગયા હોય. ઊંટસવારોએ અમારી દિશામાં કેટલીક ગોળીઓ છોડી હતી, પણ દોડતા ઊંટ પરથી ગોળીઓ છોડવાનો ખાસ કોઈ અર્થ હોતો નથી. ગોળીઓ અમારી પાછળ ઘણે દૂર રેતીમાં પેસી ગઈ હતી.

અરધાક કલાક પછી અમે ફરી ચીલો શોધી લીધો. ઊંટસવારો હવે ઘણા પાછળ રહી ગયા હતા. કદાચ તેઓએ અમારો પીછો બરાબર કર્યો જ નહોતો, અથવા કદાચ જુદી જ દિશામાંથી આવીને અમને ઘેરી લેવાનો સંભવ હતો. પણ જો અમારું નસીબ જોર કરતું હશે તો રાત સુધીમાં તો અમે આગલા કિલ્લા સુધી સલામત પહોંચી જ જવાના.

—ને બન્યુ પણ એમ જ. નસીબે અમને ખરેખર યારી આપી. સાંજ ઢળતાં ક્ષિતિજ પર એ કિલ્લાનો પ્રકાશ દેખાવા લાગ્યો. એ પ્રકાશના આધારે અમને કિલ્લા સુધી પહોંચવામાં તકલીફ પડી નહિ. કિલ્લાના દરવાજે ત્રણ સશસ્ત્ર સંતરી પહેરો ભરી રહ્યા હતા. તેમણે અમને રોક્યાં. અમે કમાંડિંગ અફસરને સંદેશો મોકલ્યો. તે તુરત જ બહાર આવ્યો. હસતે મોંએ તેણે અમારું સ્વાગત કર્યું ને અમને અંદર લઈ ગયો.

'આપના માટે બે ખંડ તૈયાર રાખ્યા છે.' તેણે કહ્યું: 'અમને ઘણી ચિંતા થઈ રહી હતી, કારણકે અમે આપના બપોર સુધીમાં પહોંચી જવાની આશા રાખી હતી. સવારે રણ-ચોકિયાતોએ મને જાણ કરી હતી કે લુટારાઓની બે ટુકડીઓ આ બાજુ રખડી રહી છે. અમને ડર હતો કે આપ ક્યાંક તેમના હાથમાં ફસાઈ ગયા હશો. ખુશીની વાત છે કે આપને તેમનો ભેટો ન થયો.' મેં હસીને કહ્યું. 'ભેટો થતાંથતાં રહી ગયો!'

લૂંટારાઓથી બચવા માટે અમે જે ભયંકર દોટ લગાવી હતી: એથી વહાણની હાલત ખૂબ જ ખરાબ થઈ ગઈ હતી. ગોરાડ નામના આ કિલ્લામાં જો વેલ્ડિંગની વ્યવસ્થા ન હોત તો વહાણની મરામત કોઈ પણ રીતે ન થઈ શકત. હવે પછી દક્ષિણ સહરાના એટાર શહેર સુધી પહોંચવા માટે અમારે ત્રણસો કિલોમીટરનું અંતર કાપવાનું હતું.

એટારની દક્ષિણમાં જુજત, નોઆકચોત અને રોસ્સો એમ ત્રણ સ્થળે રોકાએલાં. તે પછી અમે સેન્ટ લૂઈ નદી ઓળંગીને સેનિગાલમાં દાખલ થયાં. એ પછી આગળ એક હાઈ-વે હતો જેના છેડે ડાકર શહેર છે. લોકો આને હાઈ-વે કેવી રીતે કહેતા હતા એ જ મને તો સમજાયું નહિ. ભીનાં લાકડાં ફૂલીને કેવા થઈ જાય છે? બરાબર આવો જ આ હાઈ વે હતો! આ હાઈ વે પસાર કરતી વખતે અમારા હાડકાંના સાંધેસાંધા જુદા થઈ ગયા હતા.

જ્યારે અમે ડાકરમાં પ્રવેશ કર્યો, ત્યારે વિજય અને છુટકારાની મિશ્ર ખુશીએ અમને ગળગળાં બનાવી દીધાં. આખરે અમે સહરાના એ ભયકર અને કુખ્યાત મરુપ્રદેશને કાર અને વહાણમાં સફર કરીને ઓળંગી લીધો હતો! □

ગૌરવભર્યાં વિનમ્ર ભક્તિભાવની એક સત્યકથા

ગામડાનો દર્શનાર્થી

લેખક · મુકુંદરાય પારાશર્ય

દક્ષિણ ભારતમાં મેંગલોર પાસે કન્હનગઢ રેલવે સ્ટેશનની નજીક આવેલા આનંદાશ્રમના સ્થાપક સ્વામી રામદાસ (ઈ. સ. ૧૮૮૩-૧૯૬૩) સૌરાષ્ટ્રની મુલાકાતે ૧૯૪૯થી ૧૯૫૭ સુધીમાં પાંચ છ વખત આવી ગયા. તેમને સૌરાષ્ટ્રમાં રહેવા-ફરવાની અનુકૂળતા માટે મારા શેઠ શ્રી ગુણવંતરાય ત્રંબકલાલ કામદારે ભાવનગરમાં રામદાસ આશ્રમ નામે આશ્રમ બંધાવી આપેલો. હાલ એ આશ્રમનું નામ બદલીને સત્યનારાયણ ભવન રાખવામાં આવ્યું છે. એ આશ્રમમાં સ્વામી રામદાસના નિવાસ દરમિયાન મારા શેઠ મને એમની તહેનાતમાં રાખતા. ઈ. સ. ૧૯૫૬માં એ ભાવનગર હતા તે સમયે વૃદ્ધાવસ્થાની નબળાઇને કારણે ડૉકટરની સલાહ મુજબ એ સૌરાષ્ટ્રના પ્રવાસે નીકળેલા નહિ, પણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં વસતા ભક્તો એમનાં દર્શને આવી શકે અને એ બે દિવસ સત્સંગનો લાભ લઈ શકે એ માટે દર્શનાર્થીઓના ખાવાપીવા તથા રહેવાની સગવડ શેઠે આશ્રમમાં કરેલી. વિશિષ્ટ વ્યક્તિઓ માટે જુદા ઉતારાઓની સગવડ કરેલી. વર્તમાનપત્રોમાં જાહેરાત દ્વારા આમંત્રણ પાઠવેલાં. મુંબાઈ, ગુજરાત, સૌરાષ્ટ્ર ઉપરાંત રાજસ્થાન, હિમાચલ પ્રદેશ તથા મધ્ય પ્રદેશમાંથી ભક્તો આવતા. પરદેશીમાં ઝ્યૂરિચના હૃદયરોગ-નિષ્ણાત પ્રો. ડૉ. એમ બૉસ તથા ડર્બિશાયરના મિ. સી. એ. ડડલી મુખ્ય ગણાવાય.

આશ્રમમાં કોને ઊતરવા દેવા, કોને ન દેવા, કોને અન્યત્ર ઉતારવા અને કોને બીજે ગોઠવણ કરી લેવા કહેવું એ કામ શેઠના નાના ભાઈ સુમતિલાલ કામદાર સંભાળતા. આશ્રમના સંચાલક એ હતા. માનાર્હ મંત્રી બાલકૃષ્ણ સો. શુકલ જાહેર કાર્યક્રમો ગોઠવતા. મારું કામ ફક્ત આવેલાની તહેનાતમાં રહેવાનું હતું. સવારના છ થી રાતના સાડા દસ સુધી રહેવાનું થતું. બેશક, બપોરના ૧ થી ૨ા ઘેર જમવા જતો. આમ બે અઢી માસ આશ્રમમાં ઘણાના નિકટના પરિચયમાં આવવાનું અને ઘણું ઘણું જાણવાનું મળ્યું.

સ્વામી રામદાસની સાથે આવેલા તેમના હોમિયોપૅથ ડૉકટર ફાટક સવાર સાંજ દરદીઓને દવા દેતા અને સ્વામીજીના કહેવાથી તે વખતે દેશી દવા હું આપતો. ડૉ. ફાટકને પંચોતેર વર્ષની વયે પણ શિષ્યભાવે આયુર્વેદ શીખવામાં રસ હતો અને હું તેમને સમજાવવા અંગ્રેજી ભાષાંતર સહિત ચરક સુશ્રુત વગેરે ગ્રંથો આશ્રમે રાખતો. વૃદ્ધ શિષ્યની આ પ્રવૃત્તિ જોઈ ડૉ. એમ. બૉસે પણ તે સમજવામાં ખરો રસ લીધેલો. આવા ઘણા પ્રસંગો વિગતે નોંધવા જેવા છે. પણ અહીં તો નથી રામદાસજી વિષે કહેવું કે નથી નામાંકિત આગંતુકો વિષે કહેવું. ફક્ત જેને હજી ભૂલી નથી શકતો તે એક વૃદ્ધ ભક્ત વિષે કહેવું છે.

ફેબ્રુઆરીની પહેલી તારીખ હતી. ઠંડી સાથે પવનનું જોર હતું. સવારે છ વાગ્યે હું આશ્રમે પહોંચ્યો ત્યારે ત્યાં ફૂટપાથ પર એક વયોવૃદ્ધ દુર્બળ માણસ બેઠેલો જોયો. આશ્રમનો ચોકીદાર ફાટકે ઊભો'તો. તેણે જણાવ્યું કે આ એક રોંચો રાતના બાર વાગ્યે સ્વામીજીના દર્શન માટે આવું છું એમ કહી અંદર આવતો'તો. મેં ના કહી તો ય ગયો નહિ. અહીં ફૂટપાથ ઉપર ઓઢ્યા વગર સૂઈ રહ્યો. બા'રગામનો નથી, કારણ કે હારે કાંઈ સામાન નથી. ઢોર જેવો છે. મેં ચોકીદારને કહ્યું : 'આટલી ટાઢ છે તો મકાનમાં ભલે ન જવા દેવો, પણ મંડપ નીચે સૂવા દેવો'તો ને ?'

ચોકીદારે કહ્યું : 'તમે નાના શેઠને ક્યાં નથી ઓળખતા ? મારી તો નોકરી જ જાય ! કોઈ જેવાતેવાને નો ગરવા દેવો એવો કડક હુકમ છે.' એની વાત ખરી હતી. મારું પણ ન ચાલે ત્યાં ચોકીદાર શું કરે ? 'સારું' કહી એ દર્શનાર્થી કોણ છે તે જાણવા હું તેની પાસે ગયો એટલે એણે ઊભા થઈ હાથ જોડી જે શ્રીકૃષ્ણ કર્યાં. તેણે મેલું ધોતિયું, ફાટેલ ભાગે ગાંઠ મારી, પહેર્યું'તું. ખમીસ મેલું બટન વગરનું હતું. તેમાંથી ગળે પહેરેલ તુલસીની માળા દેખાતી'તી. માથા પર મેલી ખાદીની ટોપી હતી. હજામત વધી'તી. મેં પૂછ્યું કે અહીં ઠંડીમાં કેમ બેઠા છો ? જવાબમાં તેણે કહ્યું કે સ્વામીજીનાં દર્શન માટે આવ્યો છું.


આશ્રમનો હું માણસ છું એમ જણાવી મેં પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે મારું નામ લવજી દામોદર. જાતે લુહાણા, રહેવાશી જસદણ પાસે કાનપર ગામનો. છાપામાં જાહેરાત વાંચીને સ્વામીજીનાં દર્શન માટે કાનપરથી હાલતો આવ્યો છું. રસ્તામાં સિહોર ગયા પછી પાછળથી ખટારો આવતો હશે ઈ ખબર ન રહી. એના ડ્રાઈવરે ઊતરી ધોલ મારી ગાળ દીધી ને કીધું કે 'સાંભળતો નથી, હૉર્ન મારું છું તે ? કચડાઈ મરત ! ડોસા, સરખો આમ હાલ.' એમ કહી બીજી બે ચાર ગાળ દીધી. મેં કીધું કે ભાઈ, ગાળ બોલવાને બદલે ખટારો મારા પરથી ફેરવી દીધો હોત તો તમને પુન્ય થાત ને હું ભગવાનનું નામસ્મરણ કરતો જાતો'તો એ ટાણે ચગદાયો હોત તો હું તો છૂટી જાત. એટલે એણે મને કોણ છું ને ક્યાં, શું કામ જાઉં છું, ઈ પૂછ્યુ. મેં કીધું એટલે એણે મને ખટારામાં બેસાડી દીધો. આંહી નીલમ બાગનો ચોક કહેવાય છે ત્યાં ઉતાર્યો. ત્યાંથી પૂછતો પૂછતો આંહી આવ્યો. આંહી ચોકીદારે કીધું કે ભિખારીને અંદર ગરવા નથી દેતા. હું યે સમજું કે મધરાતે કાંઈ દર્શન નો હોય. મને થયું કે ઠાકોરજીની મરજી. થાશે ત્યારે દર્શન કરશું. ભગવાનની કૃપા છે. સ્વામીજીની સેવામાં છો એટલે તમે મારી વાત સમજશો. તમે જુઓ છો. કોઈ અગવડ નથી. કલાક પહેલાં આ સામે સ્ટેશને જઈ નળે નાહી આવ્યો છું.

મેં કહ્યું : 'ભારે કરી ! એંશી માઈલ દૂરથી તમે ચાલતા આવ્યા !' તેણે કહ્યું : 'એમાં શું ભાઈ ? આવા સંતમહાત્માના દર્શનનો લાભ લેવા આવવું એ કાંઈ દૂર ન કહેવાય. પે'લાં તો જીવડો માનતો નો'તો. કે' કે ગઢપણમાં ક્યાં ડેબાં ખાવા જાય છે ? વળી થયું કે જીવ, માણસ હાલીને કાશીકેદાર જાય છે. આવા સંત તો આપણા જીવનકાળમાં હોય એ જ ભાગ્ય. આટલું હાલવાથી જો આજ થાકીશ તો પુન્ય રળ્યા વગર જનમો જનમના ફેરાથી કેટલું થાકીશ ? માટે આળસ કર મા. ને હું આવ્યો.'

મેં કહ્યું : 'ચાલો તમે આશ્રમમાં. ચા-પાણી પીઓ.' તેણે કહ્યું કે કોઈ ટેવ નથી. ચોકીદારે મને કહેલી વાત એણે સાંભળી હશે. મને કહે : 'તમે મને આશ્રમમાં આવવાનું કહો છો તે ઠીક છે. તમારી ફરજ છે. પણ તમે નોકર, ચિઠ્ઠીના ચાકર છો. મારે ય સમજવું જોઇએ ને ? ખાનદાન માણસોની વચમાં મારે ન અવાય.'

એવામાં આશ્રમમાંથી મને કોઇએ બોલાવ્યો. હું અંદર ગયો. કામ પતાવ્યું ત્યાં સમય થએલો એટલે સ્વામીજી પાસે ગયો. માતાજી કૃષ્ણાબાઈ ત્યાં હતાં. એ બંનેને દર્શનાર્થે આવેલા આ ભક્તની વાત કરી. પ્રસન્નતાથી સાંભળી સ્વામીજીએ કહ્યું : 'એને રામદાસનાં દર્શન કરવા ઉપરાંત કંઈક વાત કહેવી હશે. એને હમણાં જ અંદર લાવો. એવા ભક્તને મળીને રામદાસ પ્રસન્ન થાય છે.'

ભજનના સમય પહેલાં આવા માણસને અંદર જવા દેવાથી પોતાની નોકરી જવાનો ભય ચોકીદારે ફરી જાહેર કર્યો, એટલે ભક્તે અંદર આવવાની ના કહી. સ્વામીજી બોલાવે છે તેથી તેડવા આવ્યો છું, એમ મેં જણાવ્યું ત્યારે બંને અનુકૂળ થયા. ભક્ત સ્વામીજીના રૂમમાં આવ્યા. સ્વામી રામદાસજી, માતા કૃષ્ણાબાઈ ને સચ્ચિદાનંદજી સિવાય રૂમમાં કોઈ ન હતું. માથા પરથી ટોપી ઉતારી તે વૃદ્ધ દંડવત્ પ્રણામ કરવા નમ્યા



શિખર

ભારતીય મંદિરનાં વિવિધ અંગ (૧૦) લેખક હરિપ્રસાદ સોમપુરા

ભારતીય મંદિરોમાં શિખરનું સ્થાન બહુ મહત્ત્વનું છે. ધાર્મિક તેમજ આધ્યાત્મિક દૃષ્ટિએ શિખર એ ઊર્ધ્વગમનનું સૂચક ચિહ્ન છે. આકાશ પ્રતિ અંગુલિનિર્દેશ કરતું શિખર પોતાની ઊંચાઈ દ્વારા મનુષ્યને સદા ઉચ્ચ દૃષ્ટિ રાખવાનું સૂચવે છે. આ શિખર એટલે ગર્ભગૃહની બાહ્ય ભીત્તિઓ તેમજ મંડોવરની ઉપરનો ઊર્ધ્વ ભાગ. જેમ મંડપની ઉપર ઘુમ્મટ હોય છે, તેમ મંડોવરની ઉપર શિખર રચવામાં આવે છે. ભોંતળ ઉપરના ગર્ભગૃહની ઉપર જેમ શિખર કંડારવામાં આવે છે, તેમ ઉપલે માળે શિખરમાં પણ એક ઉપરી ગર્ભગૃહ મૂકવામાં આવે છે. ખાસ કરીને જૈન મંદિરોમાં આવી રીતે ઉપલા શિખરમાં ગર્ભગૃહ જોવા મળે છે.

શિખરરચનામાં બહુધા સ્થાનિક તેમજ વજનમાં હળવો પથ્થર વપરાય છે. પશ્ચિમ ભારતનાં જેટલાં નાગરાદિ શૈલીનાં મંદિરો છે તેમાં ગુજરાત-સૌરાષ્ટ્રના પથ્થરો જ વપરાયા છે. આ પથ્થર એટલે ધ્રાંગધ્રાનો, હિંમતનગરનો અને પોરબંદરનો પથ્થર. શિખર માટે વિશેષતઃ પોરબંદરનો પથ્થર વપરાય છે, કારણ આ પથ્થર વજનમાં હલકો હોવા ઉપરાંત, જ્યારે ખાણમાંથી કાઢવામાં આવે છે ત્યારે તે ખૂબ નરમ હોય છે. આથી મંદિરની ઊંચાઈ ઉપર શિખરમાં ફૂડચલ (ડિઝાઈન) કંડારવા માટે તે વધુ અનુકૂળ છે. દિવસો જતાં આ પથ્થર વરસાદ-પાણી ને તડકાની અસરથી કડક થતો જાય છે અને અંતે એ વજ્ર સમાન સખત થઈ જઈ વરસાદ, વીજળી અને ધરતીકંપનો પણ સામનો કરી શકે એટલો ખમતીધર બની રહે છે. વળી, વજનમાં પણ હલકો હોવાને કારણે મંદિરનાં શિખર શક્ય હોય તો આ પથ્થરમાંથી જ બનાવવામાં આવે છે, જેથી તેની નીચેનો ભાગ વજનને કારણે દબાઈ ન જાય.'[1] ગુજરાત બહાર પણ કેટલાંક મંદિરોમાં આ પોરબંદર–પથ્થરનાં શિખર કરવામાં આવ્યાં છે. દા. ત. શહાડનું બિરલા મંદિર, ચાફળનું રામ મંદિર, ગણેશપુરીનું નિત્યાનંદ સમાધિ મંદિર, સગમનેરનું પાર્શ્વનાથ જૈન મંદિર ઈત્યાદિ જેવાં ગુજરાત બહારનાં ઉદાહરણો છે.

'હિંદુ મંદિરોમાં શિખર કંડારવાની પ્રથા લગભગ પાંચમી સદીમાં શરૂ થઈ. એ પહેલાં મંદિરોની છતો સપાટ ઢાંકણયુક્ત રહેતી. આ સપાટ છતનાં મંદિરોમાં એરણનું મહાવિષ્ણુ મંદિર સૌથી પ્રાચીન ગણાવી શકાય. જ્યારે દેવગઢનું દશાવતાર-મંદિર ગુપ્ત કાલનું પ્રારંભિક શિખરવાળું મંદિર છે.[2] ગુપ્ત કાળ પછી ભારતમાં મંદિરોનાં ઢાંકણ પરત્વે એક નવી જ શિખરશૈલી પ્રસ્થાપિત થઈ અને સમગ્ર ભારતમાં કંઈક વિશિષ્ટ અને વિભિન્ન સ્વરૂપે વિકાસ પામી. ભારતીય વાસ્તુવિદ્યાના ગ્રંથોમાં આ શિખરશૈલીના નાગર, વેસર અને દ્રવિડ એમ ત્રણ મુખ્ય ભેદ બતાવાયા છે. આમ તો ભારતીય પ્રાસાદોની ૧૪ શૈલીઓ વિવિધ શિલ્પગ્રંથોમાં વર્ણવવામાં આવી છે. પરંતુ વાસ્તવમાં તે મંદિર-રચનાની જ પ્રાદેશિક શૈલીઓ છે; તેને માત્ર શિખરની જ વિવિધ શૈલીઓ ન ગણી શકાય. આ ચૌદ જાતિઓ એટલે નાગર, દ્રવિડ, લતિન, ભૂમિજ, વિમાન, મિશ્રક, વરાટ, સાંધાર, વિમાન-નાગર, વિમાન-પુષ્પક, વલભી, સિંહાવલોકન, દારુજ અને નપુંસક (ફાંસાકાર). આપણે જોઇએ છીએ કે ઉત્તર ભારતના પશ્ચિમ વિભાગે નાગર શૈલીનાં શિખરો જોવા મળે છે જ્યારે દક્ષિણમાં દ્રવિડ જાતિનાં શિખરો છે. ભારતના દરેક પ્રાંતમાં વિભિન્ન શિખર-શૈલીઓ જોવા મળે છે.

શિખરને સજાવવાની પ્રથા ગુપ્ત કાળથી જોરદાર રીતે શરૂ થઈ. જેમ ઘુમ્મટને અંદરથી કલાત્મકતા બક્ષવામાં આવી, એવી જ રીતે શિખરના બાહ્ય ભાગે ઊંચાઈ ઉપર ઝીણી અલંકૃતિઓ કંડારાઈ. નાગર શિખરશૈલીની અલંકૃતિને શિલ્પીઓની તળપદી ભાષામાં 'ફૂડચલ ખોદવા' એમ કહે છે. તારંગા, નાગદા, રેણુકૂટ, શહાડ આદિ મંદિરોનાં શિખર ફૂડચલ (અલંકૃતિ)થી અત્યંત સોહે છે, જ્યારે નવા સોમનાથનું શિખર ફૂડચલ વિનાનું છે. તે જોતાં દર્શકોને સમજાશે કે શિખર-સ્થાપત્યમાં બારીક શિલ્પની અલંકૃતિ (ફૂડચલ) ઉમેરાય તો તે અત્યંત શોભાયમાન બને છે.

આધુનિક યુગમાં અત્યારે મંદિરોમાં જે નાગર શિખરો થાય છે તેમાં કોણ જાણે કેમ પ્રાચીન મંદિરોમાં જળવાતું એવું પ્રમાણભાન જળવાઈ શકતું નથી. પરિણામે શિખર બેડોળ લાગે છે. દા. ત. સોમનાથનું શિખર બેઠી દડીનું, નીચેથી પહોળું અને ઉપરથી અત્યંત ઠીચકું, સ્થૂળ જણાય છે, જ્યારે ગણેશપુરીનું શિખર અત્યંત લાંબું. પરિણામે જાણે ખરલમાં બત્તો ઊભો હોય એવું લાગે છે. મહેસાણાનું મંદિર એના કોણની દૃષ્ટિએ અત્યંત ચોરસ જણાય છે. ઉપર જતાં આ કોણ ધીમે-ધીમે જેટલા પ્રમાણમાં નમવા જોઇએ એટલા નમેલા જણાતા નથી. પરિણામે તે ચોરસ ટાવર જેવું લાગે છે. કહેવાની મતલબ એ કે હજી સ્થપતિઓ શિખર બાબત પ્રાચીન કાળની પ્રમાણબદ્ધતા જાળવી શકતા નથી. ક્યાંક ને ક્યાંક તેમનાથી માપમાં કશીક ભૂલ રહી જાય છે. પરિણામે શિખરનો આકાર યોગ્યરીતે નાગર શૈલીનો ઊપસતો નથી. 'શિખર છોડતી' વખતે (અર્થાત્, શિખરનો ફુલ સાઈઝ ફર્મો બનાવતી વખતે) આકાર સંબંધી ખયાલ રાખવો જોઇએ. અથવા પ્રથમ પ્લાસ્ટરનું મૉડેલ બનાવ્યા બાદ જ શિખરનાં માપો લેવાં જોઇએ જેથી ભૂલ થવા-

૧. મંદિરોની બાંધણી (પરિચય પુસ્તિકા: ૩૮૯, પૃષ્ઠ ૨૩.)

૨. મંદિર શિખરો કા શિલ્પવિકાસ–નવભારત ટાઈમ્સ, તા. ૧૨-૧૨-'૭૬. લે. શશિ અરુણ.


ત્યાં જ એમની આંખો આંસુથી છલકાઈ ગઈ. પગમાં પડયા રહી એ આંસુ સારવા લાગ્યા. પછી ડૂસકાં શરૂ થયાં. માતાજીએ પૂછયું: 'એની શી ઈચ્છા છે?' મેં કહ્યું: 'મને ખબર નથી.' વૃદ્ધે ડૂસકું દબાવી સ્વામીજી સામે જોઈ, પોતાની છાતી તરફ આંગળી કરી પ્રયત્નથી કહ્યું: 'ભગવાન! આ ગાંઠ કાપી નાખો. આ હું-હું-કાર સહન નથી થતો. કોઈના તરફ દ્વેષ નથી, તેમ નથી કાંઈ જોઈતું. પણ હજી બધું ભગવાન રૂપ નથી લાગતું. ગુરુકૃપા વગર હવે નહિ બને.'

સ્વામીજી કહ્યું: 'ધીરજ ધરો. ભગવાનની કૃપા બધું કરશે.'


વૃદ્ધે કહ્યું: 'એ કૃપા છે; અનુભવું છું. નહિ તો ક્યાં આપ ને ક્યાં હું? મારાં એવાં તે ક્યાં પુન્ય કે હું આ ભવે આપનાં દર્શન પામું?'

સ્વામીજીએ કહ્યું: 'બસ, રામનામ જપ્યા કરો. એ જ ઉપાય છે. રામ જેટલા પ્રેમભર્યા સ્મરણથી પ્રસન્ન થાય છે એટલા શેનાયથી થતા


પ્રાચીન ભારતીય શિખરના કેટલાક પ્રકાર



દ્રવિડ શિખરોના પ્રકાર – અનુક્રમે: (૧) ચતુરસ્ર. (૨–૩) વૃત્ત, (૪) અષ્ટસ્ર અને (૫) કપૈરી–પદ્મપત્રી.



ઉપર: ડાબી બાજુથી – ઈ. ૪૦૦ના અરસાનું ભીતરગાંવના મંદિરનું ઇંટથી ચણેલું શિખર, ઐહોળેનું ઈ. ૫૦૦ના અરસાનું શિખર, પટ્ટદકલનું ઈ. ૬૦૦ના અરસાનું, ઓસિયાનું ઈ. ૮૦૦ના અરસાનું અને કાંગરાનું ઈ. ૧૨૦૦ના અરસાનું શિખર. નીચે અનુક્રમે: ભુવનેશ્વરનું ઈ. ૧૦૦૦ના અરસાનું, બંગાળનું પાલ શૈલીનું ઈ. ૯૫૦ના અરસાનું, ખજુરાહોનું ઈ. ૧૦૦૦ના અરસાનું, ગુજરાતનું ૧૦મી સદીનું અને નાશિક તરફનું ૧૨મી સદીનું શિખર. –સં.



નો સંભવ ન રહે.

આકાર પરત્વેની બેડોળતા અને પ્રમાણભાન બાદ કરતાં અલંકરણ-દૃષ્ટિએ આ શિખરો પ્રાચીન કાળથી જરા યે ઊતરતાં નથી એટલું નોંધવું જોઇએ. ખજૂરાહો મંદિરોનાં લગભગ બધાં જ શિખરો સુંદર છે. મારા મતે મધ્ય પ્રદેશ, ગુજરાત અને રાજસ્થાનનાં પ્રાચીન મંદિરોનાં શિખરો પ્રમાણબદ્ધતા અને અલંકૃતિની દૃષ્ટિએ સમગ્ર ભારતમાં શ્રેષ્ઠ છે; જ્યારે દક્ષિણનાં શિખરો સ્થાપત્યકીય વિશાળતા, ઊંચાઈ અને ભવ્યતા ધરાવે છે. આ નાનકડા લેખમાં વિસ્તારના ભયે એ સર્વેની આગવી વિશેષતા સમજાવવી શક્ય નથી, એટલે એમના માત્ર ઉલ્લેખથી જ સંતોષ લઇએ. □

૩. શિખરોના પ્રમાણ અંગે સોમનાથના શિખરના ઉલ્લેખ પાછળ કોઈ વ્યક્તિની ટીકા કરવાનો બિલકુલ ઉદ્દેશ નથી. એમ તો ગણેશપુરીના શિખરની ખામી પણ મેં દર્શાવી છે, જ્યાં હું પોતે જ સુપરવાઈઝર હતો. — લેખક

નથી; હવન-હોમ, યાત્રા-યોગ કે વેદાન્તથી પણ નહિ. પ્રેમથી રામનું અહોરાત્ર સ્મરણ કરો. એ ઝટ ફળશે.' આમ કહી એમણે વૃદ્ધનો વાંસો થાબડી માથે હાથ ફેરવ્યો.

વૃદ્ધ સ્વસ્થ થઈ ઊભા થયા પછી સ્વામીજીએ તેમની કૌટુંબિક બાબતો પૂછી. તેમાંથી જાણવા મળ્યું કે આર્થિક સ્થિતિ પહેલેથી જ ખરાબ રહી છે. ખભે કોથળો નાખી કાનપર ને આજુબાજુનાં ગામડાંમાં ફેરિયાનો ધંધો કરી ગુજરાન ચલાવતા'તા. એનો અઢાર વર્ષનો દીકરો હમણાં ટાઇફૉઈડ રોગમાં બીમાર રહ્યો. રોગે બે-ત્રણ વખત ઊથલો મારેલો. અમથું યે વ્યવહારમાં મન ચોંટતું નહિ. ભણ્યા ન હતા પણ ગીતા, ઉપનિષદ, રામાયણ, ભાગવત, વિચારસાગર વગેરે ગ્રંથોનું સારું શ્રવણ કરેલું અને સાધુસંતોની સેવા કરી, ઉપદેશ ઝીલી આચારમાં ઉતારવા મથતા રહ્યા હતા. સત્તાવન–અઠ્ઠાવનની ઉંમર હતી. ગઈ કાલે કશું ખાધું ન હતું.

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૮૬

જીભ ખેંચાવી

આ રોગમાં બોલવા જતાં જીભ અચકાય છે, શબ્દો સ્પષ્ટ બોલી શકાતા નથી યા શબ્દો બેવડાઈ જાય છે, બોલતી વખતે વ્યક્તિનો જીવ ચૂંથાય છે. સામાન્ય રીતે તંદુરસ્ત જીભ પાતળી, આગળથી વધુ પાતળી અને સાંકડી, મેલ વગરની હોય છે. જ્યારે આ રોગમાં જીભ જરા જાડી બની જાય છે.

બોલવામાં તકલીફ પડે એવી સ્થિતિને સંસ્કૃતમાં 'ગદ્ગદત્વ' કહે છે. બાળકોમાં આ રોગ વિશેષ જોવા મળે છે. એ કાયમી ખોડ રહી જાય તો મોટી ઉંમરે પણ બોલવામાં મુશ્કેલી પડે છે. આયુર્વેદની દૃષ્ટિએ જીભમાં રહેલા બાધક કફની દુષ્ટીને કારણે આ રોગ થાય છે.

ઉપચાર : ૧) અક્કલગરાના ટુકડાને મોંમાં ચગળ્યા કરવો. ૨) વજના ચૂર્ણને મધમાં કાલવીને જીભ ઉપર લગાવવું. ૨) મરી કે પીપરના ચૂર્ણને મધમાં મેળવી જીભ ઉપર લગાવવું. ૩) બહુ ચીકણો, ભારે, ઠંડો અને કફપ્રકોપક આહાર ન કરવો.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

સ્વામીજીએ મને સૂચના આપી કે તેમને આશ્રમમાં જ રહેવા-જમવાની સગવડ કરી દેવી અને મારું તે કામ સ્વામીજીએ જ નાના શેઠને કહી સરળ કરી દીધું. ભજન વખતે લવજીભાઈ ભજનહૉલમાં બેઠા, પણ તે પૂરાં થતાં બહાર મંડપ તળે જઈ બેઠા. જમવા અંદર આવેલા, પણ પાછા બહાર ને બહાર. રાતે સૂતા પણ બહાર.

બપોરે ભોજન વખતે એક પંગતે બેસવાને બદલે એ જુદા બેઠા. કારણ એ હતું કે ગરીબ માણસ મોટા માણસો સાથે બેસે તે બરાબર નહિ. એવી લઘુતાગ્રંથી ન રાખવા મેં કહ્યું ત્યારે તેમણે જણાવ્યું કે સામા માણસનો વિચાર કરવા સિવાય એમનો આ વર્તનમાં બીજો ઈરાદો નથી. જમતી વખતે માખણ, ઘી કે અથાણું, કશું એમણે ન લીધું. મેં આગ્રહ કરીને કહ્યું કે મારાં શેઠાણી ચંપાબહેન જમાડીને રાજી થાય તેવાં છે અને તેણે તમારી સંભાળ રાખવાનું કહ્યું છે, ત્યારે તેણે કહ્યું કે તમારા બધાની કૃપા છે તો આ રોટલી, દાળભાત, બધું રાજદરબાર જેવું ખાવા મળ્યું છે. પણ મારાથી તો મારા જોગું જ ખવાય. જીભ વગેરે ઇન્દ્રિયોને કાબૂમાં રાખી સારી.

સાંજે એ એકલા હતા. હું પાસે ગયો એટલે એમણે ગદ્ગદ્ કંઠે સ્વામીજીનાં વખાણ કર્યાં. મેં તેમની ભક્તિની પ્રશંસા કરી. તેમણે કહ્યું : 'આત્મનિંદા એ પાપ છે, પણ આત્મનિરીક્ષણથી જે સાચું લાગે તે માણસે સ્વીકારવું જોઈએ ને ભૂલ સુધારવી જોઈએ. મારી નિંદા હું નથી કરતો, પણ વાત નીકળી એટલે કહું છું. પોતે સારો હોય એ સહુને ગમે. અને અમસ્તું યે માણસને પોતાનાં વખાણ ગમે. પણ વખાણ સાંભળી ભુલાવામાં ન પડવું જોઈએ. હું કેવો છું એની મને ખબર છે. ભાઈ, સંસારી જીવમાં ખરી ભક્તિ થતાં બહુ વાર લાગે છે. તાલીના તડાકા અને સંતો પાસે જવા-આવવાનું ઘણીવાર બને, પણ ભક્તિનો રંગ ચડવો એ બાબત કઠણ છે.'

પછી વાતમાંથી વાત નીકળતાં મેં કહ્યું કે મારી વિનંતીને માન આપો તો મારી એક ઈચ્છા છે. તેણે કહ્યું કે વિનંતી નહિ, આજ્ઞા કરો. મેં કહ્યું તમારા જેવા સાત્ત્વિક માણસ કંઈક સ્વીકારે તો મને પુન્ય મળે. તમને ભાડામાં ઉપયોગમાં આવે. કહી મેં દસ રૂપિયા આપવા માંડયા. હાથ અડાડયા વગર તેણે કહ્યું : 'બોલો છો શું? હું સદ્ગુરુ સ્વામીજીનાં દર્શને આવ્યો છું. આ માયામાં મારે પડવું નથી. સ્વામીજીએ મને એક રાત રહેવા કહ્યું છે એટલે રે'વું છે. નહિ તો જાત. મને એક રાત સુખે રે'વા દો.' રાતે હું સ્વામીજીની રજા લેવા ગયો ત્યારે તેમણે કહ્યું કે એ ખરા ભક્ત છે, નિષ્કામ છે. તેને રામદાસે કંઈક આપવું જોઈએ. એ વખતે મેં કરેલા પ્રયત્નની મેં વાત કરી. તે સાંભળી મુક્ત કંઠે હસી રામદાસ સ્વામીએ કહ્યું : 'ભક્તોની રીત અનોખી હોય છે. એને કે'જો કે રામદાસને મળ્યા વગર ચાલ્યા ન જાય.'

વળતે દિવસ સવારે એ રામદાસજીને મળ્યા ત્યારે હું હાજર ન હતો. પણ તેણે જ મને કહ્યું કે સ્વામીજીને નિરાંતે મળ્યો છું. કૃપા કરી ઉપદેશ દીધો. આજ બપોરે ગામ જવાની રજા લીધી છે. જતાં પહેલાં મળવાની આશા કરી છે. પોતે ઘણી કૃપા દર્શાવી છે. આ સ્વામીની સેવામાં એક બે માસ રહેવાય તો ભવફેરો ટળી જાય. મેં કહ્યું કે લાભ લેનાર ભક્તમાં તમારા જેવી ભાવના જોઈએ.

બપોરે દોઢ વાગ્યે લવજીભાઈ સ્વામીજીની રજા લેવા આવ્યા. સ્વામીજીએ મને કહેલું એટલે હું હાજર હતો. દંડવત્ પ્રણામ કરી લવજીભાઈ એ વખતે પણ ખૂબ રડયા. મેં કહ્યું : 'ઊઠો ભાઈ!' સ્વામીજીએ કહ્યું કે ભલે હૈયું ખાલી કરે.

સારી વાર સ્વામીજીએ વાંસા પર હાથ ફેરવી એમને બેઠા કર્યા. માતાજી કૃષ્ણાબાઈ નવાં કપડાંનું બંડલ લઇ ઊભાં'તાં. મને તેમણે જણાવ્યું કે તેમાં બે સાડલા, એક ધોતીજોટો ને બે તાકા નેનક્લૉથના છે. એ બંડલ તેમણે લવજીભાઈ ને આપવા માંડયું, પણ એ ભક્ત ફરી રડી પડયા. પગે પડી બોલ્યા : 'કૃપાનાથ! માયામાં ન નાખો. તમારાં દર્શને આવી ભવફેરો ટાળવો છે. આ ગાંઠ કાપવી છે. મારા પર કૃપા કરો.'

સ્વામીજીએ કહ્યું : 'કૃપા છે જ. પણ તેને આ વાત સાથે ન સાંકળો. વ્યવહારમાં આ ઉપયોગી થશે.' માતાજીએ કહ્યું : 'પ્રસાદ છે; લઈ લો.'

વૃદ્ધે કહ્યું : 'દયા કરો. મારો જીવ ના કહે છે. હું સંસારી છું. મારે તો આપને ચરણે ઘણું ધરવું જોઈએ, પણ ગરીબ હૃદય સિવાય મારી પાસે કાંઈ નથી.'

સ્વામીજીએ કહ્યું : 'જુઓ વ્યવહાર જાળવવો જોઈએ. ધન તરફ દ્વેષથી ન જુઓ. તમારી દૃષ્ટિમાં એટલો ફેર કરો.'

'જેવી આપની આજ્ઞા, કૃપાનાથ! પણ આ વખતે તો સંકલ્પ છે એટલે કંઈ નહિ કરી શકું. માતાજીએ પૂછ્યું : 'જશો કઈ રીતે? ચાલીને?'

'હા જી. એમાં શું? આ દેહને ટેવ છે.' તેણે કહ્યું.

સ્વામીજીએ કહ્યું : 'દર્શન કરી પાછા ચાલતા જાઓ એ ન બને. આ લો.' કહી પચીસ રૂપિયા આપવા માંડયા. એણે કહ્યું : 'આપની આજ્ઞાનું ઉલ્લંઘન ન થાય ને મારું "પણ" રહે તેમ કરો. જસદણની ટિકિટના રૂપિયા ત્રણથી વધુ નહિ થાય.' કહી રૂપિયા ત્રણ સ્વીકારી, માથે ચડાવી, ફરી સ્વામીજીના પગે પડી, આશીર્વાદ લઈ ઊભા થતી વખતે એ ત્રણ રૂપિયા સ્વામીજીના ચરણે મૂકી છલકાતી આંખે આશ્રમેથી એણે વિદાય લીધી!

એકાદ દિવસના પરિચયે 'એ જરૂરી નાદાન હતો' એવો અભિપ્રાય, વણમાગ્યો, બુદ્ધિવાન ગણાતા માણસો પાસેથી મેં સાંભળેલો. એની પાછળ મેં નકામો વખત બગાડયો એમ કહી કોઈ કોઈએ મારી ભૂલ બતાવી. એ રીતે અભિપ્રાય હું બાંધી શકતો નથી, બુદ્ધિની એ ખામી હશે. પણ એ આડવાત છે. એ પછી ત્રણેક વરસે વૈશાખની એક રાતે એ મારે ઘેર અચાનક આવી ચડયા. એ ગોપનાથ દર્શને ગએલા. વળતાં મને મળવા આવેલા. હું બહુ રાજી થયો. મેં સાથે જમવા કહ્યું. તેણે તરત હા કહી. જમીને અમે ખાટલા નાખી કમ્પાઉન્ડમાં સૂતા. રાતના એક-દોઢ સુધી વાતો કરી. સવારે ચાર વાગ્યે હું જાગ્યો ત્યારે એ પથારીમાં ન હતા. કદાચ શૌચે ગયા હશે એમ અનુમાન કર્યું, પણ એ ખોટું ઠર્યું. એ પાછા ન જ આવ્યા. □

પતંગિયાનું સ્થાનાન્તર


લેખક · હરિનારાયણ આચાર્ય

૧

આસો વદિ ૧૦. સૌ. વિજયાની જન્મતિથિ. એ નિમિત્તે શ્રી માતાજીનો થાળ કરવા હું ભાંખરાંવાળાં અંબાજી-ક્ષેત્ર (C ૨૩૦૦’) આવ્યો હતો. પૂજનવિધિ પતાવી, બસની રાહ જોતો, જૂના બસ સ્ટૅન્ડના મુસાફરખાનામાં બેઠોબેઠો સામે આવેલા પીપળાની વિશાળ ઘટામાં કાશ્મીરી ચાષ[1]ના દર્શનની અપેક્ષાએ બાઈનોક્યુલર માંડીને જોઈ રહ્યો હતો. ધારીધારીને શોધવા છતાં ચાષ તો નજરે પડ્યો નહિ, પણ દૂરબીનના કાચની આડે ધોળા કાગળના ટુકડા[2] ઊડતા દેખાયા. અહીં કોઈ મેડીમાળવાળું મકાન તો હતું નહિ, તો પછી કાગળના ટુકડા ક્યાંથી એની વિમાસણમાં દૂરબીન ખસેડી નરી આંખે જોઉં છું તો એ ‘ઊડતા’ ટુકડા કાગળના ન હતા પણ મોટી કાયાવાળાં શ્વેત વર્ણનાં પતંગિયાં હતાં. ઉત્તરમાંથી આવીને દક્ષિણ–પશ્ચિમ ભણી, તીડનાં ટોળાં પેઠે વાદળની ઘેરી ઘટા સમા મોટા જૂથમાં નહિ પણ છૂટાંછવાયાં, ક્વચિત બે બે ચારચારનાં ઝૂમખાં રૂપે, એકધારા પ્રવાહે ઊડી રહ્યાં હતાં. ભોંયથી ચાર છ ફૂટ અધ્ધર અને પીપળાની ટોચ સુધી આખો વિસ્તાર–મુસાફરખાનાથી આરંભી સામે ઊગમણી દિશામાં માતાજીના પ્રવેશદ્વાર પર્યંત–ઊડતાં પતંગિયાંથી છવાએલો હતો. દોઢ બે કલાક હું આ લોકોત્તર દૃશ્ય જોતો રહ્યો, પણ એમના વહનમાં, વેગમાં કે સંખ્યામાં વધારોઘટાડો થતો દેખાયો નહિ. ત્યાં બસ આવી અને હું ઘેર જવા નીકળ્યો. રસ્તામાં બારીમાંથી નજર કરતાં પતંગિયાંનો સંચાર એ જ અસ્ખલિત વેગે થઈ રહ્યો હતો. એટલામાં બસે મારગ બદલ્યો અને પતંગિયાં દેખાતાં બંધ થયાં. એ પછી અમદાવાદ પહોંચ્યાં સુધી એ પુનઃ નજરે પડ્યાં નહિ. આ હતાં Catopsilia crocale[3]: ગુજરાતનું સર્વવ્યાપી સામાન્ય પતંગિયું.

૨

પતંગિયાંનાં આવાં સામુદાયિક ઉડ્ડયન જોવાનો મારા માટે



△ ‘મૉનાર્ક’: એની આગલી પાંખ ઉપર ચીઠી ચોડેલી છે △

આ પહેલો પ્રસંગ ન હતો. સને ૧૯૩૦ના ઑગસ્ટમાં બે ભિન્ન પ્રસંગે મેં અમદાવાદ (૧૬૨’)માં આ જ જાતિનાં પતંગિયાંનું આ જ પ્રકારનું પ્રયાણ જોયું હતું.

બપોરની વ્હિસલ થઈ અને હું ઘેર જવા નીકળ્યો ત્યારે મિલનું આખું ચોગાન, જમીનથી માથાપૂર ઊંચે અને મિલનાં ખાતાંઓનાં ધાબાં પર્યંત, ધોળાં પતંગિયાંથી છવાઈ ગયું હતું. ઘેર જવાની ઉતાવળમાં તત્ક્ષણે એ ઉપર મેં લક્ષ આપ્યું નહિ, પરંતુ રસ્તા ઉપર થઈ હું શાહીબાગ પોલીસ ચોકી પાસે આવ્યો ત્યારે જોઉં છું તો જમણી તરફ બંગલાઓનાં કંપાઉંડ અને ડાબા હાથે કબ્રસ્તાનનું વિશાળ ખેતર, પડખેની રેલ્વે લાઈન અને એની પાછળનો પ્રદેશ—જ્યાં સુધી નજર પહોંચે ત્યાં સુધી સમગ્ર વિસ્તાર ઊડતાં શ્વેત પતંગિયાંથી ઊભરાતો હતો. જમીનથી ચાર છ ફૂટ અધ્ધર (હું સાઈકલ ઉપર હતો એટલે ક્વચિત્ મને પણ અથડાતાં) અને ત્રીસ ચાલીસ ફૂટ જેટલી ઊંચાઈએ છૂટાંછવાયાં બેબે ચારચારના જોડકે સરળતાથી એકધારા પ્રવાહે આઠદશ માઈલની ગતિએ એ વહી રહ્યાં હતાં : ઉત્તરમાંથી સાબરમતી નદી તરફથી આવીને દક્ષિણ ભણી શહેરની દિશામાં જતાં. પાછલાં વરસોમાં અનેક પ્રસંગે ચોમાસાના અંતભાગે વિવિધરંગી ભિન્નભિન્ન જાતિનાં નાનાંમોટાં પતંગિયાંના સમૂહને પરિભ્રમણ કરતાં પાકથી લચી પડતાં ખેતરોને છાઈ દેતાં મેં જોયાં હતાં. આવું જ પરિભ્રમણ એક પ્રસંગે અર્બુદાચળના પાદપ્રદેશમાં પથરાએલા ચંદ્રાવતીના ભગ્નાવશેષોવાળા વિસ્તારમાં મારી નજરે ચડયું હતું. પરંતુ એક જ જાતિનાં પતંગિયાંને વિશાળ સંખ્યામાં એક દિશામાંથી આવીને અન્ય દિશામાં અવિરત પ્રવાહ રૂપે પ્રવાસ કરતાં જોવાનો મારા માટે તો આ પહેલો જ (યથાર્થતયા બીજો: કારણ આગલા જ અઠવાડિયે મેં આ વિસ્તારમાં આ જાતનાં પતંગિયાંનું આવું પ્રયાણ જોએલું પણ એ સમયે મેં એ તરફ દુર્લક્ષ કરેલું) પ્રસંગ હતો. એથી ક્ષણભર દિઙ્મૂઢ બની હું આ વિલક્ષણ દૃશ્ય જોઈ રહ્યો. ઉત્તરમાં આડી સાબરમતી નદી પથરાએલી હતી, એટલે આ બધાં

---

૧ આ યાયાવર પક્ષી પ્રતિવર્ષ એની યાત્રા પ્રસંગે ઑક્ટોબર–નવેમ્બરના ગાળામાં આ પ્રદેશમાં થઈ ને જાય છે ત્યારે પંદરેક દિવસ પૂરતું (આજે હતી તા. ૨૪મી ઑક્ટોબર સને ૧૯૭૦) ઉત્તર ગુજરાતમાં વિવિધ સ્થળે દૃષ્ટિપથે ચડે છે : આરાસુર અને એના પાર્શ્વવર્તી પ્રદેશમાં ઠીકઠીક સંખ્યામાં અને અમદાવાદ આદિ સ્થળે ઓછા પ્રમાણમાં.

૨ પતંગિયાંનાં આવાં ઉડ્ડયનોને વાદળાંનાં આછાં બાચકાં કે વરસતા બરફની પતરીઓ સાથે સરખાવવાની પ્રણાલી છે. વરસતો બરફ મેં જોયો નથી એટલે આ સુલભ ઉપમા આપી છે. જેમણે કણજી (Holoptelia integrifolia)ની ફૂદીઓ (પલપલિયાં Samara)ને ઊડતી જોઈ છે એમને એમની સાથે સરખામણી વધુ બંધબેસતી લાગશે.

૩ ભારતીય પતંગિયાં—Butterfliesને નવ કુલમાં વહેંચવામાં આવ્યાં છે. એમાંના બીજા કુલ Pieridae—The Whites શુભ્રદેહીના Catopsilia—The Emigrants બહિર્ગન્તુક–ગોત્રની આ જાતિ. આ ગોત્રની ઓગણીસ જેટલી જાતો ગુજરાતમાં જોવા મળે છે.

ક્યાંથી આવતાં હતાં એ જાણવાતું દુષ્કર હતું; પરન્તુ એ ક્યાં જાય છે એનો તાગ કાઢવાનું તો સરળ હતું. એથી તરત મેં સાઈકલ પાછી વાળી અને પતંગિયાંની સાથે સાથે એમના પ્રયાણની દિશામાં દક્ષિણ ભણી હું ચાલી નીકળ્યો. રેલવે લાઈન ઓળંગીને ઈદગાહ ચોકી, ત્યાંથી પ્રેમ દરવાજે, કાળુપુર, પછી શહેરકોટડા, સારંગપુર અને રાયપુર જેવા ભરચક લત્તાઓમાં થઈને ઠેઠ શાહઆલમ પર્યંત પતંગિયાંનો આ પ્રવાહ સ્થિર ગતિએ અવિચ્છિન્ન ચાલી રહેલો દેખાયો. ચંડોળાનાં પાણી પરનો વિશાળ પ્રદેશ ને એના પરિસરનાં ખેતરો—સમગ્ર વાતાવરણ પતંગિયાંથી છવાએલું હતું. ચંડોળા વટાવીને નારોલ–અસલાલી–જેતલપુર થઈ હું બારેજા (૧૧ માઈલ)ની ભાગોળે આવી પહોંચ્યો, પણ પતંગિયાંનો ગતિભંગ થતો દેખાયો નહિ. એ જ રીતે, એવાં જ બેબે-ચારચારનાં જોડકે એટલી જ સંખ્યામાં તે ઊડી રહ્યાં હતાં. કોઈ પણ સ્થળે, શહેર વચ્ચે કે વગડામાં, એમની યાત્રાનો પ્રતિરોધ કે અવરોધ થતો જોવામાં ન આવ્યો. એ બધાં આ રીતે ક્યાં જાય છે એ જાણવાની મારી પ્રબળ ઇચ્છા હતી. ઉત્સાહ પણ અદમ્ય હતો. પગમાં જોર પણ હજુ હતું. પરન્તુ વ્યવહારની જવાબદારીનું ભાન થતાં મેં આગળ જવાનું માંડી વાળ્યું અને કમને હું પાછો વળ્યો. પતંગિયાંની આ રહસ્યમયી યાત્રાનો ઉકેલ શોધવાનું આમ અધવચ મારે છોડી દેવું પડ્યું એથી મને ભારે નિરાશા થઈ. એ દિવસે જો મારી પાસે મોટર સાઈકલ હત તો હું ધૂનમાં, બહુ દૂર નહિ તો ય, વડોદરા સુધી તો અવશ્ય પહોંચી ગયો હોત. પ્રયાણનો ઉકેલ હું ન કરી શક્યો હોત પણ પ્રયત્નમાં હું પાછો ન પડ્યો એટલું આશ્વાસન તો હું જરૂર પામત.

આ ઊડનારાં પણ Catopsilia crocale–સને ૧૯૭૦-માં આરાસુરમાં જોએલી–જાતિનાં જ પતંગિયાં હતાં.

આ Catopsilia crocale કોઈક અંતઃપ્રેરણાના અદમ્ય બળે, સ્વભાવે નિતાન્ત એકચર હોવા છતાં પ્રયાણાર્થે સેંકડો હજારોની સંખ્યામાં સમૂહચર થતાં, પક્ષીઓથી ભિન્ન પદ્ધતિએ, થોડા ઇંચથી માંડી કેટલાક ફૂટ જેટલા અંતરે લાંબી હારોમાં એકબીજાને અનુસરતાં, ક્વચિત્ યૂથ રૂપે વિચરતાં, સંધ્યા નમ્યે યાત્રા બંધ કરતાં અને સૂર્યોદય થતાં પુનઃ આરંભતાં હોય છે. એમનું દિશાજ્ઞાન પણ લોકોત્તર હોય છે, જેના આધારે એ, વચ્ચે આવતાં ગામડાં, મકાનો, ખેતરો, નદીતળાવો, વૃક્ષવાટિકાઓ, ટેકરા આદિથી રજ પણ આડમાર્ગે ફંટાયા વિના સીધા રસ્તે, પ્રસંગે ૬૦૦૦' જેટલી ઊંચાઈના પર્વતોને પણ ઓળંગતાં, સંચરે છે. આવાં પ્રયાણને પ્રેરતી વિશિષ્ટ સ્વયંભૂ વૃત્તિ અને પ્રયાણોનાં જનક કારણોનો સંતોષકારક ઉકેલ હજુ કરી શકાયો નથી.

ઉપરના પ્રસંગોથી અતિરિક્ત, આ જાતનાં કે અન્ય કોઈ જાતનાં પતંગિયાંની આવી પ્રયાણલીલા જોવાનો અન્ય અવસર મને સાંપડ્યો નથી. ભૂતકાળમાં પણ ઉત્તર ગુજરાતમાં પતંગિયાંના આવા સમૂહબદ્ધ પ્રયાણનો માત્ર એક જ ઉલ્લેખ[૪] જોવા મળે છે.

૩

ઉત્તર ગુજરાતની ઉપલી ધારે આવેલા ડીસા (૪૮૮')ના પરિસરે મેજર નર્સે સને ૧૯૦૧ના ઑગસ્ટમાં, ઉત્તરથી પશ્ચિમ દિશામાં થતું પતંગિયાંનું પ્રયાણ જોયું હતું, જે તા. ૨૬થી તા. ૨૯ પર્યંત ત્રણ દિવસ ચાલેલું. એ પછી એ પતંગિયાં ત્યાંથી તદ્દન અદૃશ્ય થઈ ગયાં હતાં. દશથી બાર ચોરસ વારમાં એક લેખે ઊડી રહેલાં એ પતંગિયાં હતાં Catopsilia pyranthe (મેં જોએલાં C. crocaleનાં સગોત્રી). એ સમયે ત્યાં આસપાસ અન્ય જાતોનાં પતંગિયાં પણ ઊડી રહ્યાં હતાં, પણ સતત એક જ દિશામાં પ્રયાણ કરતી જાત તો આ C. pyranthe એકલી જ. ડીસાના ત્રીસ વરસના વસવાટ દરમ્યાન એ પ્રદેશમાં પતંગિયાંનું આવું પ્રયાણ તો મેજર નર્સે આ પ્રથમ વાર જ જોએલું.

૪

એક જ દિશામાં (únidirectional) કરાતાં પતંગિયાંનાં પ્રયાણો અશેષ દેશોમાં સૌથી વધુ સંખ્યામાં શ્રીલંકામાં નોંધાયાં છે. સને ૧૯૨૪ના વર્ષમાં ૨૩૪ જેટલાં પ્રયાણોમાં ૬૯ જેટલી જાતિઓ નિમગ્ન થએલી જોવામાં આવી હતી. આવાં પ્રયાણો પ્રધાનતયા વર્ષની બે ઋતુઓ–ઑક્ટોબરથી ડિસેમ્બર અને ફેબ્રુઆરીથી એપ્રિલ–માં થાય છે અને એમના બહિર્ગમનની દિશા પશ્ચિમ હોય છે.

ભારતવર્ષમાં આવી યાત્રાઓનું પ્રમુખ કેન્દ્ર દક્ષિણ ભારતનું કોડાઈકાનાલ છે. ત્યાં ૨૦ જેટલી જાતોનાં પતંગિયાંને દક્ષિણ ભણી પ્રયાણ કરતાં જોવામાં આવ્યાં છે. પ્રસંગે એમની સાથે હઠીલા વાણિયા પણ સ્થાનાંતર કરતા હોય છે. આની સરખામણીમાં ઉત્તર ભારતની પરિસ્થિતિ નિરાશાજનક છે. હિમાલયના પાદપ્રદેશથી અતિરિક્ત આવાં પ્રયાણો ક્વચિત્ ક્વચિત્ મુંબાઈ, રત્નાગિરિ, દેવલાલી, પંચમઢી અને લખનૌમાં દૃષ્ટિપથે ચઢ્યાં છે. સમગ્ર ગુજરાતમાં માત્ર ડીસામાં. (અને હવે આરાસુર તથા અમદાવાદમાં.) આ બધા પ્રસંગે દશમાંથી છ પ્રયાણો તો કેવળ Euplea coreનાં હતાં.

ભારતવર્ષમાં આવાં સ્થાનાંતર કરનારાં પતંગિયાંની પ્રધાન જાતો સામેના પાને કોઠામાં બતાવી છે.

એક–Appias albino–અપવાદ સિવાય એમાંની બધી જાતોનાં પતંગિયાં ગુજરાતમાં પણ અનુકૂળ સ્થળોમાં ઓછાવત્તા પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે. અમદાવાદમાં : અન્ય જાતો ભેગાં અમારા આંગણામાં પણ.

૫

પતંગિયાં પેઠે કેટલીક જાતના કીટકો પણ ઋતુવિશેષે આવાં પ્રયાણો કરતા હોય છે. ઘનઘોર વાદળઘટા રૂપે ઊતરી આવતાં તીડ કોણે નહિ જોયાં હોય? પરંતુ હઠીલા વાણિયા યે પ્રસંગે આવી

---

૪ મેજર સી. જી. નર્સ. જર્નલ, બૉમ્બે નૅચરલ હિસ્ટરી સોસાએટી, ૨૧. ૧૭૯. આ જ મેજર નર્સે ડીસાના પરિસરે એકઠા કરેલા વિવિધ જાતિના કીટકોનો ૧૦,૦૦૦ જેવડો બૃહત્ સંગ્રહ બ્રિટિશ મ્યૂઝિયમને ચરણે ધરેલો.

સ્થળાંતર કરતાં ભારતીય પતંગિયાં

જાતિઓ	અંગ્રેજી નામ	ગુજરાતી નામ
Crocale	Common Emigrant	સામાન્ય પ્રવાસી
Pyranthe	Mottled Emigrant	મલીનાંગ પ્રવાસી
Albina	Common Albatross	—
Plexippus	Common Tiger	સામાન્ય વ્યાઘ્ર
Liminiacae	Blue Tiger	નીલ વ્યાઘ્ર
Core	Common Indian Crow	સામાન્ય કાગડો
Demoleus	Lime Butterfly	લીંબુનું પતંગિયું
Bolina	Great Eggfly	બૃહદ્ પતંગિયું
Cardui	Painted Lady	ચિત્રાઙ્ગના
Boeticus	Peablue	વટાણાના પુષ્પરંગે

યાત્રાઓ કરે છે એથી કોઈક જ જાણીતું હશે. પ્રધાનતયા દક્ષિણ ભારતમાં આવી યાત્રાઓ નોંધાઈ છે. અમદાવાદમાં ચંડોળા તળાવ અને એનાં પાર્શ્વવર્તી જલાશયો વનસ્પતિથી સભર હોય છે ત્યારે ત્યાંનો સમગ્ર પ્રદેશ હઠીલા વાણિયાથી છવાએલો રહે છે પરંતુ કોઈ પણ પ્રસંગે મેં એમને કોઈ વિશિષ્ટ દિશામાં એકધારું સામૂહિક પ્રયાણ કરતા જોયા નથી.

કપાસના છોડ ઉપર થતા લેડી બર્ડ બીટલ (પીઠ ઉપર લાલ ટપકાંવાળા કપાટપૃષ્ઠ કીટકો) તેમ જ ભમરીઓ પણ પ્રસંગે સામુદાયિક સ્થાનાંતર કરતાં જોવામાં આવ્યાં છે.

૬

યાયાવર (Migrant) પક્ષીઓની આર્તવી યાત્રાઓના સુદીર્ઘ અભ્યાસ અવલોકનના પરિણામે આપણા મનમાં એવું ચિત્ર રચાય છે કે ઋતુ પરત્વે થતાં આ પ્રયાણો વિવિધ પ્રક્રિયાપ્રપન્ન હોય છે: ૧) વિશિષ્ટ ઋતુમાં સ્થાયી નિવાસસ્થાનોમાંથી બહિર્ગમન, ૨) બહારના નવા સ્થાનમાં મર્યાદિત સમય પૂરતો નિવાસ અને ૩) ઋતુ બદલાતાં એ સ્થાનનો ત્યાગ કરી પૂર્વના સ્થાયી નિવાસસ્થાનમાં પુનરાગમન.

ઉપરિ નિર્દિષ્ટ પતંગિયાં, હઠીલા વાણિયા આદિ કીટકોની પ્રવાસલીલાનાં વર્ણન ઉપરથી સ્પષ્ટ થાય છે કે કીટકોની આવી યાત્રાઓ એકાન્ત એકદેશીય–એક સ્થાનેથી નીકળી અન્ય સ્થાનમાં જવા પૂરતી જ–emigration– હોય છે. પાછાં ફરતાં એ દેખાતાં નથી. એટલે આવી સંચરણશીલતાને સાચા અર્થમાં migration—to અને fro movement 'બહિર્ગમન અને પુનરાગમન'–કહી શકાય કે કેમ એ વિવાદાસ્પદ છે. પરંતુ પૃથ્વી પટ પર આજે પતંગિયાંની એક એવી જાત પણ વિદ્યમાન છે કે જેને યથાર્થ migrant કહી શકાય, કારણ એ પ્રત્યેક વર્ષે ૧) નિયત સમયે સ્થાયી વસતિસ્થાન છોડી અન્ય, દેશોમાં પ્રયાણ કરે છે, ૨) નવા સ્થાનમાં વિશિષ્ટ સમય પૂરતો શિયાળો ગાળે છે અને ૩) નિયત સમયે પાછા ફરી મૂલ સ્થાને આવી જાય છે. આ જાત તે—

૭

Danaus plexippus. The Monarch: જનાધિપ: The Milkweed[૫] Butterfly. ખૂલતા કથાડા રંગની પાંખોમાં ઊપસી આવેલી કાળા રંગની નસોવાળું [૬]બૃહત્કાય પતંગિયું. અદ્યપર્યંત જોવામાં આવેલાં સ્થાનાંતર કરતાં પતંગિયાંમાં અત્યંત વિલક્ષણ જાત. એમનું સ્થાયી નિવાસસ્થાન ઉત્તર અમેરિકા–કૅનેડાનો દક્ષિણ ભાગ અને એનો સંલગ્ન યુનાઈટેડ સ્ટેટ્સનો ઉપલો પ્રદેશ, જ્યાં એ વ્યાપકપણે ફેલાએલાં હોય છે. શિયાળો બેસતાં સપ્ટેમ્બરના આરંભે બે બે ત્રણ ત્રણના જોડકે નિવાસસ્થાન તજીને દક્ષિણ ભણી એ પ્રયાણ આરંભે છે. એમની પાછળ વિશાળ જૂથ રૂપે બીજાં સંચરે છે, અને સતત પ્રવાસ કરતાં 'કોઈક' અનુકૂળ સ્થળે શિયાળો ગાળવા ઠેઠ મેક્સિકો જઈ પહોંચે છે. અર્ધ-સુષુપ્ત દશામાં ત્યાં શિયાળો વ્યતીત કરી, માર્ચના આરંભે ઉત્તર ભણી પાછાં ફરવા માંડે છે અને જૂનના આરંભે કૅનેડામાં આવી મૂળ સ્થાને સ્થિર થાય છે. આ પ્રક્રિયામાં છ મહિના જેટલો સમય જાય છે. દક્ષિણના પ્રવાસ પ્રસંગે માર્ગમાં એ સ્થળે સ્થળે પ્રજનન કરે છે.[૭] એના પરિણામે પાછા ફરવાના સમય પહેલાં એમની ત્રણ પેઢીઓ સરજાય છે, એટલે પાછા ફરતાં યાત્રામાં માતાઓ ભેગી પુત્રીઓ, પૌત્રીઓ અને પ્રપૌત્રીઓ પણ હોય છે. આ બેવડી યાત્રા ૨૦૦૦ માઈલની હોય છે. આવાં પ્રયાણોમાં કોઈ કોઈ પતંગિયું દિવસના ૮૦ માઈલ જેટલું અંતર કાપતું નોંધાયું છે. આ પતંગિયાં, પક્ષીઓથી ઊલટી રીતે, કેવળ દિવાસંચાર કરે છે. સન્ધ્યાકાળે અનુકૂળ સ્થળે ઊતરીને વૃક્ષાશ્રયે રાત્રી ગાળે છે. આહાર પણ એ જ સમયે મેળવે છે. આ યાત્રાઓમાં પોણાભાગથી યે વધુ નરપતંગિયાં નાશ પામે છે.

મોનાર્ક પતંગિયાંની આવી આર્તવી યાત્રાઓ પ્રતિ વર્ષ નિયમિત થતી જોવામાં આવી છે, પરન્તુ દક્ષિણમાં એ કયા બીજા પ્રદેશમાં જાય છે અને કયા વિશિષ્ટ સ્થાને સુષુપ્તિકાળ ગાળે છે એ ચોક્કસ જાણવામાં ન હતું અને કેવળ તર્કના બળે કલ્પિત સમાધાન કરવામાં આવતું.

---

૫ Milkweed–આકડો-એની સન્તાનોત્પત્તિનું આશ્રયસ્થાન તેમ જ એની એકમાત્ર આહારસામગ્રી હોવાથી.ભારત વર્ષમાંપણ એ થાય છે અને એનું નામ પણ 'Ak Butterfly' આકડાનું પતંગિયું પડયું છે.

૬ એથી એનું નામ 'વ્યાઘ્ર'. અમદાવાદમાં એ નજરે ચડે છે પણ આકડા ઉપરથી એની ઈયળો કે કોશેટા મને મળ્યા નથી, જોકે એની સગોત્રી Danaus chrysippusની ઈયળો અને કોશેટાથી ચંડોળાના તટપ્રદેશમાં તથા એને ઘસડાઈને જતા રાષ્ટ્રીય ધોરી માર્ગ ૮ની ધારે ઊગેલા આકડા તો લચી પડતા હોય છે. વસ્તુતયા પતંગિયાંની સમગ્ર જાતોમાં કેવળ આકડાની કૂંપળો અને પાન ઉપર જીવન નભાવનારી જાત તો આ જ. શાહીબાગમાં મેં અમારા આંગણામાં ઊગેલા આકડા ઉપરથી એની કાળાપીળા પટાવાળા બિહામણા સ્વરૂપવાળી ઈયળો એકઠી કરેલી. એમાંથી કોશેટા પણ મારા પાંજરામાં જ રચાએલા. એમાંથી સંપૂર્ણવયસ્કવાળાં પતંગિયાં બે વિભાગમાં થએલાં: એક તા. ૧૮–૧૨–૧૯૪૦ના દિને, બીજો તા. ૩–૧–૧૯૪૧ એ. આ બંને જાતો આપણાં સામાન્ય પતંગિયાં: D. plesi. ઓછા પ્રમાણમાં યાયાવર ગણાય છે છતાં અમદાવાદમાં મેં એમનાં પ્રયાણ થતાં જોયાં નથી.

૭ મૉનાર્ક માદા એક સમયે ૪૦૦ થી યે વધુ ઈંડાં મૂકે છે. એ ઈંડાંમાંથી ઈયળ,કૉશેટો અને પુખ્ત પતંગિયું આશરે ચારેક અઠવાડિયાંમાં થાય છે.

હરિઃ ૐ આશ્રમ તરફનું રૂ. ૫૦નું

વ્યક્તિચિત્ર પારિતોષિક

અંક ૬૫૦ માટેનું 'ભિખારી'ના લેખક

શ્રી મુકુન્દરાય પારાશર્યને મળે છે.

આ ગૂઢ સમસ્યાનો ઉકેલ કરવાનું સૂઝ્યું, અર્વાચીન અગસ્ત્ય સમા, કૅનૅડાના ટૉરન્ટો નિવાસી પ્રાણિશાસ્ત્રવિશારદ ડૉ. ફ્રેડ ઉર્કવાર્ટને, સને ૧૯૩૭માં. આ દિશામાં પ્રથમ પગલા તરીકે એમણે મૉનાર્ક પતંગિયાંને ચિહ્નાંકિત૮ કરવા માંડ્યાં. પક્ષીઓની આર્તવી યાત્રાઓના ઉકેલનું એકમાત્ર સરળ સફળ સાધન છે મુદ્રાબન્ધન (ringing): પક્ષીના પગે ઍલ્યુમિનિયમની અને પ્લાસ્ટિકની વિવિધરંગી વીંટીઓ પહેરાવવાનું. ફૂલ જેવાં હલકાં અને અત્યંત સુકુમાર પાંખોવાળાં પતંગિયાંને આવી વજનદાર મુદ્રાઓ પહેરાવવાની તો કલ્પના પણ ન થઈ શકે. એટલે પતંગિયાંને 'અંકિત' કરવાની તદ્દન નવી જ રીત અજમાવવાની રહી, જેથી પતંગિયાંનું વજન ન વધે તેમ એમની ઊડવા ફરવાની ક્રિયામાં બાધ ન આવે તેમ જ એ દ્વારા પ્રયાણક્રિયાનો ઉકેલ સરળતાથી કરી શકાય, આ દિશામાં વિવિધ પ્રયોગોને અંતે એમણે પતંગિયાની આગલી પાંખની આગલી ધારે, ઉપરની સપાટી ઉપર અત્યંત નાના માપની પાતળી રંગીન ચિઠ્ઠી ચોંટાડવાનો માર્ગ લીધો. આ ટિકિટ એવી તો સફાઈથી ચોંટાડવામાં આવતી કે વરસતા વરસાદથી અથવા ડાળાંપાંખડાંના ઘર્ષણથી ઊખડી જવા ન પામે. આ રીતે એમણે હજારો પતંગિયાંને 'ટિકિટ'થી અલંકૃત કરી છૂટાં મૂકવા માંડ્યાં. સાથેસાથે એમનાં સહધર્મચારિણી નોરાએ વર્તમાનપત્રો અને માસિકો દ્વારા એમના સંશોધનકાર્યમાં પ્રજાનો સહકાર મેળવવા માંડ્યો. એના પરિણામે વૈજ્ઞાનિકો અને સમાનધર્મી અભ્યાસીઓનો ભારે સાથ મળ્યો. એના યોગે 'પતંગિયાંનાં સ્થાનાંતરોનું અન્વેષણ મંડળ' પણ અસ્તિત્વમાં આવ્યું.

આરંભનાં વર્ષોમાં એમને સફળતા ન મળી, પણ ૪૦ વર્ષના સતત પ્રયત્નને અંતે એમનું ધ્યેય સિદ્ધ થયું. સને ૧૯૭૩માં મેક્સિકોના એક વતનીએ એમનો સંપર્ક સાધ્યો અને જણાવ્યું કે મૉનાર્ક પતંગિયાં એ પ્રદેશમાં કહીંક કહીંક જોવામાં આવે છે. સને ૧૯૭૪માં સમાચાર મળ્યા કે સીએરા માદ્રે પર્વતોમાં છૂટાંછવાયાં ઊડતાં દેખાયાં છે. સને ૧૯૭૫માં આ પ્રયત્નની પૂર્ણાહુતિ થયો અને સીએરા માદ્રે પર્વતમાળામાં વિશિષ્ટ સ્થળે શિયાળાનો સુષુપ્તિકાળ ગાળતાં મૉનાર્કનું ક્ષેત્ર હાથ લાગ્યું. આ શુભ સમાચાર સાંભળી ઉર્કવાર્ટ દંપતી મેક્સિકોના પ્રવાસે ઊપડ્યાં અને સને ૧૯૭૬ના આરંભકાળે ૧૦,૦૦૦ ફૂટ ઊંચા સીએરા માદ્રેનો પહાડ ઓળંગી એમણે તળેટીમાં આવેલા સુષુપ્તિ સ્થળનાં દર્શન કર્યાં. લાખો કરોડો મૉનાર્કથી ત્યાંનાં વૃક્ષોનાં થડો અને ડાળીઓ લચી પડતી જોઈ. પતંગિયાંના ભારથી ત્રણ ઈંચ જાડાઈની ડાળીઓ કડડભૂસ ભાગી જતી દેખાઈ. સમગ્ર વાતાવરણ પતંગિયાંથી ભરાએલું હતું. ભોંય પર સૂકાં પાંદડાં પેઠે જીવતાં પતંગિયાંના થર ઉપર થર જામ્યા હતા. ૨૦ એકર જેટલા વિસ્તારમાં ૧૦૦૦ જેટલાં ઝાડ પતંગિયાંથી ભરેલાં હતાં. સ્વાભાવિક રીતે સુષુપ્તિ અર્થે પતંગિયાંનું આશ્રયસ્થાન આ એક જ ન હોઈ શકે. એટલે ત્યાંનાં જંગલ કાપનારાઓને પૂછતાં ભાળ મળી કે ત્યાં આવાં બીજાં ત્રણ ચાર કેન્દ્ર હતાં. જોકે બધાંય પરિમિત વિસ્તારમાં.

૪૦ વર્ષની તપશ્ચર્યાનો કેવો ઉન્માદક પરિપાક !

શેષ પ્રશ્ન

કેવળ શિયાળાના પરિમિત કાળ પૂરતી સુષુપ્તિ અર્થે મૉનાર્ક પતંગિયાં કૅનૅડાનું સ્વસ્થાન છોડી ૧૦૦૦ માઈલ જેટલા દૂરના મેક્સિકોમાં જાય છે અને શિયાળો ગાળીને બીજા ૧૦૦૦ માઈલની યાત્રા કરી પાછાં સ્વસ્થાને કૅનૅડામાં આવે છે, એ આશ્ચર્યકારક નથી ?

યુનાઈટેડ સ્ટેટ્સમાં જોવામાં આવતી આકડા–Milkweed–ની વિવિધ જાતો મેક્સિકોમાં પણ વિસ્તરેલી છે. એમ કેમ ન બન્યું હોય કે યુગો પૂર્વે મૉનાર્કની ઉત્પત્તિ અહીં મેક્સિકોમાં જ થઈ હોય અને હવે પ્રત્યેક શિયાળામાં એ અહીં આવે છે એનો અર્થ એ કે એ પોતાની જન્મભૂમિમાં પાછાં ફરે છે ? એમનાં યુગોથી ચાલતાં આવેલાં ઉત્તરના ઉષ્ણ પ્રદેશોનાં પ્રયાણોને અંતે એમને ક્રમે ક્રમે ઉત્તરમાં જ આગળ ને આગળ જવાની ટેવ પડી હોય, જેથી કૅનૅડા પર્યંત સ્થિર થએલાં જોવામાં આવે છે. એટલું તો સ્પષ્ટ છે કે સીએરા માદ્રેને શિયાળો ગાળવાના આશ્રયસ્થાન તરીકે ચૂંટી કાઢવામાં કોઈ આકસ્મિક પસંદગી નથી. પતંગિયાં poikilotherms૯ છે એટલે સીએરા માદ્રેના શિયાળામાં, એમના શરીરમાં સંઘરેલી પાછા ફરતી વખતે આવશ્યક ચરબી, ઓછામાં ઓછી બળે છે.

૮ પતંગિયાંને 'અલંકૃત' કરવાની પદ્ધતિઓમાં આટલી પ્રધાન છે : ૧) પાંખને રંગી નાખવી, ૨) પાંખ ઉપર રંગીન ટપકાં કરવાં, ૩) પાંખ ઉપર અક્ષરો અને અંકો છાપવા, ૪) પાંખના એક છેડે ત્રિકોણાકાર કાપ મૂકવો કે છિદ્ર પાડવું, ૫) પાંખની ધારે રંગીન ટિકિટ ચોંટાડવી. આ સર્વ રીતોમાં સૌથી સફળ અને સરળ રીત 'ટિકિટ' ચોંટાડવાની છે. નવાઈની વાત એ છે કે પતંગિયાંની હિલચાલની ચોકસાઈ કરવાનો જગતમાં સૌથી પ્રથમ પ્રયોગ ભારતવર્ષમાં કરવામાં આવ્યો હતો. બંગાળમાં રેશમનો ઉદ્યોગ પરાપૂર્વથી ચાલતો આવ્યો છે. ત્યાં રેશમ ઉત્પન્ન કરનાર ફૂદાં (પતંગિયાંનાં સવર્ગીય) Moths–Tussor–ના નરના પ્રત્યેક નિવાસસ્થાન–ગામડાં, તાલુકાનાં દર્શક સૂચક વિશિષ્ટ પ્રકારનાં રંગીન નિશાન પાંખો ઉપર કરવાનો રિવાજ હતો, જેને લીધે ૧૦૦ માઈલ જેટલા અંતરેથી આવતાં નરફૂદાં નોંધાએલાં જોવા મળે છે.

૯. એટલે વાતાવરણના ઉષ્ણતામાનને અનુકૂળ પોતાના શરીરનું ઉષ્ણતામાન ગોઠવી શકનારાં પ્રાણીઓ.

શ્રી 'વનેચર'–હરિનારાયણ આચાર્ય–ની 'વનવગડાનાં વાસી' નામે 'કુમાર'માં આવેલી લેખમાળાના સંગ્રહના થોડા જ સમયમાં પ્રકટ થનાર અભ્યસનીય પુસ્તકનું એક નવું લખાએલું પ્રકરણ. લેખક તથા પ્રકાશક (ગુજરાત વિદ્યાસભા, ભદ્ર, અમદાવાદ)ના સૌજન્યથી



'વિનોદ'ની નજરે
[૨૪]

રઘુવીર ચૌધરી

લેખક—
વિનોદ ભટ્ટ

પન્નાલાલ, પેટલીકર ને પીતાંબરનો માત્ર એકએક શબ્દમાં જ પરિચય આપતાં રઘુવીરે લખેલું કે પન્નાલાલ એટલે કોઠાસૂઝ, પેટલીકર એટલે તાટસ્થ્ય અને પીતાંબર એટલે ઉત્સાહ. પણ રઘુવીરને આ રીતે એક જ શબ્દમાં ન બાંધી શકાય. ઓછામાં ઓછા છ શબ્દો તો વાપરવા જ પડે; તો જ તેના વ્યક્તિત્વનો થોડોકે ય અણસાર આવી શકે.

મારે મન રઘુવીર એટલે અડીખમ આત્મવિશ્વાસ, અડીખમ આત્મવિશ્વાસ, અડીખમ આત્મવિશ્વાસ. (છ શબ્દો પૂરા.) આ પ્રકારનો આત્મવિશ્વાસ ઘણા લોકોમાં મોડો મોડો આવતો હોય છે, અથવા તો એની જાણ તેમને ઘણી મોડી થતી હોય છે. જ્યારે રઘુવીર ચૌધરી નાના (એ 'નાના' હતા એમ કહેવું જરા વધારેપડતું લેખાશે) અને રઘુવીરને બદલે રઘજીભાઈ ચૌધરી હતા, ત્યારનો તેમનામાં આ જ આત્મવિશ્વાસ છે. વાદળી રંગની ટૂંકી ચડ્ડી, સફેદ શર્ટ અને માથે ટોપી પહેરીને તે શાળાએ જતા ત્યારે પણ છોકરાંને કેમ ભણાવવા એ બાબત શિક્ષકોને ભારે આત્મવિશ્વાસથી સલાહ આપી શકતા. કીટ્સને માટે કહેવાતું એમ તેમને માટે ય કોઇએ કહેલું કે He is carrying old head on young shoulders.' તેમનાથી માત્ર ચાર જ વર્ષ મોટા ભોળાભાઈ પટેલ તેમના શિક્ષક હતા. ભોળાભાઈ કરતાં રઘુવીર દસ વર્ષ મોટા છે એવું ખુદ ભોળાભાઈ અત્યારે 'ફીલ' કરે છે!

વચ્ચે મલયાલી સાહિત્યકારો અમદાવાદમાં આવ્યા ત્યારે રઘુવીરે એ બધાને, ગુજરાતી સાહિત્યકારોનો પરિચય અંગ્રેજીમાં આપેલો. સેલ્ફ-કૉન્ફિડન્સથી બોલાએલા તેમના અંગ્રેજીથી મુગ્ધ થઇને એક શ્રોતાએ બીજાના કાનમાં કહેલું: 'જેટલા કૉન્ફિડન્સથી રઘુવીર અંગ્રેજીમાં બોલ્યા એટલા કૉન્ફિડન્સથી તો તે મલયાલીમાં યે બોલી શક્યા હોત. જો કે પેલા લોકોને એક નવી ભાષા સાંભળવાનો લાભ મળત એ જુદી વાત છે.'

રઘુવીર સારા વક્તા છે એટલું જ નહિ, સારું ગાઈ પણ શકે છે. (ખરાબ ગળાથી સારું ગાવું આમ તો અઘરું છે.) ઢોલક વગાડી શકે છે, હીંચ લઈ શકે છે—ઘણું બધું કરી શકે છે. દેખાવમાં દૂબળા-પાતળા, ઊંચા, ગુલાબી, પૉઈન્ટેડ નાક, બેસી ગએલા ગાલની વચ્ચે ઝીણી, પાણીદાર, થોડીક ઊંડી તીક્ષ્ણ આંખો, લાંબા કાન(બહુશ્રુત હોવાને કારણે): બોલરના પહેલે જ બૉલે આઉટ થઈને તંબૂ તરફ જતા બૅટ્સમૅન જેવી મડિયલ ચાલ, ચાલતી વખતે એક ખભો થોડો ઊંચો, મક્કમતાથી બીડાએલા હોઠ અને વ્યંગપૂર્ણ સ્મિત-તેમનું એકેએક જેશ્ચર તેમના વ્યક્તિત્વનો ભાગ છે.

તે ચૌધરી છે. ચૌધરીપણું તેમના અણુએ અણુમાં વરતાઈ આવે છે. હથિયારબંધી હોવાથી તલવાર કેડે નહિ બાંધી શકવાને કારણે એ કામ તે ધારદાર જીભ તેમજ કલમથી કરે છે ને જતા આવતાને ઉઝરડા પાડતા રહે છે: પછી તે ઉમાશંકર હોય, યશવંત શુક્લ હોય કે રામલાલ પરીખ હોય. કોઇને તે સીધી રીતે કશું કહેતા જ નથી, વ્યંગમાં જ કહે છે.

ઈ. ૧૯૭૭ના મે માસમાં એચ. કે. આર્ટ્સ કૉલેજમાં સ્ટ્રક્ચરાલિઝમ અંગે સેમિનાર હતો. આ સેમિનારના સંચાલક હરિવલ્લભદાસ ભાયાણી હતા. તેમણે ત્રણચાર દિવસ પ્રોફેસરો સાથે ખુલ્લા મને ચર્ચાઓ કરી; ખુલ્લા ગળે હસ્યા. પછી તેમને બહારગામ જવાનું હોઈ છેલ્લા બેએક દિવસ માટે સેમિનારનું સંચાલન યશવંત શુક્લને સોંપાયું ત્યારે રઘુવીરે યશવંતભાઈની હાજરીમાં જ કહેલું: 'હવે રાષ્ટ્રપતિ-શાસન શરૂ થશે!'

વચ્ચે ઉમાશંકરની એક કવિતા 'સંસ્કૃતિ'માં છપાએલી જે રઘુવીરને બરાબર નો'તી લાગી. કવિતા છપાયાના અઠવાડિયા પછી રઘુવીરને ઉમાશંકરને ત્યાં જવાનું થયું. ઉમાશંકરની એ નબળી કવિતા પોતાને નથી ગમી એમ કહેવાને બદલે તેમણે ઉમાશંકરને પૂછ્યું: 'આ કવિતા તો તમે તમારા કાવ્ય-સંગ્રહમાં નહિ જ લો ને?'

'સારિકા'ના ડિસેમ્બર ૧૯૬૭ના અંકમાં તેમણે લખેલું કે મધુ રાય અગાઉ આવ્યો ત્યારે રે-મઠમાં ગએલો. ત્યારથી રે-મઠવાળા તેને સારો વાર્તાકાર માનવા માંડયા છે. સ્નેહરશ્મિની ઊંઘ વિષે તેમણે ક્યાંક નોંધેલું કે સ્નેહરશ્મિ જમતી વખતે બે કોળિયાની વચ્ચે પણ ઊંઘી શકે છે.

રઘુવીર જે કોઇનો ઉલ્લેખ પોતાના વક્તવ્ય કે લખાણમાં કરે છે એના પર કટાક્ષનું એકાદ તીર છોડયા વગર રહી શકતા નથી. કેટલીક વાર તેમના વ્યંગ બિલકુલ અંગત ને કડવા હોય છે ને જેને વિષે થયા હોય છે તેને હાડોહાડ લાગી જાય છે. 'સારિકા'માં મધુ રાયના અંગત જીવન વિષે તેમણે કરેલો ઉલ્લેખ વાંચીને મધુ દુઃખીદુઃખી થઈ ગએલો, થોડો ક્રોધે પણ ભરાએલો. જીવનનાં જે કેટલાંક સત્યો જાહેરમાં ના આવે એવું માણસ ઈચ્છતો હોય એ જ સત્યો પ્રજા સમક્ષ છતાં કરીને ક્યારેક તે કોઇને મુશ્કેલીમાં મૂકી દે છે. આની પાછળ રઘુવીરનો કોઈ 'મૅલીસ' કામ કરે છે એવું નથી. તેને મન એ એક ગમ્મત, ટીખળ કે પછી 'આ બધાની ફલાણી-ઢીંકણી વાતો પણ હું જાણું છું' એવો 'શો' કરવા સિવાય લાંબો અર્થ પણ નહિ હોય, કદાચ; પણ કોઈ વાર એ ઈન્ડીસેન્ટ કે રસ્ટિક-ગ્રામ્ય-લાગે છે. જેમકે દિગીશ મહેતા વિષે લખતાં રઘુવીરે ટાંકેલું કે આઘેથી જોતાં દિગીશની પત્ની હાઈટમાં તેમના કરતાં થોડી ઊંચી લાગે છે. (દિગીશની માનસિક ઊંચાઈ ખાસ્સી વધારે છે એની રઘુવીરને ખબર જ છે ને?)

અને એ પણ ખરું કે જેટલી સહેલાઈથી રઘુવીર અન્યની મજાક કરી શકે છે એટલી આસાનીથી પોતાના પરનું ટીખળ ખમી શકતા નથી. નિર્ભેળ મજાક માટેનું તેમનું વ્યક્તિત્વ છે જ નહિ. પોતાના પરની રમૂજથી તે જલ્દી છંછેડાઈ જાય છે. દ્વારકામાં લાભશંકર સાથે જે હાથાપાઈ થઈ ગએલી તેની ય શરૂઆત તો મજાકથી જ થએલી. ઉમાશંકર ઉપકુલપતિની ચૂંટણી લડયા ત્યારે રઘુવીરે તેમના માટે કામ કરેલું એ વાત આગળ કરીને લાભશંકરે મશ્કરી શરૂ કરેલી, 'ઉમાશંકરના વિજયોલ્લાસમાં ઊછળેલા ગુલાલના ડાઘ હજી ય તમારા બુશ શર્ટ પરથી ગયા નથી' એવું કહીને તેમનું બુશ શર્ટ લાભશંકરે ખેંચ્યું ને તેમણે ચિડાઈ જઇને લાભશંકરને મુક્કો લગાવી દીધો.

વચ્ચે થોડા સમય પહેલાં ય લાભશંકર પર તે છેડાઈ ગએલા. વાત એવી હતી કે આર્ટિસ્ટ-પોએટ્સ (શિવ પંડયા, માધવ રામાનુજ વગેરે

જેવા ચિત્રકાર–કવિઓ)ના કાવ્યવાચનનો કાર્યક્રમ રાખવામાં આવેલો. બધું અનૌપચારિકરીતે ચલાવવાની ઇચ્છાથી લાભશંકરે કાર્યક્રમને હળવો બનાવી દીધેલો. કોઈ કવિ બેસીને, કોઈ સૂતોસૂતો કે કોઈ રાગડા તાણીને ગાય, ને એવી ગમ્મતનો મૂડ ચાલતો'તો. લાભશંકરે રઘુવીરને કહ્યું : 'હવે તમારી પેલી નવલ–ત્રયીમાંની એકાદ નવલકથા ફટકારી દો.' બધા હસવા માંડયા એટલે નારાજ થઈ જઇને રઘુવીર બોલ્યા : 'કવિતાને હું ગંભીર પ્રવૃત્તિ લેખું છું.' ને તેમણે પોતાનો ચહેરો તથા અવાજ વધારે ગંભીર કરી નાખેલા. ત્યાં હાજર રહેલામાંના કેટલાકને એ ક્ષણે લાગ્યું પણ હશે કે દ્વારકામાં ભજવાએલા ખેલનો ઉત્તરાર્ધ જોવા મળશે. પણ એ લોકોને નિરાશા સાંપડી. એવું કશું જ થયું નહિ. રઘુવીરનો આ એક વિરલ ગુણ છે. લાભશંકર સાથે દ્વારકામાં મારામારી કર્યાની દસ જ મિનિટ પછી રઘુવીર તેની સાથે સિગારેટ પીવા બેસી ગએલા.

તે કશું આડુંઅવળું બોલી નાખે ને કોઈ તેમનાથી દુભાય તો તેની પાસે જઇને મનાવી પણ લે. યશવંત શુક્લ એક વરસ માટે ઉપકુલપતિ તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ગયા એ અરસામાં પ્રા. ચિનુભાઈ નાયક સાથે રઘુવીરને મોટી તકરાર થઈ ગઈ. વાત એટલે સુધી વધી ગઈ કે ચિનુભાઈ કૉલેજ છોડવા સુધી તૈયાર થઈ ગયા. પછી યશવંતભાઈ આવ્યા ને આ વાત જાણીને રઘુવીરને બોલાવ્યા. રઘુવીરને પોતાની ભૂલ જણાતાં તેમણે 'સૉરી' પણ કહી દીધું.

જો કે આમ તો એ હઠીલા છે. જલદીથી વળે નહિ. તેમને લાગે કે પોતાનો મુદ્દો સાચો છે તો એ મુદ્દા પર, ઉપરથી ભગવાન આવે તો ય બાંધછોડ ના કરે. લડી લે. એ રીતે જોવા જઇએ તો તે વીરરસના માણસ છે. તેમણે નોકરીઓ બદલી એની પાછળે ય આવાં જ કારણો છે. સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં તે ભણતા'તા ત્યારે ચીમનભાઈ પટેલ (નવનિર્માણવાળા) એ કૉલેજના અર્થશાસ્ત્રના હેડ ઑવ ધ ડિપાર્ટમેન્ટ હતા, ત્યાંથી એસ. વી. કૉલેજના પ્રિન્સિપલ થવા જતા'તા ત્યારે કૉલેજના ફાધરના વિરોધ વચ્ચે ય તેમણે ચીમનભાઈનું સન્માન કરેલું.

પણ પછી ચીમનભાઈની કાર્યરીતિઓ પસંદ નહિ પડવાથી 'પૂર્વરાગ' નામની પોતાની નવલકથામાં તેમની વિરુદ્ધ લખ્યું. ચીમનભાઇએ પૂછ્યું તો સ્પષ્ટપણે કહી પણ દીધું : 'હા, તમારી વિરુદ્ધ લખ્યું છે. તમારાં કાર્યોથી મને અસંતોષ છે, માટે.' ચીમનભાઈ વિદ્યાપીઠના ટ્રસ્ટી મંડળના એક ટ્રસ્ટી હતા એટલે પછી વિદ્યાપીઠમાં એવો ઠરાવ આવ્યો કે દરેક પ્રાધ્યાપક–લેખકે વિદ્યાપીઠના સંચાલકોને બતાવ્યા પછી જ મૅન્યુસ્ક્રિપ્ટ છાપવા આપવી. રઘુવીર ત્યારે વિદ્યાપીઠમાં પ્રાધ્યાપક હતા. એમણે ત્યારે પોતાની 'અમૃતા' નવલકથા લખેલી તે સંચાલકોને બતાવી નહિ અને ચોખ્ખું કહી દીધું કે 'હું તે નહિ બતાવું.' ફૉર્માલિટી ખાતર અરધો કલાક માટે આપવા મહામાત્રે કહ્યું—અરે, દૂરથી બતાવશો તો ય ચાલશે એવું ય કહ્યું, પણ રઘુવીરે પરખાવી દીધું : 'મહામાત્રને ના અપાય. નવલકથામાં એ શું સમજે ? હા, હજી કોઈ સાહિત્યકારે માગી હોય તો પ્રેમથી બતાવું. કોઈ ઠેકાણે ભૂલ બતાવે તો સુધારી ય લઉં. પણ અહીં લેખકના સ્વાતંત્ર્યનો, સ્વમાનનો સવાલ છે. હું સરેન્ડર થાઉં તો પછી એ સૌના માટે સ્વીકાર બની જાય. હું તે ન કરી શકું. કદાચ નોકરી છોડવાનું પસંદ કરું, પણ...'

અને છોડી. વિદ્યાપીઠની નોકરી છોડીને બી. ડી. કૉલેજમાં ગયા. ચારેક વર્ષ કામ કર્યું. ત્યાં કંઈ જામ્યું નહિ એટલે એ કૉલેજ પણ છોડી. શિક્ષણક્ષેત્ર છોડીને ખેતી કરવાનું મન થયું એટલે પોતાને ગામ બાપુપુરા ગયા. કપાસ વાવવા ખાતર નાખ્યું. ત્યાં વળી એચ. કે. આર્ટ્સ કૉલેજમાં પ્રોફેસર તરીકે નોકરી મળી ગઈ. ખેતી મૂકી દીધી. બળદને છુટ્ટા મૂકી પોતે શિક્ષણમાં જોતરાયા. હિંદીના પ્રોફેસર તરીકે તે એચ. કે.માં જોડાયા ત્યારે તેમનાથી જૂની નોકરીવાળા (એ રીતે સીનિયર) પ્રોફેસર અરવિંદ જોષીને ચિંતા પેઠી. રઘુવીરે તેમની ચિંતા જાણીને તરત જ કહી દીધું : 'મારે કારણે તમારા હિતને નુકસાન નહિ થવા દઉં.'

પછી ગયે વર્ષે 'સંખ્યાધિક પ્રાધ્યાપકો' તરીકે રઘુવીર તથા જોષીને નોટીસો મળી ત્યારે બેમાંથી એકને જવું પડે એમ હતું. ડયુરેશન ઑવ સર્વિસ–કન્ટીન્યૂઈટી ઑવ સર્વિસ–જોતાં જોષી સીનિયર ગણાય, ને ડિપાર્ટમેન્ટના હેડ તરીકે રઘુવીર સીનિયર હતા. આ મુદ્દા પર કોઈની યે તરફદારી ના થઈ જાય એ માટે આચાર્ય યશવંતભાઇએ સરકારમાં પુછાવ્યું. જવાબ આવ્યો કે ડિપાર્ટમેન્ટલ હેડ હોય તેને જ સીનિયર ગણવો. અરવિંદ જોષીને ઘેર જવાનો વારો આવ્યો. રઘુવીરની નોટીસ પાછી ખેંચાઈ. રઘુવીરે કાચી ક્ષણમાં જ રાજીનામું આપી દીધું. જોષી કૉલેજમાં લેવાઈ ગયા. કૉલેજમાં આવ્યા ત્યારે રઘુવીરે જોષીને આપેલું વચન પાળ્યું.

રઘુવીરનો આ મિજાજ છે. આગળ કહ્યું તેમ ચૌધરી કોમનું ખમીર તેમની રગેરગમાં વ્યાપેલું છે. તે કોઈનીય પીઠ પાછળ ઘા કરે, કોઇને દગો કરે એ વાત મારે મન કલ્પનાતીત છે. ગૌરવ વિષેનો તેમનો ખયાલ ઘણો ઊંચો છે. તે, અલબત્ત, મહત્ત્વાકાંક્ષી છે. છતાં કશું મફતમાં કે સસ્તામાં પડાવી લેવાનું તેમને ખપતું નથી. ઇચ્છેલું મેળવવા એ પૂરતો શ્રમ કરશે.

કોઇએ તેમને ભૂતકાળમાં નુકસાન કર્યું હોય છતાં એ મુશ્કેલીમાં છે એવું જાણે તો તે ઝાલ્યા ના રહે. રઘુવીર માટે ચિનુએ અગાઉ ઘણું ઘસાતું લખેલું. પણ રઘુવીરે તેને મુશ્કેલીમાં જોયો કે તરત જ તેને નોકરી અપાવી.

મિત્રો સાથે લડવું હશે ત્યારે તે લડી લેશે, જરાય કચાશ નહિ રાખે; પણ પછી જરૂર પડયે એ મિત્રનું કામ પણ એટલા જ દિલથી કરશે. એમાં પણ પાછી પાની નહિ કરે. ઉમાશંકર એકવાર તેમને ત્યાં ગએલા. રઘુવીર ત્રીજે માળે રહે. પેટના દુખાવાને કારણે ઉમાશંકર દાદર ચડી શકે એમ નહોતા. રઘુવીર તેમને ઊંચકીને ઉપર લઈ ગએલા. (કેટલું બધું જ્ઞાન રઘુવીર ઊંચકી શકે છે!) રાવજી મૃત્યુની નજીક સરકી રહ્યો હતો ત્યારે રઘુવીરે શબ્દાર્થમાં કહી શકાય એવી ચાકરી કરેલી. રાવજીના મોટા ભાઈ બનીને તેની માંદગીમાં ખડે પગે ઊભા રહેલા.

વચ્ચે રાધેશ્યામ જ્યારે એક ગંભીર માંદગીથી પીડાતા'તા ત્યારે રઘુવીર લગભગ દરરોજ બપોરે તેમની પાસે 'સંદેશ' પર જઇને બેસતા ને તેમને પ્રફુલ્લિત રાખવા ફાલતુ પ્રકારની રમૂજ કરતા; ને રાધેશ્યામને પોતાની માંદગી વિષે લાંબું વિચારવાનો સમય ન મળે એ માટે બે-ત્રણ કલાક સુધી વાતોમાં બાંધી રાખતા.

રઘુવીર કોઈ પણ વ્યક્તિ પર કટાક્ષ કરશે ખરા, પણ તેની સાથેના વ્યવહારમાં ઉષ્મા એની એ જ રહેવાની. સંપર્કમાં આવેલા ઘણાખરા માણસોની નબળી કડી તે જાણતા હોય છે એટલે એના પર કટાક્ષ કરવાનો લોભ ભાગ્યે જ છોડી શકે છે. જ્યોતીન્દ્ર દવેની મૉક કોર્ટ અમદાવાદમાં ગોઠવવામાં આવેલી. આ માટે બ્રોકર ખાસ મુંબાઈથી આવેલા. તેમનો મત એવો હતો કે સ્ક્રિપ્ટ જેવું કશું તૈયાર કર્યું હોય તો કાર્યક્રમ વધારે જામે; જ્યારે રઘુવીરે કહ્યું કે આવામાં તો સ્ક્રિપ્ટ જેવું કશું હોય જ નહિ, પડશે એવા દેવાશે જેવું રાખીએ તો કાર્યક્રમમાં વધારે રંગત આવે. જો કે પછી એ કાર્યક્રમ ઘણો જ નિષ્ફળ ગએલો, પણ રઘુવીરના ચબરાકીભર્યા જવાબોએ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરેલા. આ મૉક-કોર્ટના જજ તરીકે પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ હતા. રઘુવીરને (જ્યોતીન્દ્રના વકીલ તરીકે) કેટલાક સવાલો મેં પૂછ્યા ને કેટલાક એસ. આર. ભટ્ટ સાહેબે પૂછ્યા. ભટ્ટ સાહેબના દરેક સવાલના જવાબમાં રઘુવીર જાણીબૂઝીને સ્ત્રીઓનો ઉલ્લેખ કર્યા કરે. ભટ્ટ સાહેબે અકળાઇને રઘુવીરને પૂછ્યું : 'વેલ મિ. ચૌધરી, દરેક પ્રશ્નના જવાબમાં તમે સ્ત્રીઓની વાત શા માટે વચ્ચે લાવો છો?'

'તમને, સાહેબ, એથી આનંદ આવે છે એની મને ખબર છે, એટલે…' રઘુવીરે જવાબ આપ્યો.

રઘુવીર લોકોને રાજી કરવા કરતાં નારાજ કરવામાં વધારે રાજી થાય છે. એક વખત ઇન્ડિપેન નહિ જડવાથી મારા એક પુસ્તકનો રિવ્યૂ તેમણે તલવારથી લખેલો. રિવ્યૂ પ્રકટ થયા પછી રઘુવીર મળ્યા. પૂછ્યું : '"વિશ્વમાનવ"માં તમારા પુસ્તકનો રિવ્યૂ કર્યો છે એ તમે જોયોને ?'

'હા, જોયો…' મેં કહ્યું. 'બરાબર હતો?' ખંધું હસતાં તેમણે પૂછ્યું. 'સારો હતો.' મેં પ્રત્યુત્તર વાળ્યો. પણ મારા આ જવાબથી તેમને સંતોષ ના થયો. ત્રણેક દિવસ પછી ફરી મળ્યા ત્યારે પૂછ્યું : 'પેલો રિવ્યૂ તમને કેવો લાગ્યો?'

'સારો લાગ્યો છે એવું અગાઉ તમને હું કહી ચૂક્યો છું.'

'તમને માઠું ના લાગ્યું?'

'એમાં માઠું શું લાગે? તમને જે લાગ્યું હશે એ જ લખ્યું હશેને?'

એટલે મને માઠું લગાડવામાં નિષ્ફળ જવાને લીધે તે થોડાક દુ:ખી થએલા ખરા.

આ રઘુવીરને પણ આપણે મર્યાદા પુરુષોત્તમ જ કહીશું; કેમ કે તેમનામાં સામાન્ય માણસમાં હોય એવી અનેક નબળાઇઓ હોવા છતાં ઉત્તમ માણસમાં હોવા જોઇએ એવાં કેટલાંક લક્ષણો ય મોજૂદ છે. આપણી પાસે તેમની એક જ માગ રહે છે : સ્વીકારની. ને એકવાર તેમને સ્વીકાર્યા પછી આપણી તમામ જવાબદારીઓ તે પોતાના શિરે લઈ લેશે…અને જો તમે તેને પહેલો નંબર આપી દેશો તો તમને બીજો નંબર આપવામાં તે જરા ય ખચકાટ નહિ અનુભવે. હા, તેમની પાસે પહેલો નંબર મેળવવાની આશા તમે ક્યારે ય ના રાખી શકો,—સિવાય કે તે પોતે જ પોતાનો ક્લેઈમ પાછો ખેંચી લે. (અને એ તો શક્ય જ નથી.) આ વાતની સારી પેઠે જાણ હોઈ રઘુવીરને હું પહેલા નંબરનો હાસ્યલેખક ગણું છું. આની તેમને ખબર પડી ગઈ હોય કે ગમે તે કારણ હોય, પણ મારી કુંડળી તેમણે જોવા માગી છે. હું સફળ હાસ્યકાર કેવી થઈ શક્યો એનું તેમને ભારોભાર આશ્ચર્ય છે. (તેમની કુંડળીમાં છે એવા ગ્રહો જો બીજા કોઈની કુંડળીમાં હોય તો ગ્રહો સાથે ય તે ઝગડો કરી નાખે ખરા.) જ્યોતિષ એ સારું જોઈ શકે છે. જન્માક્ષરો પણ અનેક લેખકોના તેમણે બનાવી આપ્યા છે ને ગ્રહો કોઈ પણ જાતની બાધાઈ નહિ કરતાં તેમના ગણેલા ગણિત પ્રમાણે જ ચાલશે તો તેમણે કરેલી એક પણ આગાહી ખોટી નહિ પડે એવું તે દૃઢપણે માને છે.

કયા ગ્રહને કારણે હશે એ ખબર નથી, પણ તેમનામાં લોકેષણાનું તત્ત્વ, તાળીઓ મેળવવાની તાલાવેલી પણ એટલી જ પ્રબળ છે. એ તત્ત્વને લીધે કોઇને એમ્બૅરૅસિંગ પોઝિશનમાં મુકાઈ જવું પડે એવું ય ક્યારેક બને છે. તેમને ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક મળ્યું એ પારિતોષિક-વિતરણનો સમારંભ ગયે વર્ષે ઊજવાએલો. પોતે ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી હોઈ રઘુવીરની ઇચ્છા પરિષદને તે અર્પણ કરવાની હતી. મિત્રોએ તેમને સલાહ આપેલી કે ઈનામ પરત કરવું હોય તો પછીથી તેની જાહેરાત કરજો; સમારંભ ટાણે કશું ના કરતાં ઈનામ ચુપચાપ લઈ લેજો. પણ ઈનામનું કવર મળ્યું કે તરત જ તેમણે જનમેદનીની વચ્ચે, પચ્ચીસ રૂપિયા ઉમેરીને પરિષદને એ ઈનામ પાછું આપી દીધું. લોકોએ તાળીઓ પાડીને તેમના આ પગલાને વધાવી લીધું. તેમના પછી પરિષદનું જ્યોતીન્દ્ર દવે પારિતોષિક લેવાનો વારો મારો હતો. મારા માટે મુશ્કેલી ઊભી થઈ. ઈનામ રાખી લેવું કે પછી રઘુવીર જેવું કરવું! રઘુવીરે રૂપિયા પચ્ચીસ ઉમેર્યા એમ હું મારા ઈનામમાં સો રૂપિયા ઉમેરીને પરિષદને અર્પણ કરું તો ય તેમના પગલે જ ચાલવા જેવું થાય. એટલે પછી મારે કહેવું પડ્યું : 'ઘેરથી નીકળ્યો ત્યારે બૈરાંએ તા-

લઘુકથા

ભારેલાં આંસુ

સરોજ ત્રિવેદી

વંદનાના મૃત્યુના આઘાતે હેમંતનાં આંસુ હજુ યે સુકાતાં ન હતાં; જ્યારે સાતેક વરસના નીલુની આંખોમાં આંસુ યે ન આવ્યાં. જાણે મમ્મીના મૃત્યુ સાથે એને કંઈ લાગતુંવળગતું જ ન હોય તેમ એ મૂગોમૂગો અંગ્રેજી વાર્તાઓની ચોપડીઓનાં ચિત્રો જોયા કરતો. હેમંત એની ચિંતા કરતો, તો એની બા કહેતી, 'છોકરું છે. હમણાં બધું ભૂલી જશે.' પણ નીલુના વર્તનમાં એની મમ્મીના મૃત્યુનો અહેસાસ સરખો ય નહોતો વરતાતો.

નવી મમ્મી આવી તો યે નીલુમાં કંઈ ફેર ન પડ્યો. હેમંત સ્વર્ગસ્થ પત્નીનો ફોટો જોઈ નિ:સાસા નાખી લેતો. એ જોઈ એની નવી પત્ની શોભના કહેતી: 'નિસાસા નાખવા'તા તો મને શું કામ લાવ્યા?' હેમંત કહેતો : 'શોભના, જિંદગીનાં દસદસ વરસોનો સહવાસ એમ એટલો જલદી તો કેમ ભુલાય?' એ સાંભળી શોભના ચિડાતી. પછી છણકા સાથે ઝીણી ચડભડને અંતે બન્ને વચ્ચે ઝગડા શરૂ થઈ ગયા. પણ નીલુ પર આ બધાની જાણે કોઈ અસર જ નહોતી. એની જડ આંખોમાં શૂન્યતા વરતાતી.

આજે હેમંત અને શોભના ખૂબ ઝગડ્યાં ને પછી શોભનાએ બધી ખીજ નીલુ પર ઉતારી. તો યે જાણે કશું જ ન બન્યું હોય તેમ નીલુ ચૂપ રહ્યો. આ છોકરાને લાગણીઓ જ નહિ હોય કે શું?

રાત્રે થીજી ગએલી હવામાં ઊમસ ને ઉકળાટ વરતાતાં હતાં અને આકાશમાં વાદળાં ઘટાટોપ જામ્યાં હતાં. હું લૉબીમાં પાઈપ પીતો આકાશમાંથી વરસતા અંધકારને નીરખતો બેઠો હતો. હેમંતના બંગલાને ખૂણે બદામની ઘટા નીચે પાંદડાં ખખડ્યાં ને ધીમેથી ઊઠી હું ફેન્સિંગ પાસે ગયો ને ટોર્ચ કરી—

—તો પ્રકાશના ધોધ વચ્ચે સ્તબ્ધ ઊભેલા નીલુના હાથમાં કચરામાંથી ખોળેલા એની મમ્મીના ફોટાના ટુકડા અને એની આંખોમાંથી સરી ગાલ પર થીજેલાં અશ્રુબિન્દુ ચમકી રહ્યાં હતાં. □

કીદ કરેલી કે ખબરદાર જો ઈનામમાં મળેલી રકમમાંથી એક પાઈ પણ ઓછી લાવ્યા છો તો… એટલે રઘુવીરને પગલે ચાલી શકું તેમ નથી.' (આ વાત જાણ્યા પછી લાભશંકરે મને કહેલું : 'પરિષદને તમે એ રકમ પાછી ના આપી એથી હું બહુ ખુશ થયો છું. તમારી જગ્યાએ હું હોત તો જાહેરમાં કહેત કે આ પૈસાનો હું દારૂ પીશ, કે પછી મારા ગામની ભાગોળે મદ્યનો હવાડો બનાવડાવીશ, પણ આમાંથી પાઈ પણ પરિષદને હું હરગીઝ નહિ આપું.'—બાઈ ધ વે, લાભશંકરના કાવ્ય-સંગ્રહ, 'વહી જતી પાછળ રમ્ય ઘોષા' ને પરિષદનું ઈનામ મળ્યું એ પૈસાનો હવાડો તેમણે પાટડીની ભાગોળે કરાવ્યો છે કે નહિ એ બાબત પૂછવું પડશે.)

પણ રઘુવીર આમ તો સૌષ્ઠવપ્રિય માણસ છે. સૌષ્ઠવ વિષેના તેમના ખયાલો ઊંચા છે. યશવંતભાઇને પણ તે બેધડકપણે કહી શકે છે : 'સાહેબ, ફલાણું બુશ શર્ટ ના પહેરશો, સારું નથી લાગતું.' જો કે પોતે એટલાં બધાં સારાં કપડાં નથી પહેરતા, પણ બીજા લોકો પહેરે એ તેમને ગમે છે. કપડાં બાબત મિત્રોને ક્યારેક તે ટકોરે છે, પણ કોઈ મિત્ર તેમને કહી શકતો નથી કે, તમે ખાદીના બુશશર્ટની નીચે ટેરીકૉટનનું પૅન્ટ પહેરીને શા માટે બંનેનો કચરો કરો છો?' તે જેમ મિત્રોને ટપારે છે તેમ મિત્રોએ ય તેમને ટકોરતા રહેવું જોઇએ. મારા મતે રઘુવીરને જો ચેતવા જેવું હોય તો માત્ર એક જ વ્યક્તિથી છે—રઘુવીર ચૌધરીથી.

કલાવાર્તા

ઈરાનની કળા

આ અંકનું મુખચિત્ર 'હુસેન બૈગરા' એ ઈરાની ચિત્રકળાનો એક નમૂનો છે. નવી એસ. એસ.સી.ના ચિત્રકળાના અભ્યાસક્રમને લક્ષમાં રાખીને લખાએલા 'કલાવાર્તા' નામના એક નાનકડા પૂરક પાઠ્યપુસ્તકમાંથી એ ચિત્ર લીધું છે. એ પુસ્તકની નોંધ તો આ સાથે અલગ આપી જ છે, પણ એ ઉપરાંત ઈરાનની કળા વિષે થોડી વધુ અને સચિત્ર નોંધ આ નીચે આપી છે, જે એ કળાશૈલી અને એની પશ્ચાદ્‌ભૂમિકાને સમજવામાં સહાયક બની રહેશે.

ઈરાનનો ઇતિહાસ ઈસ્વી સન પૂર્વે ચારેક હજાર વર્ષથી આરંભાય છે. સિંધુની પશ્ચિમે ગએલી કેટલીક આર્ય જાતિઓ ત્યાં સ્થાયી થએલી. એ 'આર્યાયન' પરથી 'ઈરાન' નામ ઊતરી આવ્યાની પણ એક કલ્પના છે. ઈ. પૂર્વે પાંચેક સદી પહેલાં ત્યાંના મહા શક્તિશાળી રાજા સાયરસના કાળમાં પશ્ચિમમાં એની રાજસત્તા છેક ગ્રીસ અને મિસર સુધી પ્રસરી હતી. સિકંદર અને સેલ્યુકસની એના પરની સત્તા પછી પાર્થિયનોએ પુનઃ રાજકીય સ્વાતંત્ર્ય સ્થાપ્યું, પણ એમને હટાવીને આવેલા સાસાનીઅનોએ ઈરાનની પ્રાચીન મહાનતાને ફરી જાગ્રત કરી. જરથુસ્તી ધર્મના એ શાસનમાં ઈરાનની કળા અને સ્થાપત્યમાં નવી સિદ્ધિઓ પ્રકટી. સાતમી સદીમાં અરબોએ એ રાજવંશને કચડી નાખ્યો અને ઈરાનમાં ઈસ્લામનો પ્રચાર-પ્રસાર વધ્યો. એ પછી દસમી સદીમાં તુર્ક આક્રમણો થયાં, તેરમી સદીમાં ચંગીઝખાન ને ચૌદમી સદીમાં તૈમૂરની ચડાઈઓ થઈ. ઈ. ૧૪૯૯થી ૧૭૩૬માં ત્યાંના શિયાપંથી મુસ્લિમોના સફાવિદ શાસકોએ રાજ કર્યું, જેમાં શાહ અબ્બાસના સમયમાં ઈરાન સમૃદ્ધિની નવી ટોચે પહોંચ્યું હતું. એ પછી અફઘાનો આવ્યા ને એમને હાંકી કાઢીને નાદિરશાહે ફરી ઈરાની શાસન સ્થાપ્યું. ત્યાર બાદ ઈરાનની સીમાઓ સંકોડાતી ગઈ અને એનો કેટલોક પ્રદેશ અફઘાનિસ્તાન ને રશિયાની સીમામાં ચાલ્યો ગયો.

આમ, રાજકીય પલટાઓ સાથે ઈરાનની સંસ્કૃતિમાં પણ વિવિધ પ્રભાવ પડતા રહ્યા. સમૃદ્ધિની ચડતીપડતીએ ત્યાંના કલાસંસ્કારો પર પણ વિવિધ અસર તો કરી જ હશે, પણ સાસાન્યિન કાળ સુધી કોઈ મહત્ત્વના કલાવશેષો પ્રાપ્ય નથી. કલાને એમાં સ્થાન નહિ હોય એમ તો ન જ કહી શકાય. સમરાનાં ઉત્ખનનોમાંથી મળેલા અવશેષો એની પ્રાચીન કળાનો થોડો ખયાલ આપે જ છે. તુરફાનના ખોદકામમાંથી મળેલા નવમી સદીના પુરાવાઓ પરથી ગ્રંથશોભનની કળાના ઈશારા પણ મળ્યા છે. બારમી સદીના સેલજુક તુર્કના કાળથી ઈરાનની કળાનો સ્રોત સ્પષ્ટ થવા લાગે છે, અને એની પરિપક્વતા જોતાં એથી યે અગાઉ કલાનું ચલણ હોવાની પ્રતીતિ થાય છે.

ઈસ્લામી આક્રમણો પછી, એ ધર્મમાં માનવપાત્રો કે પ્રાણીઓ ચીતરવા નિષિદ્ધ હોઈ ઈરાનની ચિત્રકળાએ જે નવો જ વળાંક લીધો તેમાં લેખનકળા અને ગ્રંથશોભનનો વિકાસ થયો. પણ સમરામાંથી મળેલા અવશેષો પરથી નર્તકીઓ, શિકારીઓ, પ્રાણીઓ ને વેલબુટ્ટાઓનું આલેખન પ્રચલિત હોવાની પ્રતીતિ થાય છે. મંગોલ શાસકોના સમયમાં તો છેક ચીન સુધીની કળાનો પરિચય ઈરાનની કળાને થયો. ચંગીઝખાનના અનુગામી હલાગુએ કળાને પણ ઉત્તેજન આપ્યું. વિવિધ વિષયનાં પુસ્તકોમાં ઐતિહાસિક પ્રસંગો ને લોકકથાઓનાં ચિત્રો થવા લાગ્યાં. ચિત્રમાં દૃશ્યોનું આલેખન પણ ઉમેરાયું. ક્વચિત ખડકો, એકલદોકલ વૃક્ષો, એકાદ ઝરણું અને ફૂલછોડ વગેરે એમાં ઉમેરાવાં લાગ્યાં. ચીની કળાના પ્રભાવમાં ઈરાની ચિત્રકળાએ આગવી લાક્ષણિકતાઓ ખીલવી. બગદાદ અને તબ્રિઝમાં એ કાળે થએલાં ચિત્રોમાં એ કળાએ સર કરેલી સિદ્ધિઓ જોવા મળે છે. પણ હજી યે એ કળા ગ્રંથલેખન સાથે સંકળાએલી હતી. લહિયાઓએ ખાલી રાખેલી જગ્યાને ચિતારાઓ અજબ કલામયતાથી શણગારતા. ચૌદમી સદીમાં એમાંનાં ચિત્રોની પશ્ચાદ્‌ભૂ બહુધા લાલ ચટક રહેતી, પછી એમાં તેજસ્વી આસમાની રંગ આવ્યો અને આગળ જતાં સોનેરી પશ્ચાદ્‌ભૂએ એને એક અનોખી ભભક આપી. જો કે રંગશુદ્ધતા એ ઈરાની ચિત્રકળાની એક આગવી લાક્ષણિકતા રહી છે, પણ ચિત્રનાં અન્ય અંગોમાં નવાં જ પરિવર્તનો અને વિકાસને પડછે મંગોલકાલીન ઈરાની કળાનું પાત્રાલેખન જડ લાગે છે. છતાં રાજ્યાશ્રયને કારણે અને કાગળનો ઉપયોગ થવા લાગવાથી ગ્રંથોનું લેખન અને સુશોભન અત્યંત સુંદર થતું હતું. મોંઘી બનાવટના કાગળો ને દૂર દેશાવરથી મંગાવેલી સામગ્રીઓનો એમાં ઉપયોગ થએલો છે. ઈસ્લામના પ્રભાવમાં સજીવ પાત્રનું ચિત્રણ નિષિદ્ધ હતું ત્યારે ભૌમિતિક આકારો અને ફૂલપત્તીઓની ભાતના શોભને જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી તેનો પ્રભાવ તો હજી આજે યે ઈરાની ગાલીચાઓમાં પ્રકટ થાય છે. ગ્રંથલેખન સાથે સંકળાએલી કળાની એ સિદ્ધિઓની પ્રતીતિ ફિરદોસી, નિઝામી ને ખ્વાજા કિરમાનીની રચનાઓમાં થાય છે. ગ્રંથની લખાવટ ને શોભન-આલેખનનો એમાં અજબ સુમેળ સધાયો છે. આ ઉપરાંત, 'શાહનામા'ના શૌર્યપ્રસંગો, શિરીન-ખુશરુ કે લૈલા મજનૂંની વાર્તાના પ્રસંગો સાથે શિકાર, લડાઈ, મહેફિલો અને આનંદ-પ્રમોદનાં ચિત્રો એ ઈરાની કળાના મુખ્ય વિષયો રહ્યા છે.

બગદાદ, તબ્રિઝ ને સમરકંદ ઈરાનના મુખ્ય કલાધામો હતાં. હેરાતમાં કલામય ગ્રંથસર્જન માટે એક ખાસ અકાદમી ચાલતી હતી. ચાળીસ જેટલા સિદ્ધહસ્ત લહિયાઓ ત્યાં ગ્રંથો લખતા. તબ્રિજના ઉસ્તાદ લહિયા મીર અલીના એ શાગિર્દો હતા. લહિયાઓની સાથે એટલા જ ચિત્રકારો પણ ત્યાં કામ કરતા. અને શોભન-અલંકરણ માટે ખાસ ચિતારાઓ હતા.

આ હેરાતના જ એક ઉસ્તાદ ચિત્રકાર બિહઝાદ (બિઝાદ)ની ત્યારે બોલબાલા હતી. સુલ્તાન હુસેનનો એ દરબારી ચિત્રકાર અને ઈ. ૧૫૦૫ સુધી હેરાતની અકાદમીનો એ પ્રમુખ હતો. ચિત્રકાર તરીકે એ 'પૂર્વના રફાએલ' તરીકે પશ્ચિમી દેશોમાં ખ્યાત થયો હતો. શાહ ઈસ્માઈલે એને તબ્રિઝ લઈ જઈને શાહી ગ્રંથપાલ બનાવી માનપાનથી નવાજ્યો હતો. ઈ. ૧૪૬૭માં એણે તૈમૂરના ઇતિહાસમાં ચિત્રો કરેલાં. કવિ સાદીના 'બોસ્તાન'નાં અને 'લૈલા-મજનૂં'નાં એનાં ચિત્રો એના ઉત્કૃષ્ટ ચિત્રકામનાં દ્યોતક છે. ઈરાની ચિત્રોમાં પાત્રાલેખનની જડતા ઘટાડનાર તરીકે પણ એ ખ્યાત છે. ચિત્રના દૃશ્યાલેખનમાં એણે વધુ વાસ્તવિકતા આણી હતી. લહિયાઓએ આપેલી જગ્યાના બદલે એણે થોડું જ લખાણ સમાય એવી રીતે પાનાં ભરીને ચિત્રો કરવાનો આરંભ કરેલો, એટલું જ નહિ, સામસામાં બે પૃષ્ઠો પર ફેલાય એવાં ચિત્રો કરીને એણે પોતાનું ચિત્રફલક વિસ્તાર્યું હતું. બાદશાહ બાબરે પણ એની કળાનાં મુક્ત કંઠે વખાણ કરેલાં છે. મુઘલો સાથે હિંદુસ્તાનમાં આવેલી જે ઈરાની ચિત્રશૈલીએ 'મુઘલ ચિત્રશૈલી'ના વિકાસમાં ભાગ ભજવ્યો એ શૈલી આ નામી કલાકાર બિહઝાદના શાર્ગિદોએ જ પ્રસારી હતી.

એ પછીના તબક્કામાં કલાકાર સુલતાન મહમદનું નામ વિખ્યાત છે. મુખ્યત્વે એ છબિચિત્રો અને અમુક વિષયનાં જ ચિત્રો કરતો. ખાસ કરીને શાહી ગ્રંથોમાં જ એણે કામ કર્યું છે. ગ્રંથચિત્રો ઉપરાંત એણે છૂટાં ચિત્રો પણ ઘણાં કર્યાં છે. શોભન ઉપરાંત ગાલીચાઓમાં પણ ચિત્રવિષયો ઉતારવાનું એણે પ્રસાર્યું હતું. શાહ મુઝફર, અબુલ અલ સમીદ, મીર સૈયદ આગા મિરક, કાસિમઅલી, શેખઝાદા વગેરે પણ ઈરાનના જાણીતા ચિત્રકારો હતા.





સફાવિદ સમયની ઈરાની કળાનાં બે લાક્ષણિક ચિત્રો

સોળમી સદીના આરંભમાં શાહ ઈસ્માઈલના શાસનથી ઈરાનમાં સફાવિદ કાળ શરૂ થયો. એના પાટનગર તબ્રિઝમાં લખાએલા-ચીતરાએલા ગ્રંથો ઈરાની લિપિલેખન, શોભન અને ચિત્રકામના ઉત્કૃષ્ટ નમૂના ગણાય છે. સુલતાન મુહમ્મદ, આગા મિરક, કાસિમ અલી અને શેખઝાદા, એ સફાવિદ કાળના ખ્યાતનામ ચિત્રકારો હતા. ફિરદોસીના 'શાહનામા' તથા નિઝામીના 'ખામસા'નાં ચિત્રો સફાવિદ સમયની ઈરાની ચિત્રકળામાં સર્વોત્કૃષ્ટ લેખાય છે. ખામસા એ નિઝામીના કાવ્ય-પંચકનો સંગ્રહ છે. એના પહેલા ભાગ-'મખઝાન અલ અસરાર'માં ગૂઢ રહસ્યવાદી કાવ્યો, બીજા ભાગમાં ખુશરુ અને શિરીનની તથા ત્રીજામાં લૈલા-મજનૂંની પ્રેમકથાઓ, ચોથા 'હફ્ત પૈકાર'માં સાસાનિયન શાહ બહેરામ ને એની જુદાજુદા દેશની સાત બેગમોની કથા તથા પાંચમા 'ઈસ્કંદરનામા'માં સિકંદરના એશિયા-વિજય તથા તેના પ્રવાસનાં વર્ણનો કાવ્ય રૂપે રજૂ થયાં છે. અહીં આપેલાં બંને ચિત્રો ખામસાનાં છે. પહેલા ચિત્રમાં શાહ બહેરામ અને એની એક બેગમની મુલાકાતનું આલેખન છે. (અસલ ચિત્રનો આ મધ્ય ભાગ જ છે) એક બેગમ શ્વેત મહેલમાં વસતી એટલે સોનેરી સહિત વિવિધ તેજસ્વી રંગોમાં આલેખિત શોભનખચિત આ ચિત્રમાં સફેદ રંગનો બહુ સુંદર રીતે ઉપયોગ કર્યો છે. બીજા ચિત્રમાં ટેકરીઓવાળા હરિયાળા પ્રદેશમાં વહેતા ઝરણા પાસે સિકંદર અને ચીની રાજ પુરુષની મુલાકાત દર્શાવી છે. ઝીણવટભરી ભાતરચના, સૂક્ષ્મતમ વિગતોવાળું સ્પષ્ટ રેખાંકન, એકસરખા કદનાં પાત્રો, અને બે પરિમાણવાળી ચિત્રરચના એ ઈરાની શૈલીની ખાસિયતો અહીં જોવા મળે છે. રાજ-આવાસની વૈભવભરી શોભા અને ખુલ્લા પ્રદેશના પ્રાકૃતિક સૌંદર્યને ચિત્રિત કરવાની ઈરાની રીતનો એમાંથી ખયાલ મળી રહે છે.

સોળમી સદીની આખરમાં ઈસ્ફહાન ઈરાનનું પાટનગર હતું. સ્વાભાવિક રીતે જ એ સમયનો કલાવિકાસ તેની સાથે સંકળાયો. લેખન શૈલીમાં પણ ત્યારે નવા સ્વરૂપો વિકસ્યાં. ઉસ્તાદ મહમદીએ પ્રાકૃતિક વિષયનાં જે ચિત્રો કર્યાં એમાં એની નિરીક્ષણશક્તિની પણ પ્રતીતિ મળે છે. એણે રૂઢિગત પદ્ધતિ ઉપરાંત વૉશ પદ્ધતિ પણ અપનાવેલી. રિઝા અબ્બાસી અને આગા રિઝાએ રોજિંદા વિષયોને પણ ચિત્રોમાં ઉતાર્યા. શોમાંકનોનો પ્રભાવ ઈરાની ચળકતી લાદીઓ અને ઈસ્ફહાનના બગીચામાં રચાએલા રાજઆવાસોનાં શોભનોમાં પણ ઊતર્યો. મુઈન, મુહમ્મદ, કાસિમઅલી, મીર મહમદઅલી, મહમદ યુસુફ વગેરેએ એની કલાશૈલીને જીવંત રાખી.

આ પછીનું ઈરાનનું કલાસર્જન કલાવિકાસના ઇતિહાસમાં બહુ મહત્ત્વનું નથી. અઢારમી સદીમાં યુરોપનો પ્રભાવ વધતાં ત્યાંની નકલ થવા લાગી. કળાના નામે બજારુ પેદાશ વધી જઈ એની અસલીઅત ઘટવા લાગી. ઓગણીસમી સદીથી તો બહારના દેશોમાં પ્રાચીન ઈરાની કલાકૃતિઓના સંગ્રહ માટે માગ વધવા માંડતા અસલ ચિત્રોની છેતરામણી નકલો પણ પ્રચલિત બનવા લાગી. અલબત્ત, આ નકલખોરીને કારણે અસલી શૈલી નવા રૂપે પણ ભુંસાતી ઘટી ખરી.

આમ, વિવિધ તબક્કે જુદાજુદા પ્રભાવ તળે ઈરાનની ચિત્રકળામાં જે ચડતીપડતી થતી રહી તેમાં એની જે લાક્ષણિકતાઓ વિકાસ પામી તે આગવી જ રહી છે. બહુધા ગ્રંથલેખન સાથે સંકળાએલી રહ્યા છતાં એની કલામયતા અનોખી જ રહી છે. તુર્ક પ્રભાવ તળે પ્રસરેલા બરછટ પાત્રાલેખનને બાદ કરતાં એની ભાતી-



અનિવાર્ય કારણે મોડા પ્રકટ કરી શકાયા છતાં, આ વર્ષે 'કુમાર'ને મળેલા નૂતન વર્ષાભિનંદનના સંખ્યાબંધ સુંદર નમૂનાઓમાંથી ચૂંટેલી આ થોડી જાતે બનાવેલી કૃતિઓનો કલાસ્વાદ કરાવતાં આનંદ થાય છે. મથાળે પ્રથમ, પાતળા કાપડ પર બે રંગોમાં કરેલું સ્ક્રીન પ્રિન્ટિંગ (નિરંજન દલાલ-અંધેરી), મોરપીછ, સોનેરી દોરી ને રંગીન તારાટીપકી ચોડીને બનાવેલો મોર (ચંદ્રકાન્ત પંચાલ-કાલોલ); વચ્ચે પ્રથમ કલાકાર ઈન્દ્ર દુગડ (કલકત્તા)નું એક દશ્યચિત્ર; તેની નીચે પોસ્ટકાર્ડ ઉપર મોર અને ઢેલનું શોભનમય રેખાંકન (વ્રજ મિસ્ત્રી-અમદાવાદ); વચ્ચે ભરત ભરતી ગૃહિણી (જ્યોતિ અને સાધના-અમદાવાદ); જમણી બાજુ એક જલરંગી પાત્રાલેખન (બલવંત જોષી-રાજકોટ); નીચે છેલ્લી હારમાં અનુક્રમે: રંગીન સ્કેચપેનોથી કરેલી માછલીઓ (લક્ષ્મી એન. ગામીત-બારડોલી); કાઠિયાવડી પાત્ર (દેવજીભાઈ વાજા-પોરબંદર) અને લોકશૈલીએ ચીતરેલા ગણેશ (દિલીપ ઉપાધ્યાય-ગોંડલ)

ગળ શોભનપ્રચુરતા, સફાઈદાર મનોહર રંગોની શુદ્ધતા ને તેની ભભક, સોનેરી રૂપેરી રંગનો ઝળહળાટ, મર્યાદિત ફલક પરનું સુંદર સંયોજન, રેખાની નજાકત વગેરેથી કલ્પના ને આંખ બંનેને પ્રસન્ન કરતાં ઈરાની ચિત્રોમાં નર્યું લાલિત્ય નીતરતું લાગે છે. કલ્પનાસભર છતાં એનો અભિગમ બૌદ્ધિક રહ્યો છે. સમયના પલટા સાથે બદલાએલા કલાપ્રવાહોમાં પણ એણે પોતાની અસલીઅતનું ગૌરવ જાળવી રાખ્યું છે. ભારતમાં જ્યારે બૌદ્ધ ધર્મનો પ્રભાવ જીવંત હતો ત્યારથી આપણે ઈરાનથી પરિચિત છીએ. અજંતાનાં ભીંતચિત્રોમાં ઈરાની પાત્રોનું આલેખન પણ જોવા મળે છે. આર્યોની અગ્નિપૂજાને અપનાવનાર જરથોસ્તી ધર્મના અનુયાયી પારસીઓએ તો આ દેશને જ પોતાનું વતન બનાવ્યો છે. પણ આપણે આજે સદીઓ પછી યે જેના આશિક છીએ એ મુઘલ ચિત્રશૈલીના વિકાસમાં પોતાની કલા દ્વારા ઈરાને જે પ્રભાવ પાડ્યો છે તે આપણે ત્યાંના કલાવિકાસનું એક આગવું પ્રકરણ બની રહ્યો છે. —સં

'કલાવાર્તા'

શાળામાં ન્યૂ એસ. એસ. સી.ના અભ્યાસક્રમમાં ચિત્રકળાના વિષયની સ્વીકૃતિ થતાં એ વિષયના વિદ્યાર્થીઓ અને તેમના અભ્યાસક્રમને લક્ષમાં રાખીને હાલ કલાવિષયક ઠીકઠીક પ્રકાશનો થવા લાગ્યાં છે. નિશ્ચિત અભ્યાસક્રમને કારણે વિષયની રજૂઆતમાં તથા ખાસ તો આવાં પ્રકાશનોને સચિત્ર કરવામાં કેટલીક મર્યાદાઓ નડે છે એ ખરું, છતાં શિક્ષણક્ષેત્રની અનુભવી ને કલાની સૂઝ ધરાવતી વ્યક્તિઓના હાથે આવું પ્રકાશન તૈયાર થાય તો સારું કામ પણ થઈ શકે એના એક ઉદાહરણ રૂપ 'કલાવાર્તા' નામનું આ પ્રકાશન છે. માત્ર ૬૦ પાનાંના વિસ્તારમાં એના સર્જકો સર્વશ્રી ચન્દ્રેશ્વર શુક્લ, પ્ર. ત્રિવેદી ને જી. દલવાડીએ આ નાના

ક્રિકેટ જગતના યાદગાર ટેસ્ટ મૅચ-૧૨

– ન ભૂતો ન ભવિષ્યતિ –

ભરત ના. ભટ્ટ

ઑસ્ટ્રેલિયા વિ. વેસ્ટ ઈન્ડીઝ, પ્રથમ ટેસ્ટ,
બ્રિસ્બેન: ડિસેમ્બર ૯ થી ૧૪, ૧૯૬૦.

'હું જેટલી ટેસ્ટો રમ્યો છું તેમાં આ ટેસ્ટ મહાનતમ હતી. મને લાગે છે કે બીજી કોઈ ટેસ્ટ 'ટાઇ' થાય ત્યાં સુધી આનાથી ચડિયાતી ટેસ્ટ સંભવિત નથી.' સર ગૅરી સોબર્સે જે ટેસ્ટ વિષે આમ લખ્યું છે તે એકમાત્ર ટેસ્ટ એવી છે કે જે 'ટાઇ'માં પરિણમી હોય.

વૉરેલે ટૉસ જીત્યો ને વેસ્ટ ઈન્ડીઝે પ્રથમ દાવમાં સોબર્સની આક્રમક સદી સાથે ૪૫૩ રન કર્યા. ઑસ્ટ્રેલિયાએ ઓ'નીલની મદદથી ૫૦૫ રન કર્યા. વેસ્ટ ઇન્ડીઝનો બીજો દાવ પાંચમી સવારે ૨૮૪ રનમાં પૂરો થયો.

ઑસ્ટ્રેલિયાએ જીતવા માટે ૩૧૦ મિનિટમાં ૨૩૩ રન કરવાના હતા. તેમની જીત નિશ્ચિત લાગતી હતી અને તે દિવસે ટેસ્ટ ક્રિકેટની સર્વોત્તમ નાટ્યાત્મક પળોના સાક્ષી બનવા માત્ર ૪ હજાર પ્રેક્ષકો આવ્યા હતા. દાવ આરંભાયો ને નાટકનો પ્રથમ રહસ્યમય 'હીરો' બન્યા વેસ્લી હૉલ. તેમણે કુલ ૭ રને સિમ્પસન ને હાર્વેને કાઢ્યા. ૪૯ રને મૅકડૉનાલ્ડ અને ધરખમ ઓ'નીલ ગયા ને ૫૭ રને ફેવેલની પાંચમી વિકેટ ગઈ. ઑસ્ટ્રેલિયાની હારની ઘડીઓ ગણાવા લાગી ને પ્રેક્ષકોના શ્વાસ થંભી ગયા. ચા પહેલાં થોડી વારે ૯૨ રને મકાયની છઠ્ઠી વિકેટ ગઈ ને વેસ્ટ ઈન્ડીઝનો વિજય ડોકિયાં કરવા લાગ્યો. ચાના સમયે ૧૦૯ રને ૬ વિકેટ હતી ને ડેવિડસન-બેનોની જોડી દાવમાં હતી. હવે બાકી રહેલા પાંચ જણે ૧૨૦ મિનિટમાં ૧૨૪ રન કરવાના હતા. ચાના સમય પછી બાજી પલટાઈ. આ બંને જગત્‌ખ્યાત ઑલરાઉન્ડરોએ કાળજી, આવડત અને ધૈર્યથી મૅચનું સુકાન હાથમાં લીધું. રનનો આંકડો વધવા લાગ્યો—૧૨૫, ૧૫૦, ૧૭૫, ૨૦૦ રન થયા! મૅચના ચંચળ જળને આ બંનેએ સ્થિર કર્યાં ને પ્રવાહ પોતાની તરફેણમાં વાળ્યો હતો. હવે હૉલે નવો બૉલ લીધો ને દાનવની જેમ ફૂફાડા મારતા તેઓ જાણે તોપના ગોળા ફેંકવા લાગ્યા. હા, લક્ષ તો સ્ટમ્પ જ હોવું જોઇએ, બૅટ્સમૅન નહિ તેવી વૉરેલની આજ્ઞા હતી. બૅટ્સમેનો પણ એવા જ મજબૂત-અડગ હતા.

આંકડો ૨૨૬ રને પહોંચ્યો ત્યાં વળી પલટો આવ્યો. આ વખતે 'હીરો' બન્યા સૉલોમન. બેનોના ફટકામાં ઝડપી રન લેવા જતાં ડૅવિડસનને તેમણે સીધા ઘાથી વિકેટ પાડીને રન-આઉટ કર્યા. વીરતાથી ૮૦ રન કરનાર ડૅવિડસનને પ્રેક્ષકોએ દેવતાનું બહુમાન આપ્યું. આ પછી નવાગન્તુક ગ્રાઉટે એક રન લીધો અને હૉલની છેલ્લી ઓવર આવી. ૮ બૉલમાં ૬ રન કરવાના હતા. પ્રથમ બૉલે એક ઝડપી 'બાય રન' લીધો. બીજો બૉલ બાઉન્સર હતો જેને હૂક કરવા જતાં બેનો (૫૨) વિકેટકીપરના હાથમાં ઝડપાયા. સૌને થયું, 'ડૅવિડસન બેનોની જહેમત ઉપર શું પાણી ફરી વળશે?' દાવમાં આવી મેકિફે ચોથા બૉલમાં એક 'બાય રન' લીધો. ચાર રન–ચાર બૉલ! આ પળે વેસ્ડ ઈન્ડીઝના ફીલ્ડરો વિદ્યુત ગતિએ ફીલ્ડિંગ ભરી રહ્યા હતા ને એકેએક રન દુ:સાધ્ય હતો. આ પળે ગ્રાઉટના એક ઊંચા ફટકાને ઝીલવા જતાં કન્હાઈ ને હૉલ અટકાયા–કૅચ ગયો! અને બૅટ્સમેનો તો આ દરમિયાન એક રન દોડી ગયા! કેવા કહેવાય આ ઑસ્ટ્રેલિયનો? ત્રણ બૉલ–ત્રણ રન. પછીના બૉલને મેકિફે સ્કવેરલેગ તરફ તાકાતથી 'પુલ' કર્યો. ચોગ્ગો નક્કી હતો ને સૌ બૉલને જોતાં ચિચિયારી પાડવા તૈયાર થતાં હતાં. બૅટ્સમેનો તો ઊંધું ઘાલીને રન દોડતા હતા. ત્યાં હન્ટ જાણે પોતાની પાછળ મોત પડ્યું હોય તેમ દોડ્યા ને ધીમા પડતા જતા બૉલને બાઉન્ડ્રી પાસે અટકાવી વિપળમાં જ તેનો ઘા કર્યો તે સીધો વિકેટકીપરના હાથમાં! ત્રીજો અને વિજયી રન લેવા દોડતા ગ્રાઉટ રન-આઉટ થયા. એક રન–બે બૉલ–એક વિકેટ! ક્લાઈન આવ્યા ને સાતમા બૉલને મિડવિકેટ પર મોકલી તેઓ વિજયનો રન લેવા દોડ્યા, પણ સામેથી દોડેલા મેકિફ વિકેટે પહોંચે તે પહેલાં તો સૉલોમનના સીધા ઘાથી વિકેટ પડી ગઈ હતી. ઑસ્ટ્રેલિયા ૨૩૨ રને ઑલ આઉટ. કન્હાઈ ઠેકડા મારે 'અમે જીત્યા!, અમે જીત્યા! પેવિલિયનમાં ઑસ્ટ્રેલિયનો પણ એ જ ભ્રમમાં. હકીકતે સરખા—૭૩૭ રન થએલા, એક વિકેટ બાકી નહિ, અને એક જ બૉલ બાકી—ટેસ્ટ 'ટાઇ' થએલી. બધા મુખ્ય ખેલાડીઓનો આ રસાકસીમાં અમૂલ્ય ફાળો હતો, પરંતુ સૌથી વધુ યશ તો બંને સુકાનીઓ વૉરેલ અને બેનોને મળે છે, જેમણે એક ક્ષણ પણ મૅચને 'ડ્રૉ'માં લઈ જવાનો કે ખોટી યુક્તિઓ વાપરવાનો વિચાર સુધ્ધાં કર્યો નહોતો. છેલ્લે તો આ મહારથીઓ પણ માત્ર પ્યાદાં હતાં. વિજય તો ક્રિકેટનો પોતાનો થયો હતો. આ દિવસે ટેસ્ટ-ક્રિકેટ તેની સાચી વિભાવના રૂપે પુનર્જન્મ પામ્યું. □

પ્રકાશનમાં પણ કલાની વ્યાખ્યા સમજાવવાથી માંડીને આઠમી-નવમી શ્રેણીના કલાના અભ્યાસક્રમની પશ્ચાદ્‌ભૂમિકામાં જરૂરી એટલા અંશોને સમાવી લેવાનો સારો પ્રયત્ન કર્યો છે.

ભારત અને પશ્ચિમની કળાની લાક્ષણિકતા તથા વિવિધ પ્રવાહો અને શૈલીઓનો ખયાલ આપવા સાથે લેખકોએ કેટલાક ખ્યાતનામ કલાકારોની ઓળખ તથા એમના કલાસર્જનની વિશિષ્ટતાઓનો ટૂંકો પરિચય ને વિવિધ કલાવાદોની લાક્ષણિકતાઓ પણ સમજાવી છે. કલાકૃતિને માણવા માટે ઉદાહરણ રૂપ રસદર્શનો આપ્યાં છે.

રંગ અને એના ઉપયોગની વિવિધ રીત, ચિત્રમાં એનો પ્રભાવ, રેખાનું મહત્ત્વ, આકાર, પોત, છાયા-પ્રકાશ, રંગ-આકારના પ્રમાણભાર વગેરેની સમજ પણ વિદ્યાર્થીઓને ઉપયોગી થઈ પડે તેવી છે. વળી, ચિત્રકલા ઉપરાંત, એક નાના પ્રકરણમાં ભારતીય શિલ્પ-સ્થાપત્યનો ટૂંકો ઇતિહાસ તથા જે તે સમયની એની લાક્ષણિકતા બતાવવા સાથે ગુજરાતના અમુક અગ્રગણ્ય સ્થાપત્યનો આછો શો પરિચય પણ આ પ્રકાશનમાં સમાવી લીધો છે.

મોંએ જો દડો, અજંતા, બાઘ, બાદામી, સિત્તનવાસલ વગેરેની ચિત્રશૈલીઓ સાથે જૈન, રાજપૂત, પહાડી, કિશનગઢ, મુઘલ વગેરે કલમોની લાક્ષણિક ચિત્રરીતિ સાથે ગગનેન્દ્રનાથ, યામિની રાય, અમૃતા શેરગિલ, અહિવાસી વગેરે જેવા નામી કલાકારોની ચિત્રકૃતિઓનાં રેખાંકનો આપી એમણે ભારતીય ચિત્રકલાના વિકાસના વિવિધ તબક્કાઓનો ખયાલ રજૂ કર્યો છે. આ જ રીતે પરદેશની કલાનો વિકાસ સમજાવવા સાથે ત્યાંના એ કાળના નામી ચિત્રકારોનો પરિચય પણ તેઓની નમૂનારૂપ કૃતિઓ આપીને વધુ સચોટ બનાવ્યો છે. આમ, લગભગ ૫૭ એકરંગી (એની બધી છાપ જરા વધુ ચીવટથી સ્પષ્ટ છપાઈ હોત તો સારું થાત.) તથા ચાર પૂર્ણરંગી ચિત્રો આપીને ચિત્રકલાના વિષયની યોગ્ય રજૂઆત કરવા માટે સારો પ્રયત્ન કર્યો છે.

વળી, દરેક પ્રકરણને છેડે આપેલા સ્વાધ્યાય રૂપ પ્રશ્નો તથા કલાની તવારીખ, કલાના પારિભાષિક શબ્દોની અર્થ સાથેની સૂચિ, સંદર્ભસૂચિ અને અભ્યસનીય પુસ્તકોની યાદી ઉપરાંત ભારતીય ને વિદેશી કલાકારોના જીવનની સાલ દર્શાવતાં પરિશિષ્ટોથી એની ઉપયોગિતા વધારી છે. 'કલાવાર્તા'નું આયોજન થયું છે તો, ન્યૂ એસ. એસ.સી. ચિત્રકલા (થીઅરી) તેમજ ગુજરાત અને મહારાષ્ટ્રની એ.ટી.ડી. તથા ડિપ્લોમા ઈન પેઇન્ટિંગ વગેરેના વિદ્યાર્થીઓ માટેના પાઠ્ય-પુસ્તક તરીકે, પણ કલામાં રસ ધરાવતા ઇચ્છુકોને પ્રાથમિક સમજ આપવાની એની ક્ષમતાને કારણે આ એક આવકાર્ય પ્રકાશન છે.

(પ્રકાશક: એ. આર. શેઠની કંપની, જનરલ પોસ્ટ ઑફિસ સામે, અમદાવાદ-૧ (ને મુંબાઈ-૨.) પૃ. ૬૦, કિં. ૫ રૂપિયા)

શબ્દકથા : પછવાડું · છેવાડું · પલવાડ

પ્રાકૃત वाडय, શબ્દ ગુજરાતી અગવાડું, પછવાડું, રજવાડું, છેવાડું જેવા શબ્દોમાં અને પ્રાકૃત वाडी ગુજરાતી પલવાડ જેવામાં પણ મળે છે.

સંસ્કૃત अग्र, પ્રાકૃત अग्ग સાથે वाडय જોડતાં अगवाडुं–'આંગણું કે મોખરાનો ભાગ'.

સં. पश्च, પ્રા. पच्छ સાથે જોડાઈને पछवाडुं. સં. राज्य, પ્રા. रज्ज સાથે જોડાઈને रजवाडुं. સં. छेड 'છેડો, અંત', પ્રા. छेअ સાથે જોડાઈને छेवाडुं 'છેવટ'.

પ્રા. परिवाडी 'ફરતી વાડ', पलिवाडी ઉપરથી ગુજરાતી पलवाड થયો છે. પ્રા. परिवाडी ગુજરાતી परवाड 'ગામનો છેવાડાનો ભાગ' એમાં જળવાયો છે. કાશ્મીરીમાં પલ્યાર છે. સિંધીમાં પણ पलवाडो 'ઘરની ફરતી દિવાલ કે વાડ, ફરતો આડપડદો, મળે છે, જેમાં પ્રા. वाडय છે.

—હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

લઘુકથાનું સ્વરૂપ

પ્રફુલ્લ જે. રાવલ

કથા કહેવી-સાંભળવી એ માનવજાતનો આદિમ શોખ છે. ભાષાના ઉદ્ભવ સાથે જ કથાનું કલેવર માનવ-માનસમાં ઘડાવા માંડ્યું હોય તેવી સંભાવના કરીએ તો તે સાવ નિરાધાર ઠરે તેમ નથી. અલબત્ત આધુનિક કથા જેવું તેનું સ્વરૂપ કલ્પવું કે માનવું યોગ્ય નથી. કથાનું શ્રવણ કે કથન માનવજાતના કુતૂહલ ને સ્વ-અનુભવની અભિવ્યક્તિનું માધ્યમ બની રહે છે.

ગુજરાતી સાહિત્યમાં નવલકથા ને નવલિકાના વિવેચન ટાણે વિવેચકોએ પ્રાચીન કથા, આખ્યાયિકા કે આખ્યાનના સ્વરૂપ સાથે તેનું સામ્ય વિચાર્યુ છે. તો ક્યારેક કોઈક વિવેચકોએ એ પ્રાચીન પરંપરાગત સ્વરૂપ જોડે આધુનિક સ્વરૂપની તુલના કરવાનું અનુચિત પણ માન્યું છે. છતાં પણ એટલું તો માનવું જ રહ્યું કે કોઈક સ્વરૂપે અતિ પ્રાચીન કાળથી માનવજાતિમાં કથા સાંભળવાનો ને કહેવાનો આનંદ રહેલો જ છે. અત્રે આધુનિક કાળમાં પ્રચલિત લઘુકથાની વિચારણા પ્રસ્તુત છે.

'લઘુકથા' શબ્દમાં 'લઘુ' ને 'કથા' એ બે પદોનો સમાસ થયો છે. કથા છે, પરંતુ તેનું સ્વરૂપ લઘુ છે એમ એ શબ્દ પરથી સહજ પ્રતીત થાય છે. 'કથા' શબ્દ મૂળ સંસ્કૃત 'કથ્'–કહેવું પરથી બન્યો છે. 'કહેવું' શબ્દમાં 'માંડીને કહેવું' એ અર્થ રહેલો છે. ('કાવ્યમાં શબ્દ' પૃ. ૧૮૮.)

નવલકથા ને નવલિકા ઉભયમાં કથા છે. નવલકથામાં બહુધા જીવનની સમગ્ર ઘટનાઓનું આલેખન હોય છે, જ્યારે જીવનના એક મહત્ત્વપૂર્ણ ખંડ કે ભાગનું આલેખન નવલિકામાં હોય છે. નવલિકાના સર્જકને કથાનું આલેખન નવલકથાકારની જેમ પ્રસ્તારથી કરવાનું નથી, પણ એ આલેખન લાઘવયુક્ત હોય છે. આથી લાઘવતા નવલિકાનો ગુણ લેખાય છે.

નવલકથા ને નવલિકાની સર્જનપરંપરામાંથી લઘુકથાનો જન્મ થયો છે. નવલિકાથી લઘુ કથાનું સ્વરૂપ તે લઘુકથા. લાઘવતા એ લઘુકથાનો પ્રધાન ગુણ છે. લાઘવયુક્ત આલેખન લઘુકથાનું પ્રાણતત્ત્વ છે. વિશાળ ફલક પર કોઈ એક પ્રસંગનું ચિત્ર આલેખતો ચિત્રકાર વિવિધ પાત્રોનું આલેખન કરે છે ત્યારે ચિત્રની સુંદરતા છતી થાય છે. પરંતુ લઘુ ફલક પર પ્રસંગનું આલેખન ચિત્રકારની કસોટીરૂપ છે. ચિત્ર ચિત્રિત કરનાર કલાકારોને પાત્રો એવી રીતે આલેખવાનાં હોય છે કે જેથી ફલકની લઘુતા હોવા છતાં ચિત્રની કમનીયતા એટલી જ રહે. લઘુકથાનો સર્જક લઘુ ફલક પર ચીતરતા ચિત્રકાર જેવો છે. નાના પથ્થર પર પૂર્ણ અલંકૃતમૂર્તિ ઘડનાર શિલ્પીના કૌશલ્ય જેવું જ કૌશલ્ય લઘુકથાના સર્જક પાસે હોવું ઘટે. આ લઘુ સ્વરૂપ પરત્વે સર્જકે નાજુક ઓજારનો વિનિયોગ કરવાનો છે. લઘુકથાના સર્જકને લઘુ છતાં મનોહર કૃતિનું સર્જન કરવાનું છે. કથાનું કદ નાનું હોવાથી ગમે તે કથાસર્જક આ સ્વરૂપનો વિનિયોગ કરી શકવા સમર્થ છે એવું માનવું ભૂલભરેલું છે. કોઈ નવલકથા કે નવલિકા સર્જક લઘુકથાના સર્જનમાં નિષ્ફળ જાય તો નવાઈ પામવા જેવું નથી. વળી લઘુતા પ્રસંગ–ઘટનાની હોય, તેની રીતિની જ હોવી જોઈએ તેવું બંધન ન હોઈ શકે.

માનવજીવનમાં બનતા અનેકાનેક દુઃખદ-સુખદ પ્રસંગો પૈકીના કોઈ અનુકંપા જગવતા પ્રસંગને અતિલાઘવથી અભિવ્યક્ત કરીને તે દ્વારા વાચક-ભાવકના મન પર ઘેરી અસર ઉપજાવતી કથા તે લઘુકથા. અહીં ઘટના કે પ્રસંગને સંલગ્ન પાત્ર પણ સ્થાન પામે છે. એકાદ-બે પાત્ર ને તેના જીવનના મહત્ત્વપૂર્ણ પ્રસંગની લાઘવયુક્ત અભિવ્યક્તિ હોય છે. આ કથા વાચક-ભાવકના મનને પરિતોષે છે. આ પરિતોષ ક્ષણજીવી નથી. વાચક-ભાવકના માનસ પર તે પ્રસંગની પ્રથમ છબિ અંકિત થયા પછી તેની અસર દીર્ઘકાળ પર્યન્ત રહે છે. ઘટના કે પાત્રનો લોપ હજી લઘુકથામાં પ્રવેશ્યો નથી. લઘુકથા તેની શિશુ અવસ્થામાં છે. □

અવલોકન : ધીરુભાઈ પરીખ

કાવ્યનું સંવેદન : જાણીતા વિદ્વાન ડૉ. હરિવલ્લભ ભાયાણીના આ લેખસંગ્રહમાં કવિતા વિષયક વિચારો સંગૃહીત થયા છે, જેમાં કાવ્યતત્ત્વની પૌર્વાત્ય ચર્ચાની સાથે સાથે કાવ્યવિવેચનના પશ્ચિમી નવીન અને નવીનતર અભિગમોની જે સામાન્ય વિચારણા અહીં ઉપલબ્ધ છે તે સાહિત્યના અભ્યાસીને ખૂબ ઉપયોગી હોઈ તે દિશાના વધુ વાચન માટે પ્રેરણાદાયી થઈ પડે તેમ છે અને લેખકના વિશાળ વાચન અને તત્ત્વસૂઝની દ્યોતક બની રહે છે. (પાકું પૂઠું, પૃ. ૨૧૮, રૂ. ૧૪.૫૦.)

અદ્યતન કવિતા : શ્રી રઘુવીર ચૌધરીના ૧૮ લેખોવાળા આ વિવેચનસંગ્રહમાં આપેલાં પ્રસ્થાપિત અને પ્રયોગશીલ કવિઓની કવિતા વિષેનાં, અને ગુજરાતી કવિતાપ્રવાહ, અછાંદસ, ગઝલ જેવાં સ્વરૂપોમાં થઈ રહેલા કામ વિષેનાં સુભગ અને ઉપયોગી લખાણો લેખકની પ્રસ્તુત વિષય પરની પકડ અને પ્રતીતિનાં પરિચાયક બની રહ્યાં છે. (પાકું, પૃ. ૨૧૨, રૂ. ૧૩·૭૫)

કાવ્યપ્રત્યક્ષ : શ્રી ચંદ્રકાંત શેઠના આ પ્રથમ વિવેચનસંગ્રહમાંનાં કવિતાવિષયક, કાવ્યસંગ્રહવિષયક તથા કવિવિષયક લખાણો લેખકની કાવ્યપ્રીતિ અને તે ક્ષેત્રની ઊંડી જાણકારીનાં દ્યોતક હોઈ આવકાર્ય છે. એક સન્નિષ્ઠ વિવેચકને જરૂરી એવી સજ્જતા, સહૃદયતા અને સચ્ચાઈનાં અહીં દર્શન થયા વગર રહેશે નહિ. (પાકું પૂઠું, પૃ. ૨૬૪, રૂ. ૧૭·૫૦.)

વાર્તાવિશેષ : ગુજરાતી વાર્તાસાહિત્યની ગતિવિધિ, કેટલાક પ્રસ્થાપિત ને નવીન વાર્તાકારો અને તેમની વાર્તાકલા તેમજ કેટલાક વાર્તાસંગ્રહ વિષયક લેખોનો શ્રી રઘુવીર ચૌધરીનો આ વિવેચનસંગ્રહ વાર્તાવિવેચનના સાહિત્યમાં આવકાર્ય બની રહેશે. (પાકું પૂઠું, પૃ. ૨૩૬, રૂ. ૧૫·૨૫.)

પૂર્વાપર: શ્રી ભોળાભાઈ પટેલના આ બીજા વિવેચનસંગ્રહમાંના લેખો લેખકના ગુજરાતી, ભારતીય અને જગતસાહિત્યના વાચનવ્યાપનો સારો ખયાલ આપી રહે છે. લેખકની સાહિત્યિક ઊંડી સૂઝબૂઝ અને સજ્જતા એ લેખોની ઉપયોગિતા આપોઆપ પુરવાર કરી જાય છે. (પાકું પૂઠું, પૃ. ૨૬૮, રૂ. ૧૭.)

જાગીને જોઉં તો: ઉચ્ચ શિક્ષણક્ષેત્રે વર્ષોથી સેવાઓ આપી રહેલા સન્નિષ્ઠ પ્રાધ્યાપક અમૃતલાલ યાજ્ઞિકનાં સ્વાનુભવને આધારે લખાએલાં આ લખાણો માનવહૃદયમાં અભરે ભરેલા શુભ પરની શ્રદ્ધાનાં દ્યોતક હોઈ અત્યારના નિરાશામય વાતાવરણની કાગારોળ વચ્ચે આશા અને પ્રેરણાનું અમૃત સીંચી જાય તેવાં છે અને તેથી એક પ્રકારનું ઉમદા વાચન પૂરું પાડી રહે છે. એમાંના પ્રસંગોના રસિક નિરૂપણને કારણે આ લખાણોની આસ્વાદ્યતામાં વધુ ઉમેરો થવા પામ્યો છે. (પાકું પૂઠું, પૃ. ૨૫૨, રૂ. ૧૬-૫૦.)

નવદંપતી: દાંપત્યજીવનને કેન્દ્રમાં રાખી લલચાવનારાં અને અસુભગ પુસ્તકોની ભરમાર વચ્ચે આપણા જાણીતા સાહિત્યકાર ને વિચારક શ્રી ઇશ્વર પેટલીકર તરફથી આ સમજપૂર્વકનું અને સ્વચ્છ પુસ્તક પ્રાપ્ત થાય છે તે આનંદની વાત છે. નવદંપતીને કેન્દ્રમાં રાખી લગ્નજીવનને સુખમય અને સ્વર્ગમય બનાવવાના જે કીમતી વિચારો અહીં પ્રકટ થયા છે તે સહુ નવદંપતીને પ્રેરણાત્મક વાચનસામગ્રી પૂરી પાડી રહેશે. (પાકું પૂઠું, પૃ. ૧૮૪, રૂ. ૨૧.)

સંસ્કારનું સૌન્દર્ય: માનવસમાજમાં આજના તબક્કે વ્યક્તિ વ્યક્તિ વચ્ચે વધુ સુમેળ સધાય એ અત્યંત મહત્ત્વની ચિંતા છે. એ માટે આપણાં ધર્મશાસ્ત્રોએ પોતાના સમાજ-સમયને અનુલક્ષી જે બોધ આપ્યો છે તેને નવતર દૃષ્ટિથી આજથી સંસ્કારિતાની જરૂરિયાત પ્રમાણે રજૂ કરવાની નેમ સાથે આ પુસ્તિકામાં તેના લેખક શ્રી ઇશ્વર પેટલીકરે શુભ ચિંતન પ્રકટ કર્યું છે. (કાચું, પૃ. ૮૮, રૂ. ૪-૨૫.)

સંસ્કારી કામનાઓ: મનુષ્ય એટલે જ કામનાઓ! પણ એ કામનાઓ મનુષ્યને સ્વાર્થકેન્દ્રી ન બનાવે ને સ્વ તેમજ સમસ્તના અભ્યુદયમાં આગળ વધારે તેવી સંસ્કારી હોવી જોઈએ એવું ચિંતન વ્યક્ત કરતી શ્રી ઇશ્વર પેટલીકરની પુસ્તિકા. (કાચું, પૃ. ૧૦૪, રૂ. ૫.)

રાષ્ટ્રીય સંસ્કાર: ભારતને આઝાદ થયે ત્રણ દાયકા થઈ ગયા, પણ હજુ આપણામાં રાષ્ટ્રીય સંસ્કાર જાગ્યા છે કે નહિ એ પ્રશ્ન ગંભીર ચિંતાનો વિષય છે ત્યારે, અને રાષ્ટ્ર એક ક્ષુબ્ધ તબક્કે આવીને ઊભું છે ત્યારે સાચી રાષ્ટ્રીય ભાવના શી છે, ને રાષ્ટ્રમાં વ્યક્તિ અને સમાજનો શો ફાળો હોઈ શકે તે દૃષ્ટિએ અહીં રજૂ કરેલા વિચારો શ્રી ઇશ્વર પેટલીકરની રાષ્ટ્રભક્તિ અને માનવ પ્રેમની પ્રતીતિ કરાવ્યા વગર રહેશે નહિ. (કાચું પૂઠું, પૃ. ૯૬, રૂ. ૪.૫૦.)

સંસ્કારની પરકમ્મા: શ્રી ઇશ્વર પેટલીકરની આ પુસ્તિકામાં મનુષ્ય જીવનમાં વિવિધ સંસ્કારિતાનું શું પ્રાધાન્ય અને માહાત્મ્ય છે તે સમજાવવાનો જે સબળ ને સરસ પ્રયત્ન થયો છે તે કોઈ પણ વાચકને લેખે લાગ્યો જણાયા વગર રહેશે નહિ. (કાચું, પૃ. ૯૬, રૂ. ૪-૫૦)

અક્કલના ખાં: પ્રસ્તુત શીર્ષકની બાળવાર્તા શ્રેણીમાં શ્રી ધનંજય ર. શાહ લિખિત આ દસ પુસ્તકોની સુઘડ છપાઈ, સચિત્રતા

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



સ્વ. શ્રી હરજીવન કાલિદાસ મહેતા

સૌરાષ્ટ્રમાં મહુવા પાસે કોંજળી ગામે જન્મ, તા. ૫ ઑક્ટોબર, ૧૮૮૨. ભાવનગરના સ્વ. મહારાજા કૃષ્ણકુમારસિંહના શબ્દોમાં ત્યાંના અગ્રગણ્ય નાગરિક. એ રાજ્યના એક પ્રધાન તરીકે ગ્રામસુધારણા, કેળવણી, ખેતી, નગરપાલિકા ઈત્યાદિ વિવિધ ખાતાં સંભાળેલાં. એક અગ્રગણ્ય થીઓસોફિસ્ટ. થીઓ. સોસા.નાં સંમેલનોમાં ૧૩ વખત પ્રમુખ. આધ્યાત્મિક જીવન અને બ્રહ્મજ્ઞાનના પ્રચાર અર્થે લંડનમાં બીજી સર્વ ધર્મ વિશ્વપરિષદ સહિત સંખ્યાબંધ સ્થળે પ્રવચનો આપવા ઉપરાંત ૨૭થી યે વધુ પુસ્તક-પુસ્તિકાઓના લેખક. બ્રહ્મજ્ઞાન અંગે ૫૧ અભ્યાસવર્ગો ચલાવ્યા તથા છએક સામયિકો પણ. તદ્દન નિરપેક્ષભાવે આધ્યાત્મિક જીવન અને બ્રહ્મજ્ઞાનના પ્રચાર પ્રસાર અર્થે જીવન વ્યતીત કર્યું આ વર્ષે ૨૧મી જાન્યુઆરીએ ૯૬મે વર્ષે એમનું અવસાન થયું.

૧. મહાત્મા, અવધૂત વગેરે વિભૂતિ કોને કહેવાય?

આહારવિહારની શુદ્ધિ, વ્યાયામ, સત્કાર્ય, સદ્ભાવના, સદ્વિચાર, પ્રેમ અને કરુણા વડે મન-વચન-કર્મથી પૂર્ણતાના પંથે વળીને જીવે તે મહાત્મા. જ્યારે આચાર દીક્ષા લઈ, તદ્દન વિશુદ્ધ ઉચ્ચતમ દશાએ પહોંચી જીવનમુક્ત બનીને પરમાત્મા સાથે ઐક્ય સાધી બ્રહ્મમય બની જીવનાર તે અવધૂત.

૨. 'કર્મનો નિયમ' એ આપના બહુખ્યાત પુસ્તકમાં આપે શું સમજાવ્યું છે?

'મનુષ્ય વાવે તેવું લણે ને કરે તેવું પામે' એ કર્મના નિયમની સામાન્ય વ્યાખ્યા. કુદરતમાં દરેક ક્રિયા એની પ્રતિક્રિયા પેદા કરે જ છે. માણસની શક્તિ, એનાં વિચાર, વૃત્તિ, વચન કે એની કોઈ પણ ક્રિયા એની ભૂમિકા અનુસાર સારી માઠી અસર કરે જ છે. પ્રારબ્ધ કર્મ એને ભોગવી લેવાથી નાશ પામે છે. સંચિત કર્મ આત્મજાગ્રતિ અને ધ્યાનસાધનાથી ફેરવી શકાય છે. ક્રિયમાણ કર્મથી ભૂત-ભવિષ્યને સુધારી શકાય છે.

૩. વેદાંતનો સાર શો છે અને દ્વૈત ભાવનું કારણ શું છે?

શુદ્ધ, પરમાર્થી અને અભેદભાવભર્યું જીવન એ વેદાંતનો સાર છે. દ્વૈતભાવનું મૂળ અહંકાર છે. અહંકાર હોય ત્યાં જુદાઈ હોય જ. અહંકારના નાશથી દ્વૈત પણ નાશ પામે છે.

૪. માન્યતાઓનું પરિવર્તન કઈ રીતે કરી શકાય?

સમજ્યા વિના કશું ય નહિ કરવાનો સંકલ્પ કરીને સાવધાનપણે જીવનપલટો કરી માન્યતાઓ બદલી શકાય.

૫. પરમાત્માની ઉપાસના આપ શાને કહો?

પરમાત્માના સર્વવ્યાપક, સર્વશક્તિમાનપણાને સ્વીકારીને મન વચન અને કર્મથી નિર્ભય નિશ્ચિત ને નિર્લેપ બની જીવવું એ પરમાત્માની ઉપાસના જ છે.

૬. આપના જીવન પર મુખ્યત્વે કોનો પ્રભાવ છે?

ડૉ. ઍની બિસંટ અને શ્રી કૃષ્ણમૂર્તિનો.

૭. આપનાં પ્રિય પુસ્તક, પ્રિય લેખક, શૉખ ને જીવનનો આદર્શ?

સત્યનું દર્શન કરાવતું પ્રત્યેક પુસ્તક અને તેના લેખક મને પ્રિય છે. જીવનની પળેપળને સમજીને ઉપયોગી જીવન ગાળવાનું મને ગમે છે અને વિચાર, વૃત્તિ તથા ક્રિયાને સદા સર્વથા સર્વત્ર ઇશ્વરી યોજનામાં અર્પણ કરવું એ મારો જીવન આદર્શ છે.

૮. સારા વક્તા થવા નવોદિતોને આપ શી સલાહ આપો?

પ્રથમ તો વિચાર ને વર્તનમાં સ્પષ્ટતા આણવી જોઇએ. કથનમાં સ્પષ્ટતા કેળવવી જોઇએ. પોતાના મન પર કાબૂ રાખતાં ને એકાગ્ર બનતાં શીખવું જોઇએ. નિષ્પક્ષપાતપણે વિવિધ દૃષ્ટિએ વિચારતાં આવડવું જોઇએ. પ્રસ્તાવ, સકદાહરણ દલીલો, વિચારોના પ્રતિપાદન અને ભાવપૂર્ણ સમાપન વડે વ્યાખ્યાનને મૌલિક રીતે રજૂ કરવું જોઇએ. વક્તાએ દીર્ઘ અને ઊંડા શ્વાસ લેવાની ટેવ પણ પાડવી જોઇએ ને શ્રોતાઓના માનસની સમજ પણ કેળવવી જોઇએ.


'કુમાર'નાં ઈ. ૧૯૭૭ના વર્ષનાં પારિતોષિકો

પારિતોષિક	વિષય	વિજેતા	નિર્ણાયકો
 કુમાર ચન્દ્રક	વર્ષભરના શ્રેષ્ઠ સાહિત્યસર્જન (તેમનાં કાવ્યો તેમજ ટૂંકી વાર્તાઓ) માટે	 શ્રી ભગવતીકુમાર શર્માને	સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અનંતરાય રાવળ યશવન્ત શુક્લ
સ્વ. કેશવલાલ જૂઠાભાઈ દડિયા સાહિત્ય પારિતોષિક રૂ. ૫૦૧	,,	શ્રી ભગવતીકુમાર શર્માને	,,
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી તરફથી રૂ. ૫૧	વર્ષભરના શ્રેષ્ઠ વિજ્ઞાનલેખ માટે	શ્રી હરિનારાયણ આચાર્ય–'વનેચર'-ને પ્રકૃતિવિજ્ઞાનના લેખ 'ઘોરાલ' માટે	'કુમાર'ના તંત્રી
હરિઃ ૐ આશ્રમ તરફથી રૂ. ૫૦	વર્ષભરના શ્રેષ્ઠ રંગચિત્ર માટે	શ્રી સોમાલાલ શાહને ચિત્ર 'ગોપજીવન' માટે	,,
એક લેખક તરફથી રૂ. ૩૦	વર્ષભરની શ્રેષ્ઠ કાવ્યકૃતિ માટે	શ્રી ભગવતીકુમાર શર્માને એમના સૉનેટ–દ્વય (૧ 'પિતૃકંઠે' ૨–ફરીથી') માટે	સર્વશ્રી રાજેન્દ્ર શાહ ધીરુભાઈ પરીખ
'કુમાર' તરફથી રૂ. ૩૦	વર્ષની શ્રેષ્ઠ નવલિકા માટે	શ્રી ભગવતીકુમાર શર્માને નવલિકા 'પ્રતીતિ' માટે	શ્રી અનંતરાય રાવળ અને 'કુમાર'ના તંત્રી
ગિરીશકાકા પારિતોષિક તેમના પરિવાર તરફથી રૂ. ૨૫	શ્રેષ્ઠ જોડણીશુદ્ધ વ્યાકરણશુદ્ધ લખાણ માટે	ડૉ. મધુસૂદન પારેખને	,,
શ્રી દેવેન્દ્ર દવે તરફથી તેમના સ્વ. પિતા વિજયકાન્તની સ્મૃતિમાં રૂ. ૧૫	વર્ષની શ્રેષ્ઠ ગીતરચના માટે	શ્રી મનોહર ત્રિવેદીને, ગીત 'છેવટ કશું નહિ' માટે	શ્રી ધીરુભાઈ પરીખ અને 'કુમાર'ના તંત્રી

શ્રી છોટાલાલ માવજી કોઠારી તરફનું 'પ્રાચીન ઇતિહાસ'ને લગતું રૂ. ૧૦૧નું પારિતોષિક તથા 'એક સજ્જન' તરફથી 'વિકરાળ પ્રાણીનો સામનો' માટેનું રૂ. ૨૫નું પારિતોષિક તે તે વિષયના લેખોને અભાવે મુલતવી રખાયાં છે.

અને રસમય નિરૂપણરીતિ બાળકોને હાસ્ય-વિનોદ સાથે જ્ઞાન પણ આપે છે. જગા, ભગા અને મગાની ત્રિપુટીનાં નિર્દોષ પરાક્રમોમાં બાળચિત્ત અનેરો આનંદ પામશે. આ દસ પુસ્તકો છે: 'તોફાની ત્રિપુટી', 'છૂપા ખજાનાની ખોજમાં', 'કાવસજીનાં કરતૂકો', 'વહેલી ગાડી', 'સંદૂકની સોનામહોરો', 'ડિટેક્ટિવ બન્યા', 'બંબથાણામાં બંબાકાર', 'મુક્કાખોરનો ભુક્કો', 'ડાકુઓની શોધમાં' અને 'ડાકુઓનો ભેટો'. (પ્રત્યેકનું કાચું બહુરંગી પૂઠું, પ્રત્યેકનાં પૃ. ૪૮ થી ૫૬, સેટના રૂ. ૨૫.)

બાળ વિજ્ઞાનમાળા: વિજ્ઞાને આપણા રોજિંદા જીવનમાં આજે એટલો બધો પગદંડો જમાવી દીધો છે કે એ વિષેની પ્રાથમિક જાણકારી પ્રત્યેક કિશોરને માટે જ્ઞાનની ઉપયોગી ક્ષિતિજ ખોલી આપે છે. વિજ્ઞાન જેવા અઘરા વિષયને જો સરળ શૈલીમાં રસિક રીતે રજૂ કરવામાં આવે તો તે પણ બાલભોગ્ય બની શકે છે તેની પ્રતીતિ પ્રસ્તુત માળાનાં પ્રકટ થએલાં શ્રી બાબુભાઈ અવરાણી લિખિત દસ પુસ્તકો કરાવી આપ્યા વગર રહેશે નહિ. વિજ્ઞાનવિષયક ઇતર વાચન તરીકે ઉપયોગી થઈ શકે તેવાં આ સચિત્ર અને માહિતીસભર પુસ્તકો છે: 'સચરાચર સૃષ્ટિ–સજીવ અજીવ નિર્જીવ', 'સજીવનો પાયાનો એકમ: કોષ', 'ઓઝલમાંથી આધાર આપનારાં: મૂળ', 'વનસ્પતિના આધારસ્તંભ: પ્રકાંડ', 'પ્રાણીજગતના અન્નપૂર્ણા: પર્ણ', 'પ્રજાતંતુને કાયમ રાખનાર: ફૂલ', 'બીજધારક–પોષણદાયક: ફળ', 'નિદ્રાધીન વનસ્પતિ: બીજ', 'સમજણ માટેના ભાગલા ૧: વનસ્પતિનું વર્ગીકરણ', ને 'સમજણ માટેના ભાગલા–૨: પ્રાણી વર્ગીકરણ.' પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકનાં પૃ. ૩૨, સેટના રૂ. ૧૫.)



પચ્ચીસ વર્ષ પહેલાં


માર્ચ ૧૯૫૩ · સળંગ અંક ૩૫૨




'કાયાની કરામત' નામની અત્યંત લોકપ્રિય થએલી ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની જે લેખમાળા એ વખતે ચાલતી હતી તેમાં, આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં 'ગંધ અને સ્વાદ' એ બે જ્ઞાન આપણને આપણા જ્ઞાનતંતુઓમાં થતા જે રાસાયણિક ફેરફારથી મળે છે તે વિસ્તારથી બે ચિત્રો સાથે સમજાવ્યું હતું. એ બે ચિત્રો તથા તેની સાથેનાં લખાણો સ્વયં પર્યાપ્ત હોઈ અહીં ઉતારીએ :

←

ગંધ અને સ્વાદનું જ્ઞાન આપનારા જ્ઞાનતંતુઓ જુદા જુદા છે, છતાં એ બંને એકબીજા સાથે એવી અદ્ભુતરીતે જોડાયા છે કે સ્વાદનું જ્ઞાન મોટા ભાગે ગંધ દ્વારા જ થાય છે. દાખલા તરીકે છોલેલી નારંગીની ખટમધુરી વાસ આવતાં જ મોંમાં પાણી છૂટે છે. તે કેમ બને છે તે ઉપરના ચિત્રમાં બતાવ્યું છે. નારંગીની વાસના સૂક્ષ્મ વાયુરૂપ અદૃશ્ય કણો નાક દ્વારા તેના ટોચ ભાગે આવેલા ગંધધારકોને સ્પર્શે છે અને તેમાંથી નીકળતા શ્લેષ્મમાં ભળી ત્યાંના ઘ્રાણતંતુઓને ઉત્તેજે છે. એથી થએલો તંતુપ્રવાહ મગજના ઘ્રાણકેન્દ્રમાં જઈ આપણને ગંધનું જ્ઞાન કરાવે છે. તેની સાથેસાથ એ તંતુપ્રવાહ ફંટાઈ ને સ્વાદકેન્દ્રમાં પણ જાય છે, જ્યાંથી તેના ખબર આપાણા મોંમાં પાચનગ્રંથિઓને પહોંચે છે એટલે તે ઉત્તેજાઈ મોંમાં પાણી છૂટે છે. તંતુપ્રવાહનો એ માર્ગ આ ચિત્રમાં તીરની નિશાનીઓ વડે દર્શાવ્યો છે.






બાજુની આકૃતિમાં જીભના કયા ભાગ પર કેવો સ્વાદ પરખાય છે તે દર્શાવવા સાથે મગજમાંના સ્વાદકેન્દ્રનું અને જીભનું સ્વાદતંતુઓ દ્વારા થતું જોડાણ દર્શાવ્યું છે. આપણી જીભ ઉપર ઝીણાઝીણા માંસાંકુરો હોય છે જેને લીધે તે ખરબચડી લાગે છે. એ માંસાંકુરોમાં આપણને સ્વાદનું ભાન કરાવનારી સ્વાદકલિકાઓ આવેલી છે. તેમાંની એકને ખૂબ મોટી કરીને મથાળાના ચિત્રમાં દર્શાવી છે. સ્વાદકલિકામાં લોહીની ઝીણી શિરાઓની સાથોસાથ જ્ઞાનતંતુઓ પણ જોડાએલા હોય છે. જેના બીજા છેડા મગજ સાથે જોડાએલા હોય છે. એટલે અહીં વસ્તુનો સ્પર્શ થતાં જ તેના સ્વાદનો સંદેશો મગજના સ્વાદકેન્દ્રને પહોંચે છે અને આમ આપણને સ્વાદનું જ્ઞાન થાય છે.

શતરંજના કોયડાઓ.....સુરેશ મોદી

આ વખતના કોયડામાં પહેલો ભાગ તો સાધારણ બોર્ડ પર સાધારણ ૭ ચાલનો Direct-mate કોયડો છે. તેનો ઉકેલ બહુ મુશ્કેલ નથી. 1. Bb1, Kd1 (એ સિવાય કોઈ ચાલ નથી–કાળો ઘોડો અણઊઠ છે.) 2. Qd6 (ઘોડાને ફરી અણઊઠ કરી કાળા રાજા cl પર જવા ફરજ પાડે છે.) Kcl; 3 Qf4, Kdl; 4 Qd4, Kcl; 5 QE3, Kdl; 6 Qd3,

T. R. Dawson



White to play and mate in 7 moves on 8×8 board
(વધુ વિગત માટે લખાણ જુઓ)

Kcl; 7 Qc2. આ ઉકેલમાં કાળો રાજા બે ખાનાં વચ્ચે ફર્યા કરે છે અને સફેદ વજીર Zigzag આકારના માર્ગે નજીક આવતો જાય છે.

હવે આપણે વધારીને ૧૦×૧૨નું બોર્ડ બનાવ્યું છે તેના જમણી બાજુના ઉપરના ખૂણાવાળા ખાના i 10 પર વજીર મૂકીએ તો તેને માટે Zigzagનું એક વધુ પગથિયું થાય અને ૭ ને બદલે ૯ ચાલમાં સફેદ કાળાને મ્હાત કરી શકે. તે ઉકેલમાં 1 Bb1, Kd1; 2 Qd10, Kc1; 3 Qh6, Kd1; ને ઉપરના ઉકેલમાં 1..., Kd1; પછીની સ્થિતિ આવી અને બીજી છ ચાલમાં મ્હાત થશે. આથી એક વધુ પગથિયું ઉમેરીએ તો ૧૮×૨૦ના બોર્ડમાં ૧૧ ચાલનો કોયડો થાય. ૧૩ ચાલના કોયડા માટે ૩૪×૩૬નું બોર્ડ જોઇએ. આમ બોર્ડમાં ઉત્તરોત્તર વધુ ને વધુ મોટો ઉમેરો કરવો પડે છે.

T. R. Dawson આ વિચારને આગળ વધારીને કહે છે કે ફક્ત ૬૯ ચાલના કોયડા માટે બે ઈંચનાં ખાનાં ગણીએ તો ૨,૪૦,૦૦૦ માઈલ લાંબું બોર્ડ જોઇએ. એટલે જો પૃથ્વી પર કાળો રાજા હોય અને ચંદ્ર પર સફેદ વજીર હોય તો તેટલે દૂરથી વજીર સામા પક્ષના રાજાને ફક્ત ૬૯ ચાલમાં મ્હાત કરે.

(મારી ગણતરી મુજબ ૬૯ ચાલના કોયડા માટે $૨^{૩૩}+૨\times૨^{૩૩}+૪$ એટલે કે ૮,૫૮,૯૯,૩૪,૫૯૪ × ૮,૫૮,૯૯,૩૪,૫૯૬ નું બોર્ડ જોઇએ. બે ઈંચના ખાનાં ગણીએ તો ૨,૭૧,૧૫૦ માઈલનું અંતર થાય છે.)

અહીં T. R. Dawsonના શબ્દો જોવા જેવા છે: '......and we have a vision of a lunar Queen sweeping astronomically through space in a tremendous Zig-zag path, converging remorselessly to strike the Black King to his doom–silver Fate swooping down.'

૧૯૪૭માં લખાયેલા પુસ્તકમાંનો આ કોયડો ખરેખર અવકાશ (સ્પેઈસ)-યુગનો કોયડો છે.

દ્વાદશ જ્યોતિર્લિંગ-૩ મહાકાલેશ્વર

આકાશે તારકં લિંગમ પાતાલે હાટકેશ્વરમ્।
મૃત્યુલોકે મહાકાલં 'લિંગત્રયં' નમોસ્તુતે॥

જેના દર્શનથી અકાલ મૃત્યુમાંથી ઊગરી જવાય છે એ સમસ્ત મૃત્યુલોકના સ્વામી મહાકાલ કે મહાકાલેશ્વરનું દ્વાદશ જ્યોતિર્લિંગોમાં ઘણું માહાત્મ્યભર્યું સ્થાન છે. અવંતી, પદ્માવતી, કુમુદવતી, અમરાવતી, વિશાલા ને ઉજ્જયિની નામે છેક પ્રાચીન કાળથી મહિમાવંત રહેલા ઉજ્જૈનમાં એનું ભવ્ય મંદિર છે. સ્કંદ પુરાણમાં વિસ્તારથી વર્ણવાએલા મહાકાલવન-ક્ષેત્રમાં ક્ષિપ્રા નદીના તટ પર એનું સ્થાપન છે. અગ્નિ-પુરાણમાં એને સર્વોત્તમ તીર્થ કહ્યું છે. વારાહ-પુરાણમાં સમગ્ર તીર્થસ્થાનોને એકદેહરૂપકલ્પી મહાકાલેશ્વરને તેના નાભિસ્થાને ગણાવ્યું છે.

શિવપુરાણમાં કથા છે કે એક અગ્નિહોત્રી યોગી બ્રાહ્મણ આ મોક્ષનગરી ઉજ્જૈનમાં વસતો હતો. એના પુત્રો તથા નગરજનોને નજીકની રત્નમાલા નામે ટેકરીઓમાં વસતા દૂષણ નામના રાક્ષસે રંજાડવા માંડયા. એ ત્રાસમાંથી ઉગારવા પ્રજાજનોએ બ્રાહ્મણને વિનતિ કરી અને એણે એ માટે યોગ સાધતાં પૃથ્વી ફાટીને તેમાંથી હુંકાર સાથે ભગવાન શંકરે મહાકાલ રૂપે પ્રકટ થઇને દૂષણનો સંહાર કર્યો. ભક્તો એ મહાકાલની સદા પૂજાઅર્ચના કરી શકે એ માટે બ્રાહ્મણની વીનવણીથી ભગવાન ત્યાં સ્થાયી થયા અને એમ આ જ્યોતિર્લિંગ સ્થપાયું.

મહાકાલેશ્વરની સ્થાપનાની ખરી કથા તો જે હોય તે, પણ ધારાપતિ મુંજ અને ભોજના આ ઉપાસ્ય દેવનું માહાત્મ્ય ઘણા પ્રાચીન કાળથી મહિમાવંત રહ્યું છે. નાગથી પરિવેષ્ટિત એમનું લિંગ મંદિરના ભૂગર્ભમાં છે. એની સમીપ પહોંચવાનો માર્ગ અંધકારમય હોઈ ત્યાં સતત દીપ જળતા રહે છે. એ ભૂગર્ભ સહિત પાંચ માળના એના ભવ્ય મંદિરમાં દેશભરના યાત્રાળુઓની સતત ભીડ રહે છે. દરરોજ સવારે શિવલિંગ ઉપર સ્મશાનની ભસ્મ લગાડીને એની પૂજા થાય છે. સાયંકાળની એની આરતીનું દર્શન શ્રદ્ધાળુ ભક્તોને મન અણમૂલ લહાવો છે. અને દર બાર વર્ષે ઉજ્જૈનમાં ભરાતા કુંભ મેળા પ્રસંગે તો અહીં માનવમહેરામણ ઉમટે છે.

એકાવન શક્તિપીઠોમાંની એક પીઠ અહીં પણ છે, કૃષ્ણસુદામાના વિદ્યાગુરૂ સાંદિપની ઋષિનો આશ્રમ પણ અહીં મહાકાલવનમાં હતો, અને ભગવાન શંકરે અહીં જ ત્રિપુરાસુરનો વધ કર્યો હતો વગેરે જેવી માન્યતાઓને કારણે આ સમગ્ર ક્ષેત્ર મહિમાયુક્ત ગણાય છે. આસપાસમાં જ પિશાચ મુક્તેશ્વર, અગતેશ્વર વગેરે અન્ય શિવ-મંદિરો પણ છે.

–ચંદ્રકાન્ત મોતીલાલ શુક્લ



અહો! મહાકાલની વાસુકી-ફણા!
હા! સર્વભક્ષી યમ કેરી યન્ત્રણા!
તથાપિ મૃત્યુ રસનાં નથી—નથી
સૌંદર્ય ને સ્નેહ અજિત મૃત્યુથી.

—ન્હાનાલાલ

સ્વ. શ્રીમતી લીલાવતી મુનશી

પોતાના પ્રતિભાસંપન્ન અને પ્રભાવક વ્યક્તિત્વથી મુનશી દંપતીએ અન્યોન્યના પૂરક બનીને સમાજ, સાહિત્ય, શિક્ષણ, સંસ્કૃતિ અને રાજકારણ તથા આધ્યાત્મિકતાનાં ક્ષેત્રોમાં બહુમૂલ્ય પ્રદાન કરીને એના ઊર્ધ્વીકરણમાં જે મહત્ત્વનું કાર્ય કર્યું તેનાથી ગુજરાતની અસ્મિતાનો એક અનોખો યુગ સ્થપાયો. એને મુનશીયુગ કહેવો સર્વથા સાર્થક છે. ઈ. ૧૯૭૧ની ૮મી ફેબ્રુઆરીએ મહાવ્યક્તિ સમા મુનશીજીના દેહાંત પછી એ દંપતીએ સાથે મળીને આદરેલી–પ્રસારેલી અનેકવિધ પ્રવૃત્તિઓને જારી રાખવાનો ભાર શ્રીમતી લીલાવતી મુનશીએ ઉપાડી લઈને મુનશીજીની ખોટ જણાવા ન દીધી, પણ ગયા જાન્યુઆરીની ૬ઠ્ઠી તારીખે શુક્રવારે સવારે સાડા સાત વાગ્યાની શાંતિમાં એમના પ્રવૃત્તિપારાયણ જીવને પણ ચિરવિરામ લઈ લીધો. ભારતના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને રાજ્યપાલોથી માંડી અનેક વ્યક્તિવિશેષો તથા એમના બહુવિધ કાર્યોથી પરિચિત અન્ય સૌ કોઈએ શ્રીમતી મુનશીના અવસાનનું દુઃખ અનુભવ્યું. મુનશી યુગ જાણે પૂરો થયો. એમણે આદરેલી અનેકવિધ પ્રવૃત્તિઓ તો જારી રહેશે જ, પણ એની પાછળની જીવંત પ્રેરણામૂર્તિઓની ખોટ જણાતી રહેશે.

શ્રીમતી લીલાવતી એક વીરાંગના હતાં. પોતાના સમયના સામાજિક અન્યાયોનો એમણે જેવી હિંમતથી સામનો કર્યો હતો એવા જ શૌર્યથી એમણે દેશની સ્વાતંત્ર્યની લડતોમાં પોલીસની લાઠીઓ સામે અડગ રહીને કારાવાસ પણ વેઠયો હતો. પોતાની સાહિત્યિક પ્રતિભા સાથે એ શૌર્યનો સમન્વય સાધીને એમણે ભારતની સ્ત્રીશક્તિનું એક જીવંત ઉદાહરણ પૂરું પાડયુ હતું. સર્વસામાન્ય ભારતીય નારીઓમાં એમની પ્રતિમા ઊંચેરી હતી.

અમદાવાદના સુપ્રસિદ્ધ શેઠ વીરચંદ દીપચંદનાં એ દૌહિત્રી. પિતા કેશવલાલ અને માતા મોતીબાઈનાં એ સંતાન. ઈ. ૧૮૯૯માં અમદાવાદમાં એમનો જન્મ. ગુજરાતી ચાર ધોરણ સુધી શાળામાં ભણીને એમણે ઘેર અંગ્રેજી ને સંસ્કૃતનો અભ્યાસ કરેલો. ને સીનિયર કેમ્બ્રિજની



પરીક્ષા માટે તૈયારી કરેલી. સંજોગોવશાત એ પરીક્ષા જોકે આપી શકાઈ નહોતી, પણ સંસ્કારસમૃદ્ધ પરિવારમાં ઊછરી એમણે બહોળા લેખનવાચન વડે પોતાની આગવી પ્રતિભા ઘડી લીધી હતી. ઈ. ૧૯૧૩માં શેઠ લાલભાઈ ત્રિકમલાલ સાથે એમનું લગ્ન થયું. શેઠ લાલભાઈનાં પત્ની અવસાન પામેલાં હોઈ એમનું એ પુનર્લગ્ન હતું. બંને વચ્ચે વયનો તફાવત તો હતો જ, ઉપરાંત વિચારો અને સંસ્કારમાં પણ મોટો ફર્ક હતો. વૈભવ અને સાહ્યબીની ખોટ નહોતી, પણ શેલી ને કીટ્સ જેવાના વાચનથી પોષાએલા લીલાવતીના આત્માની ભૂખ એ સમૃદ્ધિથી ભાંગે તેમ નહોતી. લેખન-વાચન ને પ્રવાસો દ્વારા જીવનવિકાસ સાધવાના ને મન સંતોષવાનાં વલખાંથી પણ એમને તૃપ્તિ

મળે તેમ નહોતી.

એમનું વ્યક્તિત્વ જ નિરાળું હતું. ગુજરાતી સાહિત્યમાં પોતાનાં પ્રતિભાવંત પરંતુ પ્રક્ષોભક રેખાચિત્રો અને નવલિકાઓ દ્વારા એમણે રૂઢિગ્રસ્ત સાહિત્યકારોને ચોંકાવી મૂક્યા હતા. 'નવી સ્ત્રી'ની જે વિચારસરણી એમણે ગુજરાત સમક્ષ રજૂ કરી અને એ વિચારોને પોતાના આચાર દ્વારા મૂર્તિમંત પણ કરી બતાવ્યા તે બધું એ સમયે ૨૫ વર્ષની વયે એમને માટે નાનીસૂની સિદ્ધિ ન હતી. 'સાહિત્ય સંસદ'ના મુખપત્ર 'ગુજરાત'ના મુનશીજી તંત્રી હતા અને એ પત્રમાં દર માસે શ્રીમતી લીલાવતીનાં અવનવી શૈલીનાં જે વ્યક્તિચિત્રો પ્રકટ થતાં એનાથી ગુજરાતી વાઙ્મયમાં એક નવો સાહિત્યપ્રકાર ઊપસ્યો હતો. સરદાર પટેલ, આચાર્ય આનંદશંકર, કવિ નાનાલાલ, ચંદ્રશંકર પંડ્યા, ઈન્દુલાલ યાજ્ઞિક આદિનાં એમણે લખેલાં રેખાચિત્રોએ એ કાળે સાહિત્યજગતમાં ઊહાપોહ જગાડ્યો હતો. મુંજાલ મહેતા ને મીનલદેવી, કાક અને મંજરી, સિદ્ધરાજ જયસિંહ ને રા'ખેંગાર જેવાં પાત્રોના સમર્થ સર્જક મુનશીજીને માટે પણ એમણે લખેલું:

'શ્રી મુનશી દેખાવમાં નાજુક અને નીચા છે. મારી ભાષામાં 'નાના માણસ' છે. અન્નદેવ સાથે એમની મૈત્રી નથી, પણ પૈસા કમાવા માટે એ સવારથી સાંજ સુધી મહેનત ખૂબ કરી શકે છે... આવા મનુષ્યની બુદ્ધિને જગત નમે પણ ચાહી ન શકે...'

પરંતુ જે મનુષ્યની બુદ્ધિને જગત નમે પણ ચાહી ન શકે એ મનુષ્ય સાથે, પતિ લાલભાઈ શેઠના અવસાન પછી એ જ લેખિકાએ ઈ. ૧૯૨૬-માં પુનર્લગ્ન કરીને તત્કાલીન જૂનવાણી સમાજને હચમચાવી મૂક્યો. પણ મુનશીજી સાથેનું એમનું પુનર્લગ્ન ઉભયનાં હિતની દૃષ્ટિએ જરાપણ અજુગતું સાબિત નહોતું થયું. બે વિવિધ ગુણસંપન્ન વ્યક્તિઓએ સંલગ્ન થઈ પિસ્તાળીસ વર્ષ સુધી સમાજ અને રાષ્ટ્રને ઉપયોગી જે ભિન્નભિન્ન પ્રવૃત્તિઓ કરી તેનો અનોખો ઇતિહાસ છે. સાહિત્યના શૉખ અને સેવાથી એમની મૈત્રી પોષાઈ હતી. નવા યુગના આદર્શોની ભક્તિએ એને ઉછેરી અને ભાવિ ગુજરાતનાં સાહિત્ય-સંસ્કાર તથા જીવનનાં ભવ્ય સ્વપ્નોની ઝાંખી કરતાં કરતાં ને ગુજરાતમાં એ સ્વપ્નોના રંગો પૂરવાનો સેવાધર્મ સેવતાં સેવતાં એ મૈત્રીએ જીવનના સહધર્મચારનું સ્વરૂપ લીધું હતું. પોતપોતાની રીતે બંને જણાં સમર્થ લેખક ને વ્યવહારુ આદર્શવાદીઓ હતાં. લગ્ન પછી શ્રીમતી મુનશીએ ઉમંગપૂર્વક ને હૃદયથી પોતાના વ્યક્તિત્વને મુનશીજીમાં વિલીન કરી દીધું. તાત્ત્વિક અર્થમાં તેઓ વસિષ્ઠ-અરુંધતીની પેઠે અન્યોન્ય અવિભક્ત આત્મા બની રહ્યાં. મુનશીજીના સામ્રાજ્યનાં એ સામ્રાજ્ઞી બની ગયાં. ગુજરાત પ્રભાવશાળી બને, ગુજરાતી સાહિત્ય સમૃદ્ધ થાય અને નૂતન ગુજરાતના સંસ્કારનું દર્શન થાય એ દિશામાં એ બંનેએ અનેક પ્રયાસો કર્યા. શ્રીમતી લીલાવતીની આગવી સાહિત્યિક પ્રવૃત્તિઓ એ પછી મંદ પડી ગઈ, પણ એમની એ પ્રતિભાનાં તેજકિરણો પ્રસંગોપાત્ત પ્રસરતાં તો રહ્યાં જ. એમના 'કુમારદેવી' નાટકમાં સ્ત્રી એની શક્તિ, તેજસ્વિતા, વીરતા, દૃઢતા જાળવી રાખીને પણ સંપૂર્ણ નારી તરીકેનું પોતાનું આગવું હીર દાખવી શકે એ એમણે દર્શાવી આપ્યું છે. પુરુષની સર્વોપરિતાને એ પડકારતાં અને એટલે જ એમણે સ્ત્રીને મુખ્ય પાત્ર બનાવી એ નાટક લખ્યું હતું.

મુનશીજી કેન્દ્રમાં અન્નપ્રધાન હતા ત્યારે એમણે અનાજ સિવાયની વસ્તુઓની ખાદ્ય વાનગીઓ પ્રચલિત કરી હતી. 'ઑલ ઇન્ડિયા વીમેન્સ ફૂડ કાઉન્સિલ' અને 'અન્નપૂર્ણા ઉપાહાર ગૃહો'એ એમની એ પ્રવૃત્તિનું પરિણામ છે. મુનશીજી ઘણાં મહાન કાર્યોનાં બીજ રોપતા અને એનાં લાલનપાલનનો ભાર શ્રીમતી લીલાવતી ઉપાડી લેતાં. મુંબાઈ, દિલ્હી, ઉત્તર પ્રદેશ વગેરે અનેક સ્થળે આરંભેલી રાજકીય સામાજિક કે શૈક્ષણિક પ્રવૃત્તિઓને સ્વેચ્છાપૂર્વક સંભાળી લઇને એમણે આગળ ધપાવી હતી.

આ સર્વ પ્રવૃત્તિઓમાં મુનશી દંપતીનું અનેક દૃષ્ટિએ મહત્તમ પ્રદાન તે ભારતીય વિદ્યાભવનની સ્થાપના અને તેને સુદૃઢ પાયા પર મૂકવાનો અનન્ય પુરુષાર્થ. ભારતીય સંસ્કૃતિના ધ્વજને સારા ય વિશ્વમાં લહેરાવતી એ સંસ્થાની ખ્યાતિ આંતરરાષ્ટ્રીય છે. એ વિદ્યાભવનના અંધેરીના કૅમ્પસમાં ભારતભરમાં પ્રથમ 'કૉલેજ ઑવ કેટરિંગ'ની સ્થાપના અને એ રીતે 'ફૂડ ટેક્નોલૉજી'ના વૈજ્ઞાનિક અભ્યાસનો પાયો નાખવામાં શ્રીમતી મુનશીનાં દૃષ્ટિ અને કાર્ય રહેલાં છે. ભારતીય નારી વિકાસના પંથે સંચરે એ એમની તીવ્ર ઝંખના ને એના એક પરિપાક રૂપે ભવનના મહિલા વિભાગ તરીકે 'ભારતીય સ્ત્રી સેવાસંઘ'ની સ્થાપના. ભવનના 'કલાકેન્દ્ર'-ની રચના ને તેના આશ્રયે ચાલતી નાટ્યપ્રવૃત્તિ પાછળ પણ એમની જ પ્રેરણા હતી. મુનશીએ શરૂ કરેલી 'વનમહોત્સવ'ની પ્રવૃત્તિમાં પૂરક 'વર્ષામંગલ'ના વિધિનું આયોજન પણ એમણે કરેલું. મુંબાઈની 'એગ્રી-હૉર્ટિકલ્ચરલ સોસાએટી'નાં પણ એ પ્રાણ હતાં. રાજ્યસભાનાં તેઓ સભ્ય હતાં. મુંબાઈની મહાનગરપાલિકા ને ઇન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બરમાં પણ તેઓ સભ્ય રહી ચૂકેલાં. ભવનનાં ઉપપ્રમુખ તરીકે ને પછી એક ટ્રસ્ટી તરીકે એમનું વાત્સલ્યભર્યું માર્ગદર્શન તો સદાય ઉપલબ્ધ હતું જ.

એમનું જીવન મુક્તિ માટે ઝંખતા બળવાખોર યુગનું પ્રતિનિધિત્વ કરતું હતું. નવી નવી સિદ્ધિઓ માટે એ મથતાં. નવાં સાહસો ને ઊંચાં શિખરો સર કરવાની એમને સદા હોંશ રહેતી. નવી અને સુખી દુનિયા રચવાના એમને કોડ હતા. ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યોને સર્વોપરી થતાં જોવાની એમને ઝંખના હતી. એમનું જીવન દુર્ગા, લક્ષ્મી ને સરસ્વતીના સમન્વયરૂપ હતું. ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં એમનું નામ કદી વિસરાશે નહિ.

—સંકલિત

લસણ

આ ઋતુમાં વિશેષ સુલભ લસણનું એક નામ 'ઉગ્રગંધ' છે, અને એ સાર્થક જ છે. લસણની લાક્ષણિક ઉગ્ર ગંધથી, ને કદાચ એને તમોગુણ વધારનાર કે કામોત્તેજક ગણીને ઘણા ધાર્મિક લોકો આહારમાં એનો ઉપયોગ ન કરીને એના અન્ય અનેક ગુણોથી વંચિત રહે છે. એક ખાટા સિવાયના બાકીના પાંચેય રસનું ધારક લસણ ભારે, સ્નિગ્ધ, ઉષ્ણવીર્ય, તીક્ષ્ણ, તંતુયુક્ત, સારક, બળપ્રદ, કામમેધા, સ્વર અને નેત્રજ્યોતિને વધારનાર, ભાંગેલાં હાડકાંને સાંધનાર, કફ, વાયુ, કૃમિ, પેટનો ગોળો, હૃદયરોગ, પેટશૂળ, અર્શ, અગ્નિમાંદ્ય તથા દમને મટાડનાર બહુગુણકારી છે. સર્વ-પરિચિત હોઈ એના કેટલાક ઔષધીય ગુણ જોઇએ.

લોહીના વધુકા દબાણમાં લસણ, ફૂદીનો, જીરું, ધાણા, કાળાં મરી અને સિંધવને લસોટીને બનાવેલી ચટણીનું સેવન ઘણો ગુણ કરે છે. હૃદયરોગના હુમલામાંથી બચી ગએલી વ્યક્તિને અને મધુપ્રમેહના દર્દીને ઘણી વાર લકવો થાય છે. આવા દર્દીએ પણ તલના તેલમાં લસોટેલા લસણનો રોજિંદો ઉપયોગ કરવાથી ફાયદો થાય છે. ટાઢિયા તાવમાં પણ ભોજન પહેલાં લસણની ચટણી ખાવી હિતકર છે.

શરીર પર પડેલા ઘામાં વિકૃતિ વધી જઈ વ્રણમાં કીડા પડયા હોય તો લસોટેલા લસણનો લેપ કરવાથી કીડા મરી જઈને ઘાની વિકૃતિ અટકીને રૂઝ આવવા લાગે છે. રૂઝાતા ભાગ ઉપર લસણ નાખીને કકડાવેલું તલનું તેલ લગાડવું. આ તેલનાં ટીપાં વડે કાનનો દુખાવો મટે છે એ તો ઘરઘર જાણીતું છે. દાદર ઉપર પણ લસોટીને લગાડેલું લસણ લગાડાય છે. એથી બળતરા થશે, પણ દાદર મટી જશે.

શરદી અને બેશુદ્ધિમાં કે નાડી મંદ પડતી હોય ત્યારે શરીરમાં ગરમી લાવવા લસણ અને રાઈને વાટીને પગના તળિયે લેપ કરવો. દર્દી જ્યારે બળતરા અનુભવવા લાગે ત્યારે તે લેપ કાઢી નાખવો.

કૂતરાં કરડે તો તુરત ઘા પર લસણ વાટીને લગાડી દેવું. આ ઉપરાંત બએક તોલા લસણની કળિઓ છૂંદીને અર્ધો શેર પાણીમાં, તે ચોથા ભાગનું રહે ત્યાં સુધી ઉકાળવી અને પછી વધેલું પાણી ગાળીને પીવડાવવું. આ ઉપરાંત થોડા દિવસ આહારમાં પણ લસણનો વિશેષ ઉપયોગ કરવો. (કૂતરું હડકાયું હોય તો એને માટેની દાક્તરી સારવાર જ લેવી.)

મૂર્છામાં લસણ અને ડૂંગળીને પીસીને કાઢેલા રસનાં બએક ટીપાં દર્દીના નાકમાં પાડવાં. હિસ્ટીરિયાના દર્દીએ લસણને લસોટીને એનાથી ચાર ગણા દૂધ તથા દૂધથી બે ગણા પાણીમાં ઉકાળવું. પાણી બળી જાય પછી એ દૂધ દર્દીને પાવું. સ્ત્રીઓના કમરના દુઃખાવામાં પણ લસણનું નિત્ય સેવન લાભકારી બને છે. અતિવૃદ્ધ, સૂતિકા, ગર્ભિણી, નાનું બાળક, કમળાના દર્દી અને ગળા તથા મુખના વ્યાધિવાળાઓ માટે લસણનો ઉપયોગ બહુ વિવેકપૂર્વક કરવો જોઈએ. (સંકલિત)

	ચલણ	નોટોની સંખ્યા	કુલ રકમ રૂ.	કુલ ચલણના ટકા
ચલણમાંથી રદ	૧૦,૦૦૦	૧,૨૬૦	૧,૨૬,૦૦,૦૦૦	૦·૦૧૭૬%
	૫,૦૦૦	૪૫,૯૦૦	૨૨,૯૦,૦૦,૦૦૦	૦·૩૨%
	૧,૦૦૦	૮,૭૯,૧૭૦	૮૭,૯૧,૦૦,૦૦૦	૧·૨૩%
	કુલ રદ થયેલું ચલણ રૂ.		૧૧૨,૦૭,૦૦,૦૦૦	૧·૫૬૮૭%
ચલણમાં ચાલુ	૧૦૦	૩૪,૨૨,૦૦,૦૦૦	૩૪,૨૨,૦૦,૦૦,૦૦૦	૪૭·૯%
	૫૦	૧૭૧,૪૫,૬૦૦	૮૫,૭૨,૮૦,૦૦૦	૧·૨%
	૨૦	૨૧,૦૭,૪૮,૦૦૦	૪,૨૧,૪૯,૬૦,૦૦૦	૫·૯%
	૧૦	૧,૮૮,૦૦,૦૦,૦૦૦	૧૮,૮૦,૦૦,૦૦,૦૦૦	૨૬·૩%
	૫	૧,૦૫,૭૩,૧૨,૦૦૦	૫,૨૮,૬૫,૬૦,૦૦૦	૭·૪%
	૨	૫૭,૧૫,૨૦,૦૦૦	૧,૧૪,૩૦,૪૦,૦૦૦	૧·૬%
	૧	૩,૪૨,૯૧,૨૦,૦૦૦	૩,૪૨,૯૧,૨૦,૦૦૦	૪·૮%
	અન્ય સિક્કાઓ	——	૨,૨૧,૪૬,૪૦,૦૦૦	૩·૧%

● માર્ચ ૧૯૭૬ના રીઝર્વબેન્કની વિગત મુજબ

ભારે કિંમતની ચલણી નોટો રદ થયા પછી ભારતીય ચલણની સ્થિતિ.

ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરવી એ 'ખૂન' જેવો અપરાધ છે.

સાર્વજનિક વેચાણ માટેની ખાદ્યસામગ્રીમાં ભેળસેળ કરનાર શખ્સ જબરો નફો તો કમાય છે, એટલું જ નહિ, પણ તે **મહા અપરાધ પણ કરે છે.**

એ **અપરાધ** છે તમારા આરોગ્યને નુકસાન પહોંચાડવાનો. સરસિયા કે તલના તેલમાં ખનિજ તેલ ભેળવી દેવામાં આવે અને એવું તેલ વાપરવામાં આવે તો તેનાથી અંધાપો આવી શકે છે અથવા હૃદયરોગ થઈ શકે છે. પૈસા ખર્ચીને કોણ એ આફત નોતરે છે? —**તમે**

લાકડાંનો વહેર ભેળવેલી મરચાંની ભૂકી ખાવાથી કોને નુકસાન થાય છે? —**તમને**

દૂધમાં ગંદુ પાણી નાખીને તમને આપવામાં આવે તો કોની તબિયત જોખમાય છે? —**તમારાં બાળકોની**

ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ ડામવી જોઈએ.

આવા ગુનેગારોને પકડવા માટે આ પ્રમાણે કરી શકાય:

(૧) ખાદ્ય પદાર્થની ચકાસણી
(આવી ચકાસણી તમે જાતે જ ઘેર પણ કરી શકો છો.)

(૨) ખાદ્ય વિભાગના ઇન્સ્પેક્ટરો અને સફાઈ / સ્વાસ્થ્ય ઇન્સ્પેક્ટરોને જાણ કરો. તેઓ તમને મદદ કરશે.

(૩) ખાદ્ય પદાર્થોની પ્રયોગશાળામાં ચકાસણી.
(તેને માટે થોડો ખર્ચ થાય છે.)


સજા

ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનાર ગુનેગારોને વધુ કડક સજા (જન્મટીપ પણ) થઈ શકે એ માટે ખાદ્ય સામગ્રી ભેળસેળ-નિવારણ ધારામાં સુધારો કરવામાં આવ્યો છે.
આ બધી જોગવાઈઓનો નાગરિકે પૂરો લાભ લેવો જોઈએ.
અપરાધી વિરુદ્ધ ફરિયાદ કરો.

ગુનેગારને સજા થશે જ.

ખાદ્ય પદાર્થનું નામ	ભેળસેળ માટે વપરાતી સામગ્રી	ભેળસેળની ચકાસણીની સાદી વિધિ
ઘી/માખણ	વનસ્પતિ	* એકાદ ચમચી વીઘારેલું ઘી એટલા જ પ્રમાણમાં હાઇડ્રૉક્લૉરિક ઍસિડ સાથે એક ટેસ્ટ ટ્યુબમાં લો. તેમાં શેરડીમાંથી બનેલી એક ચપટી ખાંડ નાખો. એકાદ મિનિટ સુધી તેને હલાવો અને ત્યાર પછી પાંચેક મિનિટ સુધી તેને સ્થિર રહેવા દો. ટ્યુબના નીચલા ભાગમાં કિરમજી રંગ દેખાય તો પુરવાર થશે કે ઘી કે માખણમાં વનસ્પતિ ભેળવેલું છે.
દૂધ	પાણી	* દૂધ તપાસવાના યંત્ર (લૅક્ટોમીટર)માં ૧·૦૨૬ કરતાં ઓછો આંક ન આવવો જોઈએ.
		* દૂધની બરણીમાંથી દૂધનું ટીપું ચળકતી લીસી સપાટી ઉપર મૂકો. જો એ ટીપું ધીરે ધીરે સરી જાય અને તેનો સફેદ ડાઘ રહી જાય અથવા જો તે સ્થિર જ રહે તો દૂધમાં કશી મિલાવટ નથી એમ માનવું. જો દૂધમાં ભેળસેળ હશે તો એ ટીપું તુરત જ દડી પડશે અને તેનો કશો ડાઘ પણ જોવા નહિ મળે.
	સ્ટાર્ચ	* થોડાં દૂધમાં આયોડિન ટિંકચર નાખો. જો તેમાં વાદળી રંગ દેખાય તો દૂધમાં સ્ટાર્ચ ભેળવેલો હોવાનું માની શકાય.
ખાદ્ય તેલ	આર્ગેમોન તેલ	* ખાદ્ય તેલનો નમૂનો લઈને તેમાં જલદ નાઇટ્રિક ઍસિડ ઉમેરો અને એ મિશ્રણને બરાબર હલાવો. ઍસિડમાં લાલ અથવા ઘેરો ભૂરો રગ દેખાય તો તેલમાં આર્ગેમોન ભેળવેલું છે એમ માનવું.
	ખનિજ તેલ	* બે મિલિલીટર ખાદ્ય તેલમાં એટલું જ એન/૨ આલ્કોહૉલિક પોટાશનું મિશ્રણ કરો. એ બંનેને પંદરેક મિનિટ સુધી ઊકળતા પાણીમાં ગરમ કરો. તેમાં દસ મિલિલીટર પાણી ઉમેરો. જો એ પાણી ડહોળું યા ઘટ્ટ થઈ જાય તો તેમાં ખનિજ તેલની મિલાવટ થઈ છે એમ માનવું.
	એરંડિયું	* થોડું તેલ પેટ્રોલિયમમાં અથવા ટેસ્ટ ટ્યુબમાં ઉમેરો. બરફ અને મીઠાના મિશ્રણમાં તેને ઠંડું પડવા દો. જો પાંચેક મિનિટમાં તેલ ઘટ્ટ યા ડહોળું થઈ જાય તો તેમાં એરંડિયું ભેળવેલું છે એમ માનવું.
મીઠાઈ આઇસ્ક્રીમ શરબત	મેટાનીલ યલો (ન વાપરી શકાય એવી કોલ-ટાર ડાઈ)	* જલદ હાઇડ્રૉક્લૉરિક ઍસિડનાં થોડાં ટીપાં ઉમેરો. જો તેમાં કિરમજી રંગ દેખાય તો 'મેટાનીલ યલોની'ની તેમાં મિલાવટ હોવાનું માનવું.
હળદર	મેટાનીલ યલો	* એકાદ ચમચી હળદરની ભૂકી એક ટેસ્ટ ટ્યુબમાં લો. તેમાં જલદ હાઇડ્રૉક્લૉરિક ઍસિડનાં થોડાં ટીપાં નાખો. તેમાં તુરત જ ભૂરો રંગ દેખાશે. ટ્યુબમાં થોડું પાણી નાખતાંની સાથે જ એ રંગ ચાલ્યો જાય તો હળદર શુદ્ધ હોવાની ખાત્રી થાય છે. જો 'મેટાનીલ યલો'ની તેમાં મિલાવટ કરવામાં આવી હશે તો એ રંગ નહિ જાય.

DAVP 77/559



આકાશદર્શન

હાલમાં આકાશગંગા વાયવ્યથી અગ્નિ તરફ ફેલાએલી જોવા મળે છે. એના પશ્ચિમ કાંઠે મધ્યાકાશે મૃગમંડળનો પરિચય આપણે કર્યો. હવે એની નજીકનાં બીજા તારામડળો જોઈએ. સાથેના નકશાને આધારે જોશો તો મૃગશીર્ષની ઉત્તરે 'અગ્નિ' (El Nath) ચળકતો દેખાશે.

અગ્નિનું સ્થાન વૃષભ રાશિમાં છે, પણ 'બ્રહ્મમંડળ' સાથે યે એ જોડાએલો છે. બ્રહ્મમંડળને પશ્ચિમમાં ઓરિગા (Auriga) કહે છે. ઓરિગા રાજા હતો. એણે રથની શોધ કરેલી એ પરથી એને 'રથી'-the charioteer પણ કહે છે. આથી બ્રહ્મમંડળનું બીજું નામ 'રથી તારામંડળ' છે. ઓરિગાના રથને બકરા જોડાતા. બ્રહ્મમંડળમાં અથવા રથી મંડળમાં 'બ્રહ્મહૃદય' તારાને પશ્ચિમમાં કૅપેલ્લા (Capella) કહે છે. કૅપેલ્લા એટલે બકરી. એની બાજુમાં જ એનાં લાવરાં (બચ્ચાં) જેવા ત્રણ નાના તારાનો એક ત્રિકોણ રચાયો છે. આ તારાઓ સામાન્ય લાગે છે, પણ તેમાંના બે 'च-રથી' (Epsilon Aurigrae) અને 'छ-રથી' (Sadotoni) અતિ વિરાટ રૂપવિકારી તારાઓ છે. च-રથી યુગ્મ તારો છે. એ બેમાંનો નાનો સાથી તારો સૂર્ય કરતાં ૨૦૦ ગણો વ્યાસ અને ૪૦ ગણું દળ ધરાવે છે. વળી, સૂર્ય કરતાં એ ૬૦૦૦ ગણો તેજસ્વી છે. એનો સાથી મોટો તારો તો સૂર્ય કરતાં ૮ અબજ ગણો મોટો છે, પણ એનું ઉષ્ણતામાન માત્ર ૧૨૦૦ અંશ સેન્ટીગ્રેડ હોઈ એ ઠંડો તારો છે.

બીજો छ-રથી પણ યુગ્મ તારો છે. બંને સાથી એકબીજાથી ભિન્ન છે: એક સૂર્ય કરતાં ૯ ગણા દળવાળો અને સાડાત્રણ ગણા વ્યાસવાળો છે, તો બીજો સૂર્ય કરતાં ૨૦૦ ગણો વ્યાસ ધરાવતો અતિ વિરાટ તારો છે.

બ્રહ્મહૃદય–કૅપેલ્લા આકાશમાં સૌથી વધુ ઉત્તરે આવેલો આ પ્રથમ વર્ગનો પીતવર્ણી તેજસ્વી તારો છે. હકીકતે એ ત્રણ તારાનો બહુલ તારો છે. આ ત્રણે સાથીદારો સૂર્ય-પૃથ્વી જેટલા અંતરે છે. સૂર્યના પ્રકારનો બ્રહ્મહૃદય સૂર્ય કરતાં ૧૩૦ ગણો તેજસ્વી છે. આપણાથી એ ૪૭ પ્રકાશવર્ષ દૂર છે ને પળેપળે અતિ ઝડપે એ વધુ ને વધુ દૂર જઈ રહ્યો છે.

'ગાલવ' (Menkalinan) અને 'પ્રજાપતિ' (Theta Aurigae) એ બ્રહ્મમંડળના બીજા બે તેજસ્વી તારા છે. એમાંનાં ગાલવ બે સરખા કદના સાથીઓવાળો યુગ્મતારક છે. બ્રહ્મમંડળમાં 'મે ૩૭' ને 'મે-૩૮'ની સંજ્ઞાવાળા બે તારાગુચ્છો છે. બંને આપણાથી લગભગ ૪૨૦૦ પ્ર. વ. જેટલાં દૂર છે ને બંનેમાં લગભગ સોસો જેટલા છૂટાછવાયા તારાઓ છે.' 'મે-૧'ની સંજ્ઞાથી ઓળખાતી એક વિખ્યાત નિહારિકા પણ નજીકમાં જ છે. ખગોળશાસ્ત્રીઓએ સૌ પ્રથમ આ નિહારિકાનું દર્શન કરેલું. એટલે મેસીઅરે એને પહેલો ક્રમાંક આપ્યો છે. જો કે છેક ૧૧મી સદીમાં ચીની ખગોળશાસ્ત્રીઓએ એ સ્થાને એક પ્રચંડ વિસ્ફોટ જોયાનું નોંધેલું છે. નિષ્ણાતોએ ગણતરી કરી છે કે દર સેકંડે ૭૦૦ માઈલની ઝડપે આ નિહારિકા હજી યે ચોપાસ વિસ્તરી રહી છે, એટલે હજી એનો કોઈ સ્પષ્ટ આકાર ઘડાયો નથી, પણ દૂરબીનમાંથી દેખાતા એનું વાયુરૂપ દળ કર્ક આકાર જેવું લાગતું હોઈ એને 'કર્ક નિહારિકા' પણ કહે છે.

બીજું તારામંડળ આકાશગંગામાં પગ ઝબોળીને ઊભેલા 'મિથુન'નું છે. આ મિથુન–પુરુષ અને પ્રકૃતિની જોડના મસ્તકનાં સ્થાને 'પુરુષ' અને 'પ્રકૃતિ' નામના બે મુખ્ય તેજસ્વી તારા છે. બંનેમાં પુરુષ વધુ તેજસ્વી દેખાય છે, તો પ્રકૃતિ ત્રણ તારાનો બનેલો છે, અને એ ત્રણે તારા પણ યુગ્મતારા હોઈ કુલ છ તારાનું જૂથ પ્રકૃતિમાં છે. પ્રકૃતિના પગ પાસે સૂર્ય આર્દ્રા નક્ષત્રમાં પ્રવેશ પામી એના દક્ષિણાયનનો આરંભ થાય છે. નજીકમાં 'મે-૩૫' સંજ્ઞાવાળું એક સુંદર તારાગુચ્છ છે. 'યુરેનસ' ગ્રહનું પ્રથમ દર્શન પણ આ પ્રકૃતિના પગ પાસે જ થએલું, જ્યારે ઈ. ૧૯૩૦માં 'પુરુષ'ના કટિપ્રદેશ પાસે 'પ્લૂટો' ગ્રહનું પ્રથમ દર્શન થએલું.

એક ગ્રીક કથા છે કે અધિદેવ ઝીઅસના બે પુત્રો કૅસ્ટર ને પોલુક્સ વચ્ચે અત્યંત ભ્રાતૃભાવ હતો. એમના એ પ્રેમભાવથી પ્રસન્ન થઈ ઝીઅસે એમને નક્ષત્રમંડળમાં સ્થાન આપ્યું. 'મિથુન'માં આપણે જેમ પુરુષ-પ્રકૃતિની જોડ કલ્પી છે તેમ પશ્ચિમમાં આ તારામંડળ (Gemini)માં એ બે ભાઈઓની જોડી કલ્પી છે. એમાં પુરુષ એ પોલુક્સ (Pollux) અને પ્રકૃતિ એ કૅસ્ટર (Castor). આ બંને મુષ્ઠીયુદ્ધમાં નિષ્ણાત હતા. રોમના ચાંદીના પ્રાચીનતમ સિક્કાઓ ઉપર તેઓ અંકિત થએલા છે.

આકાશમાં જો 'મૃગ' છે તો તેની પાછળ પારધી–'વ્યાધ' (Sirius) પણ છે જ. શિકારી 'ઓરાયન'ના સાથી 'શ્વાન' (Canis major) તરીકે ઓળખાતા તારામંડળનો એ મુખ્ય તારો છે અને આકાશમાં બધા જ તારાઓમાં સૌથી વધુ તેજસ્વી દેખાય છે. દૂરબીનમાંથી એનો વિવિધરંગી તેજ ફુવાર જોવો એ અનોખો લહાવો છે. વ્યાધ પણ યુગ્મ તારો છે. એ બેમાંનો મોટો તારો નાના કરતાં ૧૦,૦૦૦ ગણો અને ઝાંખામાં ઝાંખા દેખાતા તારા કરતાં ૧૦૦૦ ગણો તેજસ્વી છે. પણ એનો નાનો સાથી અતિઘટ્ટ દળવાળો છે. પાણી કરતાં એનું ઘટત્વ ૫૦,૦૦૦ ગણું છે.

શ્વાનની સાથે 'શુની' (કૂતરી–Canis Minor) નામનું એક નાનકડું તારામંડળ પણ છે. એના મુખ્ય બે જ તારા દેખાય છે: 'પ્રભાસ'(Procyon) અને 'જલાક્ષી (Gomeisa). 'પ્રભાસ' ઘણો તેજસ્વી છે. આકાશમાં 'શ્વાન' પહેલાં એનો ઉદય દેખાતો હોઈ એને 'પ્રશ્વા' પણ કહે છે. સૂર્ય કરતાં સાડા છ ગણો તેજસ્વી 'પ્રભાસ' પણ યુગ્મ તારો છે. એનો નાનો સાથી કદમાં લગભગ પૃથ્વી જેવડો જ છે અને પોતાના મોટા સાથી કરતાં એનું તેજ ૧૫૦૦૦મા ભાગનું જ છે. પણ એનું ઘટત્વ વ્યાધના સાથી કરતાં વધારે–પાણી કરતાં ૧૦ લાખ ગણું છે. –બિ. ટાંક

આ માસ (માર્ચ) ઇતિહાસમાં

તા. ૩/૭૮ શાલિવાહન શકનો પ્રારંભ થયો. મહારાષ્ટ્રમાં પૈઠણ ગામમાં એક કુંભારને ત્યાં એનો ઉછેર થએલો. કહે છે કે ઉજ્જયિનીના રાજા વિક્રમાદિત્યને હરાવીને એણે નર્મદાની દક્ષિણનો પ્રદેશ પોતાનો કરેલો. શક લોકોનો પણ એણે પરાભવ કરી એમને હાંકી કાઢેલા ને ત્યારથી શક સંવતનો આરંભ થયો. દક્ષિણ ભારતમાં આ સંવત વિશેષ પ્રચલિત રહ્યો છે.

તા. ૪/૧૮૮૨ દુનિયામાં પહેલીવાર વીજળીથી ચાલતી ટ્રામગાડીઓનો વ્યવહાર શરૂ થયો.

તા. ૭/૧૮૪૯ ઉત્તમોત્તમ બટાટા, નાના ઠળિયાવાળાં મોટાં બોર, કાંટા વિનાના ખાદ્ય થોર, ટચૂકડાં ફૂલોનું હથેળી જેવડા કદમાં રૂપાંતર, પાતળી છાલનાં ફળોને પક્ષીઓથી રક્ષવા એની છાલને કઠણ બનાવવી વગેરે જેવા હજારો પ્રયોગો કરીને વનસ્પતિ, શાકભાજી ને ફળફૂલની અનેક નવી જાત ઉપજાવનાર લ્યૂથર બુરબૅંકનો માસાચ્યુસેટ્સના લૅંકેસ્ટર ગામમાં જન્મ.

તા. ૧૦/૧૯૫૨ પીંપરીમાં ભારતનું પ્રથમ પેનિસિલિનનું કારખાનું ખુલ્લું મુકાયું.

તા. ૧૧/૧૭૦૨ દુનિયાનું સૌ પ્રથમ અંગ્રેજી સમાચારપત્ર 'ડેઈલી કરન્ટ' પ્રસિદ્ધ થયું.

તા. ૧૩/૧૭૮૧ સર વિલિયમ હર્ષેલે 'યુરેનસ' ગ્રહની શોધ કરી. ઈ. ૧૯૩૦માં આ જ માસની ૧૪મી તારીખે સૂર્યમાળાના સૌથી દૂરના ગ્રહ 'પ્લૂટો'ની શોધ થએલી.

તા. ૧૫/ઈ. પૂર્વે ૪૪ જુલીઅસ સીઝરનું ખૂન થયું.

વ્યક્તિવિશેષ

તા. ૧૬/૧૮૭૭ આ માસમાં જેમની જન્મ શતાબ્દી નિમિત્તે ભારતના ટપાલખાતાએ ખાસ ટપાલટિકિટ બહાર પાડી એ, ગુજરાતના કવિવર નાનાલાલ દલપતરામનો જન્મ વઢવાણમાં થએલો. ગુજરાતના અગ્રયાયી લોકપ્રિય અને પીઢ સુધારક કવિ દલપતરામના એ ચોથા પુત્ર. અમદાવાદમાં પ્રાથમિક અને માધ્યમિક કેળવણી દરમિયાન પોતાનાં તોફાનોથી વડીલોને ખૂબ પજવેલા એટલે થોડો સમય મોરબીમાં સ્વ. પ્રો. કાશીરામ દવે પાસે રાખવામાં આવેલા. ત્યાં ગુરુપ્રભાવે એમનામાં ઘણો પલટો આવ્યો. ઈ. ૧૯૦૧માં સાદરાની સ્કૉટ કૉલેજમાં હેડ માસ્ટર, ૧૯૦૪માં રાજકોટની રાજકુમાર કૉલેજમાં પ્રોફેસર, રાજકોટ રાજ્યના સરન્યાયાધીશ અને રાજકુમાર કૉલેજના વાઈસપ્રિન્સિપલ તરીકે કામ કર્યા પછી ઈ. ૧૯૨૧માં રાષ્ટ્રીય ચળવળોથી પ્રેરાઈ નોકરી છોડી દઈ એમણે અખંડ સાહિત્યોપાસના આદરેલી.



પોતાની આગવી ને અભિનવ ડોલન શૈલીમાં 'વસંતોત્સવ' દ્વારા એમણે સાહિત્યરચનાનો આરંભ કરેલો. સોએક જેટલી કૃતિઓમાં પથરાએલી એમની સર્વગામી લેખિનીના પ્રસારે ગુજરાતી સાહિત્યમાં એક યુગ રચ્યો હતો. જાણીતાં લોકગીતોના જૂના ઢાળમાં નવો રસ પૂરી એમણે રચેલા રાસ, પ્રગાઢ કાવ્યતત્ત્વ ભરેલાં છંદોબદ્ધ કાવ્યો, 'ઉષા' ને 'સારથિ' નામની નવલકથાઓ, 'જયા-જયંત', 'ઈન્દુકુમાર', 'ગોપિકા', 'જહાંગીર-નૂરજહાં', 'શહેનશાહ અકબરશા' વગેરે ડોલન શૈલીમય નાટકો, 'સાહિત્યમંથન', 'ઉદ્‌બોધન', 'સંસારમંથન' આદિ ગદ્ય ગ્રંથો, 'કવીશ્વર દલપતરામ' આદિ ચરિત્રો અને 'કુરુક્ષેત્ર' તથા 'હરિસંહિતા' જેવી પ્રલંબ કાવ્યરચનાઓ દ્વારા સાહિત્યક્ષેત્રે એમણે ઉલ્લાસ, ભવ્યતા ને ભાવનાના પ્રાબલ્યવાળી એક અનોખી સૃષ્ટિ રચી હતી.

ઈ. ૧૯૪૬ની ૯મી જાન્યુઆરીએ એમનું અવસાન થયું.

તા. ૧૮/૧૮૯૧ લંડન અને પારી(સ) વચ્ચે ટેલિફોન-વ્યવહારનો પ્રારંભ થયો.

તા. ૧૯/૧૯૫૨ એશિયાભરમાં અજોડ એવી ભારતની નવી ટંકશાળનું અલીપોર (કલકત્તા)-માં એ સમયના અર્થસચિવ દેશમુખના હસ્તે ઉદ્‌ઘાટન.

પ્રસંગવિશેષ

તા. ૨૩/૧૯૩૧ ક્રાંતિવીર ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને ફાંસી. ઈ. ૧૯૨૯ની ૮મી એપ્રિલે દિલ્હીમાં મળેલી ધારાસભામાં બૉંબ-ધડાકા કરીને સામે ચાલીને પકડાઈ ગએલા ભગતસિંહ પર ચાલેલા કેસમાં તાજના સાક્ષી બની ગએલા કેટલાક સાક્ષીઓની જુબાની પરથી, લાલા લજપતરાય પર થએલા લાઠીમારથી થએલા એમના અવસાનના પ્રત્યાઘાત રૂપે અંગ્રેજ પોલીસ અમલદાર સૅાન્ડર્સનના ખૂનનો આરોપ પણ સાબિત થતાં એમને ફાંસીની સજા થઈ.



મહેશે સાકરનો ગાંગડો મોંમાં મૂક્યો કે તરત મગન બોલ્યો, 'હવે તું મરી જવાનો!'

'કેમ?' મહેશે ગભરાટથી પૂછ્યું.

'કહેવાય છે કે ગધેડો સાકર ખાય તો મરી જાય.'

ℴ

ફોટો સ્ટૂડિયોના માણસે ગ્રાહકને પોતાની ક્ષમતા દર્શાવતાં કહ્યું: 'અદ્દલોઅદ્દલ અસલ કદનાં એન્લાર્જમેન્ટ કરી આપવાં એ અમારી સ્પેશિયાલિટી છે.'

'એમ?' એટલું કહીને એક ટચુકડો ફોટોગ્રાફ તેને આપતાં ગ્રાહકે કહ્યું: 'તો લ્યો, આ માઉન્ટ એવરેસ્ટના ફોટોગ્રાફનું એવડું એન્લાર્જમેન્ટ કરી આપશો?'

ℴ

દુકાનદાર (પોતાની પત્નીને): સામેની દુકાનેથી હમણાં કાંઈ ખરીદતી નહિ.

'કેમ?' પત્નીએ પૂછ્યું.

'એ આપણાં ત્રાજવાં ઉછીનાં લઈ ગયો છે.'

ℴ

એક વક્તા ઉત્તેજક વ્યાખ્યાન કરતાં કરતાં એક પ્રેરક વાક્ય આગળ અટક્યા: આ દુનિયામાં અશક્ય જેવી કોઈ વસ્તુ નથી—બધું જ શક્ય છે.'

ત્યાં પાછળથી એક નંગ બોલી ઊઠ્યો: 'સાબુની ગોટી ઉપર દીવાસળી ઘસીને સળગાવી જોઈ છે?'



(જનસત્તામાં 'શિવ')